# અહલે સુન્નત વ જમાઅત
## યા'ને
## મરકઝે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At. Dayadara Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ
(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧–ઓગસ્ટ–૨૦૦૬**

**રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ**

**હિજરી સન : ૧૪૨૭**

**વર્ષ : ૦૩ અંક : ૦૮, સળંગ અંક : ૩૨**



**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફૈઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ :

Email ID : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦–૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦–૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15–00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦–૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦–૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150–00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250–00 |

**મન્કબત દર શાને ખ્વાજાએ હિંદ** رحمۃ اللہ علیہ

## સારા હિંદુસ્તાન તુમ્હારા યા ખ્વાજા !

દિલ્હી રાજસ્થાન તુમ્હારા યા ખ્વાજા !
સારા હિંદુસ્તાન તુમ્હારા યા ખ્વાજા !
હિંદ મેં નવ્વે લાખ કો કલ્મા પઢવાયા
હમ પર હૈ એહસાન તુમ્હારા યા ખ્વાજા !
સારા અનાસાગર કુજેમેં ભર આયા
સુનતે હી ફર્માન તુમ્હારા યા ખ્વાજા
આપ પે હૈ ફયૂઝાન જનાબે ઉષ્માં કા
હમ પર હૈ ફયૂઝાન તુમ્હારા યા ખ્વાજા !
ફયૂઝે મદીના મિલતા હૈ અજમેર સે હી
રોઝા હૈ ઝી શાન તુમ્હારા યા ખ્વાજા !
રહે સલામત 'સુન્ની દા'વતે ઈસ્લામી'
યહ તો હૈ ફયૂઝાન તુમ્હારા યા ખ્વાજા !
ઈન દોનોં પર ખાસ કરમ તુમ ફર્માના
'શાકિર' ઔર 'રિઝવાન' તુમ્હારા યા ખ્વાજા !
**'સૈયદ'** કો તયબહ કી ગલિયાં દિખલા દો
હૈ અદના દરબાન તુમ્હારા યા ખ્વાજા !


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**




થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ-દયાદરા ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

**બરકાતે ખ્વાજા (માસિક) ઓગસ્ટ-૨૦૦૬**

★ વર્ષ : 03 ★ અંક : ૦૮ ★ સળંગ અંક : ૩૨


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : ૨<br>**સુન્નિયતને કમજોર કરી રહેલા પરિબળો અને તેનો ઈલાજ** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૪ |
| ૦૪. | વ્યાજખોરીથી બચો ! | **કાર્યાલય** | ૧૫ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૬ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૮ |
| ૦૭. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૯ |
| ૦૮. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાનાબેન પટેલ–દયાદરા | ૨૧ |
| ૦૯. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૩ |
| ૧૦. | નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૨૬ |
| ૧૧. | ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ | **અઝ** : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૨૮ |
| ૧૨. | કાસિમી દેવબંદી મોલ્વીઓના દુનિયાને ઊંધા ચશ્મા !! | **કાર્યાલય** | ૩૪ |
| ૧૩. | મનઘડત તથા બનાવટી રિવાયતો | **રજૂકર્તા** :મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા | ૩૫ |
| ૧૪. | હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ નો માનવ પ્રેમ | **રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** | ૩૮ |
| ૧૫. | માનવ પિતા : પ્રથમ માનવ હઝરત આદમ علیہ السلامની પૈદાઈશ | **રજૂ.** જનાબ હાફેઝ કારી ઈરફાન નમાઝી–દયાદરા | ૪૩ |
| ૧૬. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા મોહ્યુદ્દીન–હલદરવા | ૪૫ |
| ૧૭. | શું ફત્વો છે દેવબંદી મુફતીઓનો ?.... | **કાર્યાલય** | ૪૭ |
| ૧૮. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૮ |

तंत्री लेख नं : २

# સુન્નિયતને કમજોર કરી રહેલા પરિબળો અને તેનો ઈલાજ

આગળના લેખમાં આપણે જોઈ ગયા કે વહાબી ગુસ્તાખે રસૂલ સાથે છોકરો કે છોકરી કોઈના નિકાહ થતા નથી. એમાં એક અતિ ગંભીર બાબત એ પણ છે કે જો કોઈ સુન્નીએ પોતાનો પુત્ર કે પુત્રી બદ્અકીદાને પરણાવી અને એવું સમજીને કે તેઓ ગુસ્તાખે રસૂલ કાફિર જ છે તો નિકાહ થયા નથી એ તો પોતે પણ સમજી શકે છે, **એટલે સ્વૈચ્છીક રીતે પોતાની ઔલાદને ઝિનાકારીમાં ફેંકવું થયું જે મહાન ગુનોહ છે,** અને ઉપરથી તેના તથા પોતાના ઈમાનને આ સગાઈ સંબંધને કારણે ખતરો તો ઉભો જ છે ! અને **જો તેમને મુસલમાન સમજીને પરણાવે છે તો તે પોતે જ કાફિર થઈ જશે ! ત્રીજો કોઈ વિકલ્પ આ સંબંધમાં છે જ નથી !** છતાં લોકો વહાબીઓને ત્યાં શાદી વહેવાર કરતા જ જાય છે, તેઓ પોતાની જાતને ખુદાનો ખૌફ રાખીને સવાલ કરે કે તેઓ કેટલું ભયાનક કૃત્ય કરી રહ્યા છે ! ઈલેક્ટ્રીકનો વાયર ખુલ્લો જતો હોય તો તેનાથી સૌ દૂર રહેશે, કારણ કે ત્યાં મૌતનો ખતરો છે ! પણ આ સંબંધો એનાથીયે ખતરનાક છે કે અહીં ઈમાનનો જનાઝો નીકળી રહ્યો છે અને આખેરતની આગ સ્વાગત માટે તત્પર બને છે ! છતાં આપણા ભાઈ બહેનો નચિંત છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને સાચી સમજ તથા નેક હિદાયત આપે. આમીન. છેવટમાં, વહાબીને ત્યાં શાદીમાં કે તેના ઘરે દાવત ખાવામાં તેમનું ઝબહ કરેલ તથા રાંધેલ મુરદારના હુકમમાં છે તે વિશેનો ઉલમાનો ફત્વો રજૂ કરી દઉં જેથી લોકો વાતની ગંભીરતાને લક્ષમાં લઈ મુરદાર ખાવાથી બચે, અને આ બાબતે કોઈને કોઈ શંકા હોય તો દૂર થઈ જાય.

## એક અગત્યનો મસ્અલો

## વહાબીનું ઝબહ કરેલુ તથા રાંધેલુ માંસ મુરદાર છે !

શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે જે લોકો રસૂલુલ્લાહ ﷺની તૌહીન કિતાબોમાં લખી ગયા, તેમના તથા તેમના માનવાવાળા અથવા તેમના ચાહવાવાળાઓમાંથી જો કોઈએ અહલે સુન્નત વ જમાઅતને દા'વત આપી તો અહલે સુન્નતે ખાઈ લીધું. પરંતુ પોતાના દિલમાં તેને કાફિર સમજે છે, અને તેમની પાછળ કોઈ નમાઝ પણ નથી પઢતો. તો મૌલાના સાહબ ! આવું સમજતો હોવા છતાં જે ખાવા ખાઈ લીધું તો તે તેના માટે હલાલ છે કે હરામ છે ? જો હરામ છે તો શું દલીલ છે ? શરીઅતની રૂએ હનફી મઝહબમાં ફત્વો કોના પર છે, હલાલ પર છે કે હરામ પર ?

**જવાબ** : બદ્મઝહબોના બારામાં હદીષ છે : (અર્થ) : "પોતાને એમનાથી દૂર રાખો, તેમને તમારાથી દૂર કરો, ક્યાંક એવું ન બને કે તમને ગુમરાહ કરી દે, તમને ફિત્નામાં નાખી દે.'' બીજી હદીષ છે : "તેમની સાથે ન ખાવ ન તેમની સાથે ન પાણી પીઓ." કુર્આન મજીદમાં ઈર્શાદ થયો કે, "જો

શૈતાન ભૂલાવી દે તો યાદ આવતાં જાલિમોની સાથે ન બેસ." આ એ બદ્મઝહબોનો હુકમ છે જેમની બદ્મઝહબી કુફ્રની હદ સુધી ન પહોંચી હોય, કે એમની સાથે મેલજોલ, સાથે ખાવા પીવાનું છોડી દે અને આ સવાલમાં જેનું વર્ણન થયેલ છે તે કતઅન યકીનન ! કાફિર મુર્તદ છે, એમની સાથે એથીયે વિશેષ બચવાનો હુકમ છે. રહ્યું ખાવા પીવાનું ! એના સંબંધે એ સ્પષ્ટતા છે કે જ્યારે તે **(વહાબી) મુર્તદ છે તો તેમના હાથનું ઝબીહા (ઝબહ કરેલ) મુરદાર છે.** જો જાનવર તેણે ઝબહ કર્યું છે અથવા તેના જેવા (વહાબી) ખયાલવાળા કોઈ અન્ય મુર્તદે તો તે તદ્દન **હરામ** તથા **મુરદાર** છે. અને જો **(સુન્ની) મુસલમાનનું ઝબહ કરેલ** છે અને શરૂથી અંત સુધી એટલે કે (રંધાય ત્યારથી) ખાતા સુધી સતત મુસલમાન (સુન્ની)ની નજરો સમક્ષ રહ્યું તો તે ગોશ્ત હરામ નથી મુરદાર નથી, અને **જો મુસ્લિમ (સુન્ની)ની નજરથી અદશ્ય થઈ ગયું** (સહેજ મોઢું ફેરવશે તો પણ) જેમ કે તે (વહાબી)ના ઘરમાં ગયું અને ત્યાંથી રંધાયને આવ્યું તો હવે **"મુરદાર"** છે. અને ગોશ્ત સિવાયની બાકી ચીજો હલાલ છે, પણ તેના ત્યાં ખાવું હદીષ તથા આયતની વિરૂધ્ધ છે એટલે કે **એ કૃત્ય નાજાઈઝ** છે. વહુવ અઅ્લમ. *(હવાલો : ફતાવા અમજદિયા, ભાગ–૪, પેજ : ૧૫૩, ૧૫૪ તેમજ ફતાવા રઝવિય્યહ, ભાગ–૮, પેજ–૩૩૦, ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૨, પેજ–૪૨૬, ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૨૩૮ તેમજ ૪૨૩ ઉપર એ જ પ્રમાણે જવાબ છે.)* (**નોંધ** : આ ફત્વાનું અસલ ઉર્દૂ લખાણ આ લેખના અંતે આપવામાં આવેલ છે.)

આવો ! હવે સુન્નિયતને કમજોર કરતા પરિબળ નં. ૨ વિશે ચર્ચા કરીએ :–

## (૨) બેદીનોથી ઈલ્મે દીનની તા'લીમ !

સુન્નિયતને કમજોર કરવામાં અતિ મહત્વનો રોલ આ બીજુ પરિબળ ભજવે છે કે વહાબી, દેવંબદી, મૌદૂદી, કહેવાતા અહલે હદીષ.... વગેરે બાતિલ ફિર્કાવાળા બેદીનો પાસે આપણા સુન્ની ભાઈઓ પોતાનાં બાળકોને દીની તાલીમ શીખવા, કુર્આન પઢવાનું શીખવા મોકલે છે. અને આ ક્ષેત્રે પણ વહાબીઓની સગાઈ સંબંધ કામે લાગી જાય છે ! આજે ઠેર ઠેર વહાબીઓનાં "બચ્ચોં કા ઘર" ખડાં થઈ ગયાં છે જેમાં એમના એજન્ટો વિવિધ ટ્રિકો વડે સુન્નીઓનાં બાળકોને ભરતી કરતા હોય છે, ક્યાંક સગાઈની આડમાં સુન્ની સગાંનાં છોકરાંને ભરતી કરાય છે તો ક્યાંક મા બાપો છોકરાંનાં ભરણ પોષણમાં તંગી અનુભવતાં હોય છે તેમને લાલચો અપાય છે કે છોકરાંનાં કપડાં, ચપ્પલ, ટોપી સર્વ મફત મળશે ઉપરાંત ખાવા, પીવા રહેવાનુંય મફત ! સાથોસાથ પઢવા ભણવાનુંય મફત મળશે ! ચાર કે પાંચ વરસનાં છોકરાં હોય તોય વાંધો નહીં, ત્યાં નવડાવવા ધોવડાવવા આયાઓ હોય છે જેથી તમારે કાંઈ જ ચિંતા નહીં ! આવી લાલચો આપીને સુન્નીઓનાં નાદાન બાળકોને લઈ જવામાં આવે છે અને જાહિલ મા બાપો ભરણ પોષણની ઝંઝટથી છૂટવા માટે એવી જગ્યાએ પોતાનાં બાળકોને સોંપીને હાશકારો તથા સંતોષ અનુભવે છે ! ગામે ગામથી ગરીબ તબકાનાં બાળકો ઘરે ઘરથી ઉઘરાવી લાવવામાં આવે છે, અને ત્યાં જે પઢે છે તે બાળકો અંતે વહાબી દેવબંદીઓના જેવા અકીદાવાળાં થઈ જાય છે અને પોતાના ગામને અભડાવી મારે છે. સઊદી રિયાલ તથા ડોલરોના જોરે આ પ્રવૃત્તિ ઠેરે ઠેરે ખુલેલાં આવાં ફાંદારૂપી બચ્ચોં કા ઘરોમાં તથા વહાબી મદ્રસાઓમાં ચલાવવામાં આવે છે અને કહેવાતા સુન્નીઓ મફતનું ઝહેર આરોગીને પોતાને તથા પોતાની ઔલાદને જહન્નમનું બળતણ બનાવી રહ્યા છે.

કુર્આને પાકમાં રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે :– يَاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا قُوۡاَنۡفُسَكُمۡ وَاَهۡلِيۡكُمۡ نَارًا

**"હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાનાં બાળ બચ્ચાંઓને જહન્નમથી બચાવો !"** એવું નથી કે ઔલાદ પેદા કરી દીધી તો હવે તેને ગમે ત્યાં ફેંકી મારો ! નહીં ! તેને ગુમરાહ થતી બચાવવાની જિમ્મેદારી તમારી જ છે. જો તમારી નિષ્કાળજીના કારણે તમારી ઔલાદ ગુનાહોના માર્ગે જશે કે કુફ્રનો માર્ગ અપનાવશે, ઈમાનના પતનના માર્ગે જશે તો તેની જવાબદારી તમારી જ છે અને કિયામતમાં ઔલાદના હક્કમાં પૂછતાછ થશે અને કસૂરવારને જહન્નમનો સ્વાદ ચાખવો પડશે.

## ★ ભૂલ પોતાની અને દોષ મદ્રસાવાળાને આપે ! ★

મારી પાસે એકવાર એક સુન્ની ભાઈ આવ્યા અને મને કહ્યું કે ફલાણા સુન્ની દારુલ ઉલૂમના નાઝિમે આ'લાનો ફોન નંબર આપો ! મેં કારણ પૂછયું તો જણાવ્યું કે, "મારે તેમને ખખડાવવા છે કે એમના કારણે એક છોકરી જહન્નમના માર્ગે ગઈ !" મેં પૂછયું, કઈ રીતે ભાઈ ?! તો વિગત જણાવી કે મારા ફલાણા કાકાને એક પત્ની હતી પણ છતાં અન્ય સ્ત્રી સાથે તેમને પ્રેમ થતાં તેણી સાથે પણ નિકાહ કર્યા. અને બંનેને અલગ અલગ શહેરોમાં રાખે છે જેથી બંનેનાં બાળકોનાં ભરણપોષણમાં અગવડ પડે છે તો તેમની છોકરીને સુન્ની દારુલ ઉલૂમવાળાએ જગ્યા ન હોવાનું કહીને દાખલ ન કરી અને રમઝાન બાદ આવવા કહ્યું. તો એમણે દેવબંદીના મદ્રસામાં મૂકી દીધી ! જેથી એ છોકરી બદ્અકીદા થશે તેના જિમ્મેદાર એ સુન્ની નાઝિમે આ'લા છે !"

મેં કહ્યું, ભાઈ ! જ્યારે તમે જાણો છો કે વહાબી દેવબંદીને ત્યાં પઢાવવાથી બાળકો નબી વલીની ગુસ્તાખીવાળા અકીદા ધરાવતાં થઈ જાય છે તો શા માટે ત્યાં છોકરીને દાખલ કરી ? આવતા વરસે રમઝાન બાદ સુન્ની મદ્રસામાં દાખલ કરત ?! એક વરસ માટે તમારાથી તમારી જ પેદા કરેલી ઔલાદ નહીં પલવાય ? અને હવે સાંભળો ! એક પત્ની હતી છતાં ઐયાશીના ધંધા કર્યા, લફરાં કર્યાં પછી શાદી કરી અને હવે છોકરાં થયાં તો તેની જવાબદારી આ સુન્ની નાઝિમે આ'લાના માથે ! ઈસ્લામે તો આવી ઈજાઝત નથી આપી કે શક્તિ ન હોય છતાં આવું બધું કરો અને વધારે પત્નીઓ કરો ! અય્યાશી તમારે કરવી છે અને જવાબદાર સુન્ની મદ્રસાવાળા ?! આ કોના ઘરની વાત છે ?!" તો તે ભાઈએ જો કે તરત જ કાન પકડયા અને કહ્યું કે, સોરી ! મારી ભૂલ થઈ ગઈ !

કહેવાનો મતલબ એ છે કે આપણા ભાઈઓ પરિણામથી અંજામથી બેખબર થઈને કામો કરે છે પછી પોતાની ફૂલ જેવી ઔલાદને ભલે જહન્નમમાં જાય પણ બદ્અકીદાના હવાલે કરી આવે છે. પણ તેમણે ઈમાનની કદર સમજવી જોઈએ અને બદ્અકીદાઓને ત્યાં પોતાનાં બાળકોને પઢાવવા ભણાવવાના બહાને છોડી મૂક્વાં ન જોઈએ. કોઈ મા બાપ પોતાના બાળકને પગમાં કાંટો વાગે તે સહન નથી કરી શક્તાં, કોઈ બાળકને કોઈ વ્યક્તિ જો તમાચો મારી દે તો તેના પર ગુસ્સાથી કાબૂ બહાર થઈ જાય છે, તો જો ખરેખર તમને બાળકોની મહોબ્બત હોય તો બાળકોના ઈમાનની રક્ષા કાજે બદ્અકીદાઓને ત્યાં તેમને કોઈ પણ ભોગે ન મોકલો, નહીં તો જો તેઓ બદ્અકીદા થઈ જશે તો જહન્નમની આગમાં હમેશાં સળગશે એ તમે કઈ રીતે માન્ય કરી શકો છો ! તમારી મહોબ્બત ખરી તો એમાં જ છે કે તેની આખેરતની જિંદગી આરામદાયક બને તે માટે જદ્દો જેહદ કરો, તો એમાં જેહાદથીય વિશેષ સવાબ છે.

## એક ગુમરાહીભર્યો ખયાલ

# આપણે કુર્આન જ પઢતાં શીખવવું છે ને ! ગમે તેની પાસે હોય !

ઘણા ગરીબ સુન્નીઓ ગરીબાઈનું બહાનુ આગળ ધરીને મફતમાં મળતી જહન્નમમાં બાળકોને ધકેલે તો છે પણ ઉપરથી કહે છે કે, "આપણે તો કુર્આન જ શીખવા મોકલવું છે ને ! ભલે ને ગમે તે પઢાવનાર હોય !" આવી જ વાત કેટલાક ધનિક લોકો પણ પોતાનાં બાળકોને વહાબી પાસે પઢવા મોકલીને કે તેમનું ટયૂશન રાખીને કરતા હોય છે. તો સાંભળો ! :–

અલ્લાહ તઆલાના પ્યારા રસૂલે અકરમ ﷺએ સહાબાને ફર્માવ્યું કે :–

**અન–ઈબ્ને સીરીન કાલ ઈન્ન હાઝલ ઈલ્મ દીનુ ફન્ઝુરૂ અમ્મન તઅ–ખઝુન દીનુકૂમ રવાહુ મુસ્લિમ.**

"ઈબ્ને સીરીનથી મરવી છે, તેમણે ફર્માવ્યું કે, આ **'ઈલ્મ'** (જે છે તે) **'દીન' છે** તો (એ બાબતમાં) વિચાર કરો જેનાથી તમે પોતાનો 'દીન' લઈ રહ્યા છો". વિચાર કરો કે **કોનાથી 'દીન' લઈ રહ્યા છો, ઈમાનવાળાથી કે મુર્તદ બેદીનથી ?** આ તાકીદ જ્યારે સહાબાને થઈ હતી કે જેઓ કેવળ દીનને ખાતર જ જીવતા હતા, તો આજના કમજોર ઈમાનવાળા માણસ માટે તો આ તાકીદ કેટલી સખત રીતે થવી પુરવાર થશે.

## ★ ગૈરોની પાસે કેમ ઈલ્મે દીન ન પઢવું ?! ★

હઝરત ઉમર رضی اللہ عنہ તે હસ્તી કે ઈસ્લામના બીજા ખલીફા અને અશરાએ મુબશ્શિરામાંથી છે કે **દુનિયામાં જ હુઝૂરે અકરમ ﷺએ તેમને જન્નતી હોવાની ખુશખબરી આપી દીધી હતી,** તો તેમના માટે તો યકીનન ! ગુમરાહીનો ખતરો જ ન હતો ને ! છતાંય એકવાર નબીએ રહમત ﷺ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની સાથમાં હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہની પાસે આવી ગયા. જોયું કે હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہતૌરાત (જેમાં હુઝૂરની તારીફનું બયાન હતું તે) પઢતા હતા, એ જોઈને હુઝૂર ﷺ જલાલમાં આવી ગયા. સિદ્દીકે અકબરે કહ્યું કે, "હે ઉમર ! શું આપ પ્યારા રસૂલના જલાલને નથી જોઈ રહ્યા ?" હઝરત ઉમર કાંપી ઉઠયા ! હુઝૂરે ફર્માવ્યું, "તમારા દીનમાં શું કમી છે કે તમે અન્યની કિતાબ પઢો છો ?" વિચાર કરો ! તૌરાત કે જે આસમાની કિતાબ છે ! જેના નાઝિલ થવાના વિશે આપણું ઈમાન છે તેની મના કરી દીધી અને ફર્માવ્યું, "હઝરત મૂસા علیہ السلام પણ મારા જમાનામાં હોત તો પણ મારી પયરવી કર્યા સિવાય તેમના માટે કોઈ રસ્તો ન હતો."

જ્યારે આવા મહાન સહાબીનું આ કૃત્ય ખૂદ રસૂલુલ્લાહ ﷺને નાપસંદ પડયું તો **ગુસ્તાખે રસૂલ પાસે આશિકે રસૂલનું બાળક પઢવા જાય તે રસૂલે પાક ﷺને ક્યાંથી પસંદ પડશે ?!** એટલા જ માટે આપણા બુઝુર્ગોનો આ બાબતે શો અમલ હતો તે પણ જોઈ લો !

## ★ બુઝુર્ગોની તાલીમ શું છે ?! ★

દારમી શરીફમાં છે, જલીલુશ્શાન તાબઈ હઝરત હાફિઝુલ હદીષ ઈમામ મુહમ્મદ ઈબ્ને સીરીં رضی اللہ عنہ ની મજલિસમાં બે બદમઝહબોએ આવીને અર્ઝ કરી કે, હઝરત ! અમે તમારી સમક્ષ એક

હદીષ બયાન કરવા ઈચ્છીએ છીએ. આપે જવાબ આપ્યો કે, "હું સાંભળવા તૈયાર નથી !" તે બંનેએ અર્ઝ કરી કે, ઈજાઝત હોય તો અમે કુર્આન શરીફની કોઈ આયત પઢીએ. આપે ફર્માવ્યું, "નહીં ! તમે લોકો કયાં તો મારી પાસેથી ચાલ્યા જાવ, નહીં તો પછી હું અહીંથી ઉઠું છું !" ત્યારે બંને જતા રહ્યા. હાજરજનોમાંથી કોઈકે કહ્યું, હઝરત ! જો તેઓ કુર્આન મજીદની કોઈ આયત પઢત (કે જેમાં ફેરફાર શકય નથી) તો સાંભળવામાં તમારું શું બગડતું હતું ?! આપે ફર્માવ્યું, કે મને ડર લાગ્યો કે તે આયતે કરીમા પઢીને તેના અર્થમાં કાંઈ ઘાલમેલ કરે અને પછી તે જ અર્થ મારા દિલમાં બેસી જાય. (અને મઆઝલ્લાહુ તઆલા મારા અકીદા બગડી જાય !)

**મુસલમાનો !** આ સબક લેવાની વાત છે કે જ્યારે હાફિઝુલ હદીષ ! સૈયદેના મુહમ્મદ ઈબ્ને સીરીં رحمۃ اللہ علیہ જેવા દીની ઈલ્મોના ઈમામ બદમઝહબથી કુર્આન સાંભળવામાં ખતરો અનુભવે છે ! તો આપણા જેવા જાહિલોએ તો કેટલું સાવધાન રહેવું જોઈએ ! અને **વળી તદ્દન નાદાન ઈલ્મથી કોરાં બાળકોને તો વહાબી પાસે પઢવા મોકલવું એટલે કે હાથે કરીને તેને જહન્નમી બનાવવાની પેરવી કરવી ગણાશે !! અને જહન્નમને તો સૌ જાણે છે કે ત્યાં શું છે ?!**

એક બદમઝહબ શખ્સે હઝરત ઐયૂબ સખ્તયાની رضی اللہ عنہ ને કહ્યું કે હું આપને એક શબ્દ વિશે કાંઈક પૂછવા ચાહું છું. તો આપ તુર્ત જ મોઢું ફેરવીને ચાલી પડયા અને આંગળીથી ઈશારો કરતાં ફર્માવ્યું કે, હું તારો અડધો શબ્દ પણ સાંભળવા નથી ચાહતો ! *(અર્બઈને શિફત, પેજ–૨, બહવાલા સવાનેહે આ'લા હઝરત)*

આ છે બુઝુર્ગાને દીનનો અમલ જેમની ચાહતના આપણે નારા મારીએ છીએ ! આ વલીઓનો દામન પકડી લો ! બદમઝહબથી તેઓ કેટલી હદે બચતા હતા ! જો આપણે પણ સાચે જ બુઝુર્ગોના આશિક છીએ તો તેમને અનુસરવામાં જ આપણી ભલાઈ છે.

આ જ પ્રકારના એક પ્રશ્નના જવાબમાં આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ નું રોશન ફર્માન પણ ઈમાનની નજરે જોઈ લો જેનાથી ઘણી ગલત ફહમીઓ દૂર થઈ જશે. ઈન્શાઅલ્લાહ !

"........જ્યારે કે હરમૈન શરીફયૂન (મક્કા તથા મદીના)ના ઉલમા એકમતિ સાથે ફત્વો આપી ચૂકયા કે **ગંગોહી** તથા **નાનોત્વી** તથા **અંબેઠી** તથા **થાનવી** સૌ મુર્તદ છે અને બઝ્ઝાઝિયહ્ વ મજમઉલ અન્હર તથા દુર્રે મુખ્તારના હવાલાથી ફર્માવ્યું છે કે, **જે તેમના કુફ્રમાં શક કરે તે પણ કાફિર છે.** (૧) અહલે સુન્નતના અકીદાવાળા હોવાનો દાવો કરવો અથવા (૨) પોતે પોતાને હનફી કહેવો અથવા (૩) તૌહીદ તથા રિસાલત તથા (રસૂલની) (૪) અફઝલિયત તથા કરામતનો પોતે પોતાને માનનારો દર્શાવવો, એમાંથી કઈ વાતનો વહાબીઓ દેવબંદીઓ ઈકરાર નથી કરતા ?! અને છતાં પણ (તેઓ) કાફિર તો એવા છે કે જે તેમના કુફ્રમાં શક કરે તે પણ કાફિર ! બલ્કે આ ચારેય વાતોનો ઈકરાર કરવાવાળા તો કાદયાની પણ છે ! અને પોતે પોતાને ઈમામ અબૂ હનીફાના મુકલ્લિદ પણ કહે છે ! તો શું એમ કહેવાથી તેમનું કુફ્ર ઉઠી ગયું ? શરીઅત ! શરીઅત બેશક ! જાહેર પર હુકમ ફર્માવે અને જાહેર એ જ છે કે, **'માણસ જેને કાફિર મુર્તદ જાણશે તેની પાસેથી 'ઈલ્મે દીન' પઢશે નહીં.'** પાઠશાળા તથા સ્કૂલનું દષ્ટાંત જેહાલત છે, શું કોઈ પંડિતો, પાદરીઓથી કુર્આને અઝીમ તથા હદીષ તથા ફિકહ પઢવા જાય છે ? અને ધારો કે જો વહાબી પાસે પઢનાર વહાબી અકીદાઓ તરફ ન પણ ગયો અને તેઓને કાફિર મુર્તદ જાણતો હોય તો પણ **તેમને ઉસ્તાદ બનાવવા એ તેમની તાઝીમ કરવું જ**

**તો છે,** અને **દીનના ઈમામોએ** ફર્માવ્યું કે, જો કોઈ મજૂસી (અગ્નિપૂજક)ને અદબના રૂપે 'યા ઉસ્તાદ !' (હે ઉસ્તાદ !) કહે તે કાફિર થઈ જાય છે. ફતાવાએ ઝહીરિયહ્ તથા અશબાહો વન્નઝાઈર, તન્વીરુલ અબ્સાર તથા મન્હુલ ગફ્ફાર તથા દુર્રે મુખ્તાર વગેરેમાં છે (અર્થ) : અને જો કોઈ મજૂસીને અદબ ખાતર કોઈ હે ઉસ્તાદ ! કહે તેણે કુફ્ર કર્યું. **જ્યારે ફક્ત તાઝીમ રૂપે 'હે ઉસ્તાદ !' કહેવા પર આવો હુકમ છે તો મુર્તદને સાચે જ (હકીકતમાં) ઉસ્તાદ બનાવવો** અને વિવિધ તાઝીમ કરવી કેવું ગણાશે ? વળી બેશક ! આવો શખ્સ (વહાબી) ઈમામ બનાવવાને લાયક નથી. **જેમના દિલમાં દીનની અઝમત છે** તેઓ કદાપિ તેને **ઈમામ બનાવશે નહીં, ન તેની પાછળ નમાઝ પઢશે, હા ! જે વ્યકિત દીનને હંસી ખેલ સમજે તે જેવું ફાવે તેવું કરે !** અલ્લાહ તઆલા મુસલમાનોને હિદાયત આપે કે પોતાની નમાઝો બર્બાદ ન કરે. અમે તેની એક આસાન પેહચાન બતાવીએ છીએ કે તેમનાથી સવાલ કરો કે **હુસ્સામુલ હરમૈન શરીફ** (કિતાબ)માં હરમૈન શરીફયૂનના તમામ ઉલમાએ જે જે વહાબીઓને નામ–બનામ કાફિર મુર્તદ લખ્યા છે અને ફર્માવ્યું છે કે "જે તેમના કુફ્રમાં શક કરે તે પણ કાફિર." તો તમે લોકો પણ તેમને કાફિર મુર્તદ કહો છો ? જુઓ કદાપિ કહેશે નહીં ! તો સાફ જણાયું કે તેઓ પણ તેમનામાંથી (વહાબી) જ છે, તો પછી **તેમની પાસેથી ફત્વો લેવો કઈ રીતે હલાલ થયું ?** અને તેના પર અમલ કઈ રીતે શરીઅતે જાઈઝ કર્યો ? વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવાએ રિઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૨૪૬)*

ઉપરોકત મુબારક ફત્વામાં દીનનું, ઈમાનનું મહત્વ સમજનારા માટે કેટલી ઈમાન અફરોઝ હકીકતો બયાન કરવામાં આવી છે, તેનો વારંવાર અભ્યાસ કરો અને જેના માટે દીન એક ખેલ સમાન છે તેને **ફાવે ત્યાં જાય** અને ફાવે તેની સાથે રહે, મન ફાવે ત્યાં પઢે તથા બાળકોને પઢાવે, તેની તાઝીમ કરે, તેની પાછળ નમાઝો પઢે, તેનાથી ફત્વા લે... તેને કોઈ બંધન દુનિયામાં નડશે નહીં, હા ! આખેરતનો અઝાબ તેના ઈંતેઝારમાં જરૂર રહેશે !

## ★ આ સંબંધે આપણા અનુભવો શું કહે છે ?! ★

એ તો દેખીતી વાત છે કે **"જેવો ઉસ્તાદ તેવો ચેલો !"** ઉસ્તાદ જો નબી વલીથી અકીદત તથા મહોબ્બત ધરાવનાર હશે, નબી વલીની તા'ઝીમને ઈમાનની જાન સમજતો હશે તો શાગિર્દને એ જ તા'લીમ આપશે, અને જો ઉસ્તાદ વહાબી અકીદાવાળો ગુસ્તાખે રસૂલ હશે તો નબી વલીની તા'ઝીમ શિર્ક છે એવું શીખવાડશે અને તમારાં બાળકોને બદ્અકીદા બનાવી દેશે, ભલે પછી તેને હાફિઝ કે આલિમ કે મુફતી પણ બનાવી દે, પણ એવો આલિમ, હાફિઝ, મુફતી એ ઈસ્લામનો તથા રસૂલનો બાગી ગણાશે જે તા'ઝીમે નબીને શિર્ક જાણે ! અને દેવબંદી પેશ્વાઓનાં ગુસ્તાખીભર્યાં લખાણોને હક્ક બતાવે. અને તે ચોક્કસ જહન્નમનો મુસાફિર થશે, અને સાથે કેટલાયને જહન્નમમાં લઈ જનારો થશે. અને આવા આલિમ બનેલા પોતાનાં મા બાપને, ખાનદાનને તથા ગામને પણ જહન્નમને માર્ગે લઈ ગયા છે તેના દાખલા અમારી સમક્ષ મૌજૂદ છે.

ભરૂચ જિલ્લામાં આજથી લગભગ ૫૦ વરસ પહેલાં બધાં જ ગામો સુન્ની જ હતાં, પણ વહાબી મદ્રસામાં કેટલાક ગામોના છોકરાઓને ગરીબીને કારણે કે સગાઈને નાતે દાખલ કરી દેવામાં આવ્યાં તો આજે તે ગામો ક્યાં તો પૂરાંને પૂરાં વહાબી થઈ ગયાં તો ક્યાંક અડધા વહાબી અડધા સુન્ની રહી

ગયા. અને વહાબિયત દેવબંદિયતે આવીને ગામે ગામ શહેર શહેર મુસલમાનોમાં નબી વલીની અદબ વિરૂધ્ધના અકીદા ફેલાવવા કોશિશ કરી અને ઠેર ઠેર ઝઘડા કરાવ્યા અને ફિત્ના ફેલાવ્યા અને હજીય એ પ્રવૃત્તિ ચાલુ જ છે જેના સમાચારો વર્તમાન પત્રોમાં પણ અવાર નવાર જોવા મળે છે.

## ★ સુન્નીઓ ! દીનના નામે ખર્ચ કરો તો આયોજનપૂર્વક કરો ! ★

સારાંશ કે વહાબી દેવબંદી વગેરે ફિર્કાવાળાને ત્યાં બાળકોને પઢાવવાથી કે ભણવા પઢવાના નામે મૂકવાથી પરિણામ એ જ આવે છે કે જે સ્વભાવિક છે કે બાળકો તેમના અકીદા અપનાવી લે છે, સિવાય જેને રબ તઆલા બચાવે. તો હવે **વર્તમાન સમયની જરૂરત એ છે કે હે સુન્નીઓ ! તમારી પણ દીની તા'લીમ સાથેની મુસ્લિમ સ્કૂલો હોવી અનિવાર્ય છે !** આશ્ચર્યની વાત છે કે બુઝુર્ગોના નામ પર ન્યાઝ જમાડવા પાછળ લાખો તથા કરોડો પણ ખર્ચી કાઢનારા આપણા સુન્ની ભાઈઓ, બુઝુર્ગોના આશિકો ! શું એ જ બુઝુર્ગોના ચાહકો બદ્‌મઝહબ ન થઈ જાય તેના માટે પણ કાંઈક નાણા ખરચશે ?! કે કેવળ વાહ વાહ કરાવવા કે લોકોમાં એલાન થઈ જાય કે ફલાણા તરફથી આટલી દેગો પકાવવામાં આવી તેવી ગામ કે શહેરમાં બૂમ પડાવવા સુધી જ મર્યાદિત રહેશે ?! વળી તે પણ "આમ ન્યાઝ" એટલે કે વહાબી દેવબંદી સૌને ખવડાવવામાં આવે છે ! અને તેઓ પણ હરામ હરામ કહેતા પણ જાય છે ને જેને હરામ કહે છે તેને ખાતા પણ જાય છે ! **તેમને તો ખવડાવવું જ હરામ છે એ શરીઅતનો કાનૂન છે !** પછી શા માટે તેમને ખવડાવો છો ?!

હું માલદાર સુન્નીઓને વિનંતિ કરીશ કે **અતિશયોક્તિ કરવી તથા હદથી વધી જવું કોઈ કામમાં સારું નથી** માટે મર્યાદિત રીતે ન્યાઝ પણ કરો જેથી તેની બરકતો પણ બાકી રહે અને બાકીના નાણા એ જ બુઝુર્ગોના સવાબ અર્થે દીની દુનિયવી તા'લીમ માટે સ્કૂલો ઉભી કરવા જમીનો ખરીદો, બિલ્ડિંગો બનાવો અને સુન્ની સ્ટડી સેન્ટરો ઉભાં કરો.

**હે સુન્નીઓ ! તમારી સમક્ષ આટલું બધું થઈ રહ્યું છે તો હવે તો જાગો !** દીન તથા સુન્નિયતના માટે ઠંડા ચિત્તે વિચારો અને તમારી બુદ્ધિને કામે લગાડી તમારાં નાણાને યોગ્ય માર્ગે ખર્ચો. અલ્લાહે દૌલત આપી છે તો અલ્લાહની રાહમાં સુન્નિયત બચાવવાની નિય્યતે સખાવત માટે આગળ આવો અને તમારી આખેરતને આરામદાયક બનાવો.

## ★ બદ્‌મઝહબો શર્તી મસ્જિદો બનાવે છે ! ★

બાતિલ ફિર્કાવાળા ક્યાંક સુન્નીઓની ગરીબ આબાદીમાં મસ્જિદ બનાવી આપીને અથવા ઈમામનો પગાર આપીને ત્યાં જમાઅત મોકલે છે અને બદ્‌અકીદા ઈમામ ગોઠવે છે જે ક્રમે ક્રમે આબાદીને બદ્‌અકીદા બનાવી આપે છે. મસ્જિદ બનાવીને તેના માલિક થઈ ગયા હોય તેમ કહે છે કે, "અમે મસ્જિદ બનાવી એટલે જમાઅત તો આવશે જ !" મસ્જિદો તો ખુદાને રાજી કરવા ખાતર બનતી હોય છે, એમાં બનાવનારનો આ રીતનો કોઈ હક્ક રહેતો નથી. પણ બદ્‌અકીદાઓની નિય્યત ખુદાને રાજી કરવાની નહીં પણ બદ્‌અકીદગી ફેલાવવાની હોય છે જેથી જબરદસ્તી કરતા હોય છે. જો ક્યાંક સુન્ની આબાદીમાં તેમણે મસ્જિદો બનાવી કાઢી હોય એવા સ્થળના લોકોએ તેમને કહેવું જોઈએ કે દીનમાં જબરદસ્તી નથી અને મસ્જિદ તો અલ્લાહને ખાતર વકફ હોય છે જેથી ઈસ્લામની રૂએ પણ તમારી

કોઈ શરત ચાલશે નહીં.

અને **માલદાર સુન્ની ભાઈઓને વિનંતિ કે આવી ગરીબ આબાદીઓમાં મસ્જિદો બનાવવા પ્રતિ ધ્યાન કરે અને ઈમામ મુદર્રિસના પગારો પૂરા પાડવા માટે નાણાનો આયોજનપૂર્વક ખર્ચ કરે.**

કેટલાક સુન્ની ભાઈઓ ! વહાબીઓની ઈલ્મે દીનના નામથી થતી મજલિસો તથા ઈજતેમાઓમાં જતા હોય છે ઉપરથી કહે છે કે આપણે તો સુન્ની જ છીએ ને ! આપણને શું થવાનું છે ! જે સારું લાગે તે માનવાનું અને ઠીક ન લાગે તે નહીં માનવાનું ! એવા ભ્રમમાં રહેનારા ધ્યાન આપે.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ હિદાયત કરે છે કે, દરેક બાતિલ ધર્મવાળાની બધી જ વાતો ખરાબ નથી હોતી. કેટલીક વાતો બોધદાયક હોય છે તો કેટલીક કુફ્ર તથા શિર્કની હોય છે. શયતાન એવા માણસની પ્રતિક્ષામાં જ રહે છે કે માણસ આવા પ્રકારની કિતાબ વાંચે તો તે સારી વાતો દિલમાં ઉતારતો જાય છે અને જ્યારે કુફ્ર તથા શિર્કની વાત એ દરમિયાનમાં આવે છે તો તેને પણ બનાવી સંવારીને તે જ સારી વાતોમાં મેળવી દઈ દિલમાં ઉતારી દે છે. આ રીતે શયતાન તેના ઈમાનને તબાહ કરી દે છે અને વાંચનારને તથા સાંભળનારને ખબર પણ પડતી નથી. જેવી રીતે દુશ્મનને ખતમ કરવા માટે શરબતમાં ઝેર ભેળવીને આપી દેવાય છે.

દજ્જાલનો ફિત્નો નીકળશે, ત્યારે કેટલાક લોકો એવું કહીને જોવા જશે કે આપણે તો ઈમાનવાળા જ છીએ, આપણને શું થવાનું છે ! પણ ત્યાં ગયા બાદ કાફિર બની જશે. આ હદીષનો કૌલ છે. માટે પોતાની જાત પર કે નફસ પર ભરોસો કરવો મહાન મૂર્ખાઈ છે. ખોટી જીદ કે વહેમમાં ન રહેતાં, ખુદાના રસૂલે પાક ﷺના હુકમને તથા બુઝુર્ગોના કૌલ તથા તેમના અમલને ધ્યાનમાં રાખી, ઈમાનની હિફાઝત કરવી જોઈએ.

બસ, એક સમજદાર માટે આટલી વાતો પૂરતી છે. આટલી સખ્તીથી શરીઅત જ્યારે બેદીનથી ઈલ્મે દીન શીખવાની મના કરે અને છતાં જે પોતાને હોશિયાર સમજી બહાદૂર બને, ખુદા તેની ખૈર કરે. મૌલા તઆલા મુસલમાનોને બુઝુર્ગોની રાહ પર ચાલવાની તૌફીક બખ્શે—આમીન. *(ક્રમશઃ)*

۱۵۳

**مسئلہ** (۱) از مالیگاؤں ضلع ناسک محلہ موتی پورہ مرسلہ جناب عبدالغنی ولد خان محمد صاحب ۲۰ر نومبر ۱۹۲۹ء

کیا فرماتے ہیں علمائے دین اس مسئلہ میں جو لوگ کہ رسول صلی اللہ تعالیٰ علیہ وسلم کی توہین کتابوں میں لکھ گئے ہیں۔ ان کے اور ان کے ماننے والے اور ان کے معتقدین ہیں۔ ان میں سے اگر کسی نے اہلسنت والجماعت کو دعوت دیا تو اہلسنت نے کھا لیا۔ لیکن اپنے دل میں ان کو کافر سمجھتا ہے، اور ان کے پیچھے کوئی نماز بھی نہیں پڑھتا ہے، تو مولانا صاحب باوجودیکہ ایسا سمجھتے ہوئے جو کھانا کھا لیا تو اس کے لئے حلال ہے یا حرام ہے۔ اگر حرام ہے تو کیا دلیل ہے شرعًا حنفی مذہب میں فتویٰ کس پر ہے حلال پر ہے یا حرام پر؟

**الجواب** (۱):- بدمذہبوں کے بارے میں حدیث ہے۔ ایاکم وایاھم لا یضلونکم ولا یفتنونکم۔ اپنے کو ان سے دور رکھو۔ انھیں اپنے سے دور کرو کہیں ایسا نہ ہو کہ تمہیں گمراہ کردیں تمہیں فتنہ میں ڈال دیں۔ دوسری حدیث ہے۔ لا تواکلوھم

ولا تشاربوھم، ان کے ساتھ نہ کھاؤ نہ ان کے ساتھ پانی پیو۔ قرآن مجید میں ارشاد ہوا کہ اگر شیطان بھلا دے تو یاد آنے پر ظالموں کے ساتھ نہ بیٹھ۔ یہ ان بدمذہبوں کا حکم ہے، جنکی بدمذہبی حد کفر تک نہ پہنچی ہو کہ ان سے میل جول ساتھ کھانا پینا ترک کرے۔ اور وہ جو سوال میں مذکور ہیں وہ تو قطعًا یقینًا کافر مرتد ہیں ان سے بدرجہ اولیٰ اجتناب کا حکم ہے۔ رہا کھانا اس کے متعلق یہ تفصیل ہے کہ جب وہ مرتد ہے تو اس کے ہاتھ کا ذبیحہ مردار ہے۔ اگر جانور اس نے ذبح کیا ہے یا اسی کے ہم خیال کسی دوسرے مرتد نے جب تو وہ بالکل حرام و مردار ہے۔ اور اگر مسلمان کا ذبح کیا ہوا ہے اور اوّل سے آخر تک یعنی کھانے کے وقت تک برابر نظر مسلم کے ساتھ رہا تو وہ گوشت حرام و مردار نہیں، اور اگر نظر مسلم سے غائب ہو گیا مثلاً اس کے گھر میں گیا اور وہاں سے پک کر آیا تو اب بھی مردار ہے، اور گوشت کے علاوہ باقی اشیاء حلال ہیں مگر اس کے یہاں کھانا حدیث و آیت کے خلاف ہے یعنی یہ فعل ناجائز ہے۔ وھو تعالیٰ اعلم

(ફતાવાએ અમજદિયા, ભાગ–૪, પેજ નં. ૧૫૩, ૧૫૪)

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહની તફસીર ★

سَيَقُوْلُ السُّفَهَآءُ مِنَ النَّاسِ مَا وَلّٰىهُمْ عَنْ قِبْلَتِهِمُ الَّتِىْ

كَانُوْا عَلَيْهَا ۚ قُلْ لِّلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ ۚ يَهْدِىْ مَنْ يَّشَآءُ

اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۱۴۲﴾ وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا

شُهَدَآءَ عَلَى النَّاسِ وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ۗ وَمَا

جَعَلْنَا الْقِبْلَةَ الَّتِىْ كُنْتَ عَلَيْهَآ اِلَّا لِنَعْلَمَ مَنْ يَّتَّبِعُ الرَّسُوْلَ

مِمَّنْ يَّنْقَلِبُ عَلٰى عَقِبَيْهِ ۗ وَاِنْ كَانَتْ لَكَبِيْرَةً اِلَّا عَلَى

الَّذِيْنَ هَدَى اللّٰهُ ۗ وَمَا كَانَ اللّٰهُ لِيُضِيْعَ اِيْمَانَكُمْ ۗ اِنَّ اللّٰهَ

بِالنَّاسِ لَرَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۴۳﴾

**તર્જુમો** : હવે કહેશે બેવકૂફ લોકો[૧૬૧] કે કઈ ચીજે ફેરવી દીધા આ (મુસલમાનો)ને પોતાના કિબ્લાથી જેના પર તેઓ અત્યાર સુધી હતા ? તમે ફર્માવો, અલ્લાહની જ છે પશ્ચિમ પણ અને પૂર્વ પણ, હિદાયત આપે છે જેને ચાહે છે સીધા માર્ગની તરફ. અને એ જ[૧૬૨] પ્રમાણે અમે બનાવી દીધા તમને (હે મુસલમાનો !) બેહતરીન ઉમ્મત જેથી તમે ગવાહ બનો લોકો પર[૧૬૩] અને (અમારા) રસૂલ તમારા પર ગવાહ બને, અને તેમને મુકર્રર કર્યા[૧૬૪]. અમે (બૈતુલ મુકદ્દસને) કિબ્લો જેના પર તમે (અત્યાર સુધી) રહ્યા પણ એટલા માટે કે અમે જોઈ લઈએ કે કોણ પયરવી કહે છે (અમારા) રસૂલની (અને) કોણ વળે છે પાછા પગે. બેશક ! આ (હુકમ) ઘણો જ ભારે છે પણ એમના પર (ભારે નથી) જેમને અલ્લાહે હિદાયત ફર્માવી અને નથી અલ્લાહની એ શાન કે નષ્ટ કરી દે તમારું ઈમાન[૧૬૫]. બેશક ! અલ્લાહ તઆલા લોકો પર ઘણો જ મહેરબાન (અને) રહમ ફર્માવનારો છે.

## તફસીર

**૧૬૧.** હુઝૂર નબી કરીમ ﷺ જ્યારે મક્કા મુકર્રમાથી હિજરત કરીને મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો બૈતુલ મુકદ્દસની તરફ જે અહલે કિતાબનો કિબ્લો હતો તેના તરફ મોઢું કરીને નમાઝ અદા કરતા રહ્યા. સોળ સત્તર મહિના એના પર જ અમલ રહ્યો. પરંતુ હુઝૂર ﷺની દિલી આરઝૂ એ જ હતી કે કા'બા જેને હઝરત ખલીલ علیہ السلامએ તામીર કર્યો તે મુસ્લિમ ઉમ્મતનો કિબ્લો બની જાય. અલ્લાહ તઆલા પોતાના હબીબની આરઝૂ પૂર્ણ કરતાં પહેલાં વાંધો ઉઠાવનારાઓના વાંધાઓનો ઉલ્લેખ કરે છે જેથી જ્યારે તેઓ વાંધાઓની બૌછાર કરે તો મુસલમાન કોઈ શંકા કુશંકાનો શિકાર ન બને, બલ્કે તમામ ચર્ચાઓથી બેપરવા થઈને અતિશય ઈત્મિનાન સાથે પોતાના માલિકના ફર્માનનું પાલન કરે. પ્રથમ જણાવી આપ્યું કે કિબ્લાની તબ્દીલી પર વાંધો કેવળ છીછરા પ્રકારના લોકો જ કરશે જેઓ પોતાની કમ બુદ્ધિના કારણે એવો ખયાલ કરી બેઠા છે કે બૈતુલ મુકદ્દસની દિશામાં કોઈ જાતી વિશિષ્ટતા છે જેના કારણે તેને કિબ્લો બનાવવામાં આવ્યો હતો અને તે વિશિષ્ટતા

અન્ય કોઈ દિશામાં નથી, એટલા માટે બૈતુલ મુકદ્દસ સિવાય કોઈ અન્ય કિબ્લો થઈ જ નથી શક્તું. જ્યારે દિશા હોવાને નાતે સર્વ દિશાઓ સમાન છે. આજ સુધી એ દિશા જો કિબ્લો બનેલી રહી તો તેનું કેવળ એક જ એ કારણ હતું કે અલ્લાહ તઆલાએ પોતાના હુકમથી તેને કિબ્લો નિશ્ચિત કરી આપ્યો, કોઈને વાંધો ઉઠાવવાનો શો હક્ક ?! જે લોકો આટલી સરળ વાત પણ નથી સમજી શક્તા તેઓ નાદાન અને નાસમજ નથી તો બીજું શું છે ?

**૧૬૨.** એટલે કે જેવી રીતે અમે કિબ્લાના મામલામાં તમને સીધો માર્ગ અપનાવવાની તૌફીક બક્ષી તેવી જ રીતે દરેક મામલામાં તમને દરમિયાની (વસ્ત) ઉમ્મત બનાવી. **વસ્ત** શબ્દ વિચારવા પાત્ર છે, એનો અર્થ છે દરમિયાન. દરેક ચીજનો મધ્યમ હિસ્સો જ તેનો સૌથી ઉમદા હિસ્સો હોય છે. માણસના જીવનનો મધ્યમ હિસ્સો "જવાની" એ તેની જિંદગીનો શ્રેષ્ઠકાળ છે. દિવસના મધ્યભાગ "બપોર"ના સમયે રોશની તેની ઉચ્ચ કક્ષાએ હોય છે. એ જ પ્રમાણે અખ્લાકમાં મધ્યમ માર્ગ પ્રશંસાપાત્ર હોય છે, અતિશય વધારો કે અત્યંત ઘટાડો બંને પાસાં ટીકાપાત્ર છે. કંજૂસી તથા ફુઝૂલખર્ચીની મધ્યની સ્થિતિને સખાવત કહેવાય છે, અને બુઝદિલી (ડરપોકપણુ) તથા ઉગ્રતાની મધ્યમ સ્થિતિ એ બહાદુરી કહેવાય છે. અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદિયાને એ મહાન મર્તબાવાળા સંબોધન (વુસ્તા)થી નવાઝયા. તેમના અકીદાઓ, તેમની શરીઅત, તેમનું સંસ્કાર બંધારણ, રાજનીતિ તથા આર્થિકતામાં અસમતોલપણાને અવકાશ નથી. અહીં મધ્યમમાર્ગીપણુ છે, સમતોલપણુ છે, યોગ્યતા છે. જ્યારે મુસલમાનને પોતાના આ મહાન હોદ્દાનો લેહાઝ હતો તે વખતે તેમનો દરેક કૌલ તથા દરેક ફેઅલ (વાણી તથા વર્તન) આ ઈર્શાદે રબ્બાનીનો આઈનો હતો, પરંતુ આજે તો આપણે એવા બગાડી ચૂક્યા કે કુર્આનમાં જે ઉમ્મતની ખૂબીઓ વર્ણન કરવામાં આવેલ છે તેને આપણે ઓળખી જ નથી શક્તા કે તે આપણે છીએ. અલ્લાહ આપણા હાલ પર રહમ ફર્માવે. આમીન.

**૧૬૩.** ઉમ્મતે મુહમ્મદિયહ્ ગવાહ છે દુનિયામાં પણ અને આખેરતમાં પણ. દુનિયામાં તેની ગવાહી ઈસ્લામની સચ્ચાઈ પર છે, કેમ કે ઈસ્લામી તા'લીમાતની તે જીવંત તસ્વીર છે. દુનિયામાં તેનું દરેક કથન (વાણી) તથા વર્તન, તેની વ્યક્તિગત તથા સામુહિક ખુશહાલી, તેના જીવન ચરિત્રની મજબૂતી અને તેના સંસ્કારની ઉચ્ચતા, દરેક ચીજ ઈસ્લામી સદાકત (સચ્ચાઈ) પર ગવાહી આપી રહી છે. અને કિયામતના દિવસે જ્યારે આગલા પયગંબરોની ઉમ્મતો અલ્લાહ તઆલાની સમક્ષ અર્ઝ કરશે કે અમને કોઈએ તારો હિદાયતનો પૈગામ નથી પહોંચાડયો તો એ સમયે ઉમ્મતે મુસ્તફા ﷺ ગવાહી આપશે કે એ લોકો જૂઠુ બોલી રહ્યા છે, તારા પયગંબરોએ તો તારો પૈગામ શબ્દે શબ્દ પહોંચાડી આપ્યો હતો. અને જ્યારે એમના પર વાંધો ઉઠશે કે તે સમયે તો તમે હાજર પણ ન હતા પછી તમે કઈ રીતે ગવાહ બની ગયા ?! તો એઓ જવાબ આપશે કે, હે અલ્લાહ ! તારા હબીબ મુહમ્મદ ﷺએ અમને જણાવ્યું કે તારા રસૂલોએ તબ્લીગનો હક્ક અદા કરી આપ્યો અને નબી કરીમ ﷺ પોતાની ઉમ્મતની સદાકત (સચ્ચાઈ) તથા અદાલતની ગવાહી આપશે, કેમ કે હુઝૂર ﷺ પોતાના ઉમ્મતીઓની હાલતથી સંપૂર્ણપણે વાકેફ છે. જેમ કે **શાહ અબ્દુલઅઝીઝ** رحمۃ اللہ علیہ પોતાની તફસીર **ફતહુલ અઝીઝ**માં લખે છે :–

(અર્થ) : **તમારો રસૂલ તમારા પર ગવાહી આપશે, કેમ કે તેઓ જાણે છે પોતાની નબુવ્વતના નૂરથી પોતાને દીનના માનવાવાળાના દરેક રુત્બાને કે મારા દીનમાં આનો કયો દરજ્જો છે અને તેના ઈમાનની હકીકત શું છે, અને તે કયો પર્દો છે જેના**

**લીધે તેની તરક્કી અટકેલી છે. વળી તે તમારા ગુનાહોને પણ ઓળખે છે. તમારા ઈમાનના દરજાઓને, તમારા નેક તથા બુરા સર્વ અમલોને, અને તમારા ઈખ્લાસ (નિખાલસતા, નિઃસ્વાર્થપણુ) તથા નિફાક (દિલમાં ઈમાન નહીં જાહેરમાં ઈમાન દર્શાવવું તે)ને. (નોંધ** : વહાબી દેવબંદીઓ ! હઝરત અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہ પર શું શિર્કનો ફત્વો લગાડશો ?! ઈલ્મે ગયબ બાબતે **"રસૂલને એની શું ખબર ?!"** કહેનાર "તકવિયતુલ ઈમાન" કિતાબ પર કુર્આનથી વિશેષ ઈમાન રાખનારા દેવબંદીઓ પાસે આનો શો જવાબ છે ?!)

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**૧૬૪.** સોળ સત્તર મહિના માટે બૈતુલ મુકદસને કિબ્લો નિશ્ચિત કરવા અને પછી રાબેતા મુજબ કા'બાને કિબ્લો બનાવી દેવાની હિકમત વર્ણન કરવામાં આવી રહી છે કે તેઓ જેઓ નબી ﷺનું કશાય વાંધાવચકા વિના આજ્ઞાપાલન કરે છે તેઓ એ લોકોની અલગ પડી જાય જેઓ વાત વાતમાં વાંધા કરવા અને પોતાની બુદ્ધિથી સનદ લાવવાના આદી છે. لِنَعْلَمَનો સામાન્ય અર્થ તો એ છે કે, "જેથી અમે જાણી લઈએ" એનાથી એ શંકા થાય છે કે શું અલ્લાહ તઆલા પહેલાં એમને જાણતો ન હતો ? એટલા માટે અલ્લામા કુર્તબીએ સૈયદુલ ફુસહા વ ઈમામુલ બલગા હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી لِنَعْلَمَનો અર્થ لِنَرَیٰનકલ કર્યો છે, એટલે કે જે અમારા ઈલ્મે અઝલીમાં કદીમ (હમેશાં)થી છે તેને અમલી રીતે અસ્તિત્વમાં આવતું જોઈ લેવામાં આવે.

والعرب تضع العلم مكان الرؤية والرؤية مكان العلم

અરબવાસીઓ શબ્દ ઈલ્મે રૂયત (જોવાને)ના અર્થમાં અને રૂયતે ઈલ્મના અર્થમાં સામાન્ય ઉપયોગ કરતા રહે છે, એટલા માટે હવે કોઈ શંકા ન રહી.

### યા ગૌષે આ'ઝમ દસ્તગીર ! رضی اللہ عنہ

*કૌન હૈ ષાની તુમ્હારા ગૌષે આ'ઝમ દસ્તગીર*
*આપ હૈં કુત્બે ઝમાના આપ હૈં પીરોં કે પીર*

*હો કરમ સરકારે આલમ અઝ તુફૈલે ઔલિયા*
*દસ્તગીરી કિજીયે યા ગૌષે આ'ઝમ દસ્તગીર !*

*ઘીર ગઈ ઉમ્મત બલાઓંમેં રસૂલેપાક ﷺ કી*
*શાહે જીલાં લો ખબર કિ આપ હી હૈં બેનઝીર*

*અઝ તુફૈલે હઝરતે અહમદ રઝા ફર્યાદ હૈ*
*નજદીયત કો કરદો હૈરાં અય મેરે રોશન ઝમીર !*

*હિંદ મેં એહલે સુનન પર ફિર બળ્હા હૈ ઝુલ્મો ઝોર*
*પાસબાની કિજીયે આપ હૈં વિલાયત કે અમીર*

*કુમ્બે ઈઝની કેહ કે મુર્દોં કો જિલાયા આપને*
*ઝિંદા કરદો ફિર દિલોં કો રોક દો ઝુલ્મત કો ફિર*

*એક **'અમજદ'** હી નહીં દુન્યા મેં યૂં હૈં બેશુમાર*
*આપ કે દરબારે આલી કે ફકીરોં કે ફકીર*

**–રજૂકર્તા : મૌલાના અમજદ અલી–ભરૂચ**

આજ્ઞાંકિત તથા વાંધો ઉઠાવનારની પહેચાન કરવા ઉપરાંત કિબ્લાની તબદીલીમાં એ હિકમત પણ હોઈ શકે છે કે એનાથી એ બાબતના એલાનનો હેતુ છે કે હવે સયાદત (સરદારી) અને નબુવ્વત બની ઈઝરાઈલથી નીકળીને ઔલાદે ઈસ્માઈલમાં આવી ગઈ એટલા માટે કા'બાને કિબ્લો બનાવી દેવામાં આવ્યો.

**૧૬૫.** અમુક સહાબાને એવો ખયાલ આવ્યો કે જે મુસલમાનો બૈતુલ મુકદસની તરફ નમાઝો પઢતા રહ્યા અને કિબ્લાની બદલી પહેલાં ઈન્તેકાલ કરી ગયા તેમની નમાઝો તો બેકાર થઈ ગઈ ! તેમના સંતોષને ખાતર ફર્માવ્યું કે તેમની નમાઝો બેકાર નથી થઈ, તેઓ તો અલ્લાહ તઆલાના હુકમથી જ બયતુલ મુકદસની તરફ મોઢું કરીને નમાઝો અદા કરતા રહ્યા એટલા માટે (નમાઝો) બેકાર થવાનો તો સવાલ જ ઉભો નથી થતો.

## દર્સે હદીષે પાક

**મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ**

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૧ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કોઈ આદમીઝાદા એવો નથી[૧] જેને જન્મની વેળા શૈતાન ન અડકતો હોય. તે બાળક શૈતાનના અડકવાથી જ ચીખે છે[૨], મરયમ તથા તેમના ફરઝંદ[૩] સિવાય. *(બુખારી તથા મુસ્લિમ)*

એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلی اللہ علیہ وسلمએ કે જમીન પર પડતી (જન્મ)વેળા બાળક ચીખ (રૂદન) શૈતાનના સ્પર્શથી છે[૪].

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلی اللہ علیہ وسلمએ કે શૈતાન પાણી પર પોતાનો તખ્ત બિછાવે છે[૫] પછી પોતાના વિવિધ લશ્કરને લોકોમાં ફિત્નો નાખવા માટે મોકલે છે[૬]. તેઓમાં નિકટતમ દરજાવાળો તે હોય છે જે મોટો ફિત્ના કરનાર હોય છે[૭]. તેઓમાંથી આવીને એક કહે છે કે મેં ફલાણા ફલાણા ફિત્ના ફેલાવ્યા. ઈબ્લીસ કહે છે કે, કાંઈ નહીં ! પછી અન્ય બીજો આવીને કહે છે કે મેં ફલાણાને ત્યાં સુધી ન છોડયો જ્યાં સુધી તેના તથા તેની પત્નીમાં જુદાઈ ન કરાવી દીધી[૮]. ફર્માવ્યું, ઈબ્લીસ તેને પાસે બેસાડે છે અને કહે છે, "તું ઘણો જ સારો છે !" અઅમશ ફર્માવે છે, મને ખયાલ છે કે ફર્માવ્યું, "એને ગળે લગાડી લીધો !"[૯] *(મુસ્લિમ)*

## ★ સમજૂતી ★

**૧.** એટલે હઝરત આદમ علیہ السلام તથા હવ્વા رضی اللہ عنہا ને શૈતાન સ્પર્શ ન કરી શક્યો કેમ કે તેઓ આદમીઝાદા (માણસનાં પેદા કરેલ) નથી.

**૨.** એનાથી આપણા નબી કરીમ صلی اللہ علیہ وسلم અપવાદ છે. આવા સ્થાને કહેનાર અલિપ્ત હોય છે. તેહકીકથી સાબિત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم રડતા પેદા નથી થયા. *(અઝ : અશ્અતુલ લમ્આત)*

**૩.** ઈસા علیہ السلام. એટલે બંને બુઝુર્ગોને શૈતાન સ્પર્શી ન શક્યો, જેમ કે બુખારી શરીફમાં છે કે પેદાઈશના સમયે શૈતાન બાળકની કૂખમાં આંગળી મારે છે જેની તકલીફથી બાળક રડે છે. આ બંનેવ બુઝુર્ગોની પેદાઈશના સમયે પણ શૈતાને આ હરકત કરી પણ તેની આંગળી પડદામાં લાગી જે રબ તઆલાએ તેની તથા તેમની વચ્ચે પેદા કરી દીધો હતો. આ હદીષનું સમર્થન કુર્આન પાકની આ આયતથી થાય છે :

قَالَتْ اِنِّیٓ اُعِیْذُ هَابِكَ وَذُرِّيَّتَهَا مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

**૪.** કે તે બાળકની કૂખમાં આંગળી મારે છે અને તેની તકલીફથી બાળક રડે છે. એટલા માટે **સુન્નત** છે કે બાળક પેદા થતાં જ તેને ગુસ્લ આપીને જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં તકબીર કહી દેવામાં આવે જેથી શૈતાન દૂર થઈ જાય, કેમ કે અઝાનના અવાજથી શૈતાન નાસે છે. કેટલાક દિલના માંદા આ હદીષોનો ઈન્કાર કરે છે, આ તેમની અધૂરી અક્કલમાં નથી સમાતી. કદાચ તેઓ બાળકના કાનમાં અઝાનનો પણ ઈન્કાર કરતા હશે ! આશ્ચર્ય છે કે ગરમ ઠંડી હવા બાળક પર અસર કરી શકે અને બાળક તેની તકલીફથી રડી શકે પણ શૈતાન જે હવાથી પણ વધારે લતીફ (બારીક) છે તેની અસર તેમની સમજમાં નથી આવતી ! એઓ જૂઠા અને એમની બુદ્ધિઓ ખોટી ! રસૂલ صلی اللہ علیہ وسلم સાચા. યાદ રાખશો કે શૈતાનની આ હરકતો બાળક પર અત્યારથી કબ્જો જમાવવાના

માટે છે. (તેના પોતાના ખયાલમાં), નહીં તો બહેકાવવું હોશ સંભાળ્યા (સમજ આવ્યા) પછી શરૂ થાય છે.

**૫.** દરરોજ સવારના સમયે સમુદ્ર પર જ્યારે પોતાનો કારોબાર શરૂ કરે છે, પણ તેનો તખ્ત સમુદ્રમાં ડૂબતો નથી કેમ કે એ પોતે પણ આગથી બનેલો છે, તેનો તખ્ત પણ આગથી બનેલો. આજે નાવડીઓ તથા જહાઝો ડૂબવાથી સુરક્ષિત છે.

**૬.** સરાયા સરયાનું બહુવચન છે. નાની ફોજના અર્થમાં. જંગી સંખ્યા પાંચ વ્યક્તિઓથી ચારસો સુધી હોય. શૈતાનની ઔલાદની વિવિધ જમાઅતો છે, તેમનાં નામ તથા કામ અલગ અલગ છે. જેમ કે વઝૂમાં બહેકાવનારી જમાઅતનું નામ "દહલાન" છે અને નમાઝમાં વસવસા નાખનાર જમાઅતનું નામ "ખન્ઝબ" છે. એ જ પ્રમાણે મસ્જિદોમાં, બજારોમાં, શરાબખાનાઓમાં તેની વિવિધ ફોજો રહે છે.

**૭.** ઈબ્લીસ પોતાની ઔલાદમાંથી તેને પોતાની ખાસ નિકટતા બખ્શે છે જે લોકોમાં મહાન ગુમરાહી કે ફિત્નો ફેલાવીને આવે.

**૮.** એ રીતે કે તલાક કરાવી દીધી. તલાક જો કે મુબાહ ચીજ છે પણ મોટા ભાગે ઘણી જ ખરાબીઓની જડ બની જાય છે એટલા માટે ઈબ્લીસ એના પર ખુશ થાય છે. એટલા માટે નબી કરીમ ﷺએ ફર્માવ્યું :–

اَبْغَضُ الْحَلَالِ الطَّلَاقُ શક્ય હોય ત્યાં સુધી એનાથી બચવું બેહતર છે. અથવા મતલબ એ છે કે મેં પતિ પત્નીમાં જુદાઈ કરાવી દીધી કે પતિની પત્નીને લટકાવી દીધી કે ન છૂટી કરે ન વસાવે. આ સખત જુર્મ છે. રબ તઆલાએ ફર્માવ્યું : فَتَذَرُوْهَا كَالْمُعَلَّقَةِ આ સ્થિતિમાં હદીષ તદ્દન સ્પષ્ટ છે.

**૯.** આ હદીષથી **બે મસ્અલા** માલૂમ પડયા : **એક** એ કે જે શખ્સ નાહક્ક પતિ પત્નીમાં જુદાઈની કોશિશ કરે તે ઈબ્લીસની જેમ મુજરિમ છે. **આના પરથી તે આમિલ (બાપુ) લોકો સબક હાંસલ કરે કે જેઓ પતિ પત્નીમાં જુદાઈ માટે તાવીઝ તથા અમલિયાત કરે છે. બીજુ** એ કે હુઝૂર ﷺની નિગાહથી ઈબ્લીસ વગેરે કોઈ ચીજ છુપી નથી, કેમ કે જાહેર એ છે કે હુઝૂર ﷺ અનુભવ કરીને આ સર્વ કાંઈ ફર્માવી રહ્યા છે.

## વ્યાજખોરીથી બચો !

કાર્યાલય

**૧.** હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હુઝૂર علیہ السلام એ વ્યાજ લેનાર તથા આપનારાઓ, વ્યાજના દસ્તાવેજ લખનારાઓ અને તેના ગવાહો પર લા'નત ફર્માવી છે અને ફર્માવ્યું કે તે સૌ (ગુનાહમાં) સમાન ભાગીદાર છે.

**૨.** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હન્ઝલહ "ગસીલિલ મલાઈકહ" رضی اللہ عنہ એ કહ્યું કે હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે, વ્યાજનો એક દિરહમ જેને માણસ જાણીબુઝીને ખાય તેનો ગુનોહ છપ્પન વખત વ્યભિચાર કરવાથી પણ વિશેષ છે. *(અહમદ, દારકુતની, મિશ્કાત શરીફ)*

**૩.** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે, રસૂલે કરીમ علیہ السلام એ ફર્માવ્યું કે, **વ્યાજનો ગુનોહ એવા સિત્તેર ગુનાહોની જેમ છે જેમાં સૌથી ઓછા દરજ્જાનો ગુનોહ એ છે કે, "પુરૂષ પોતાની માં સાથે વ્યભિચાર કરે."** *(ઈબ્ને માજહ, બયહકી)*

**૪.** હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે, હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જે માણસ કોઈને કરજ આપે અને પછી કરજ લેનાર તેની પાસે કોઈ હદિયો અને તોહફો મોકલે અથવા સવારી માટે કોઈ જાનવર રજૂ કરે તો તે સવારી પર સવાર ન થશો અને તેની ભેટ સોગાદનો સ્વીકાર ન કરશો, હા ! જો કર્જ આપનાર સાથે પહેલાંથી જ આપસમાં આ પ્રકારનો વહેવાર ચાલતો આવ્યો હોય તો કાંઈ વાંધો નથી. *(ઈબ્ને માજહ, બયહકી)*

હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ હદીષ શરીફની શરહમાં ફર્માવે છે કે : **(અર્થ)** : "દરેક તે કરજ જેમાંથી નફો હાંસલ કરવામાં આવે તે **વ્યાજ** છે."

**ચેતવણી :** (૧) વ્યાજ "કતઈ હરામ" છે તેના હરામ હોવાનો ઈન્કાર કરનાર **"કાફિર"** છે. અને હરામ સમજીને વ્યાજ લેનારો "ફાસિક" છે તેની "ગવાહી સ્વીકારને પાત્ર નથી." *(બહારે શરીઅત)*

شفا شریف شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

તફસીરકારોએ અલ્લાહ તઆલાના ઈર્શાદ : وَلَقَدْ اٰتَيْنَآ اِبْرٰهِيْمَ رُشْدَهٗ مِنْ قَبْلُ *(સૂરએ અંબિયા, આયત–૫૧)*ની તફસીરમાં લખ્યું છે કે, اَیْ هَدَيْنٰهُ صَغِيْرًا "એટલે અમે તમને નાની વયમાં રસ્તો દેખાડયો." હઝરત મુજાહિદ અને ઈબ્ને અતા رحمۃ اللہ علیہما વગેરેનો કૌલ છે :–

اصطفاء قبل ابداء خلقه "અલ્લાહ તઆલાએ તેમને મખ્લૂકની પૈદાઈશના પહેલાથી પસંદ કરી લીધા હતા." કેટલાક વિદ્વાનો ફર્માવે છે કે, જ્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પૈદા થયા તો અલ્લાહ તઆલાએ તેમના પાસે એક ફરિશ્તો મોકલ્યો જેણે ખુદાની તરફથી આપને આ હુકમ પહોંચાડયો હતો કે, અલ્લાહ તઆલાને હૃદયથી માનજો અને જબાનથી તેનું ઝિક્ર કરતા રહેજો. તેમણે ફરિશ્તાને જવાબ આપ્યો હતો, "કદ્ ફઅલ્તુ" (એટલે મેં આવું જ કર્યું છે.) અને "અફઅલુ" ફર્માવ્યું ન હતું કે, હું આવું કરીશ. આપનું આ ફર્માવવું (પેદાઈશી) રૂશ્દો હિદાયતના કારણે હતું. કેટલાક હઝરાતનું કથન છે કે, જ્યારે હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہને આગમાં નાખવામાં આવ્યા હતા ત્યારે આ સમયે આપની ઉંમર ૧૬ વર્ષની હતી. જ્યારે ઈસ્હાક رضی اللہ عنہને ઝુબ્હના દ્વારા અજમાવવામાં આવ્યા ત્યારે આ સમયે ઉમર શરીફ સાત વર્ષની હતી. જ્યારે હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہએ તારાઓ, ચાંદ અને સૂરજના દ્વારા (તૌહીદ પર) દલીલો કરી તે સમયે આપની ઉંમર પંદર વર્ષની હતી.

હઝરત યૂસુફ علیہ السلامને તેમના ભાઈઓએ કૂવામાં નાખી દીધા તે સમયે તેઓ બાળવયના હતા. જે બનાવના વિશે અલ્લાહ جل جلالہએ ફર્માવ્યું છે :–

وَاَوْحَيْنَآ اِلَيْهِ لَتُنَبِّئَنَّهُمْ بِاَمْرِهِمْ هٰذَا وَهُمْ لَا يَشْعُرُوْنَ

"અને અમે તેને વહી મોકલી કે જરૂર તમે તેમને તેમનું આ કામ એવા સમયે યાદ અપાવીશ જયારે તેઓ જાણતા નહીં હોય." *(સૂરએ યૂસુફ, આયત–૧૫)* આ સિવાય પણ હઝરાત અંબિયાએ કિરામના કેટલાક બીજા બનાવો છે.

તફસીરકારોએ હઝરત આમેના બિન્તે વહબ رضی اللہ عنہا (વાલિદા માજિદા સૈયદુલ મુરસીલન صلی اللہ علیہ وسلم)થી રિવાયત કરી છે કે જ્યારે નબી કરીમ صلی اللہ علیہ وسلم દુનિયામાં પધાર્યા ત્યારે આપે જમીનની તરફ પોતાના મુબારક હાથ ફેલાવેલા હતા અને મુબારક માથું આસમાનની તરફ ઉઠાવેલું હતું.

## સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمનું બચપણ

સરવરે કૌનેન صلی اللہ علیہ وسلمફર્માવે છે કે હું સમજણ આવે એ ઉંમરે પહોંચ્યો ત્યારે મેં જોયું કે મૂર્તિઓ તથા શાયરીથી મને જન્મથી જ નફરત હતી. મેં કોઈ એવા કામનો તદન ઈરાદો નથી કર્યો જે જાહિલિયતના (ઈસ્લામના આગમન પહેલાંના) દૌરમાં રિવાજ પામેલ હતાં. આપે કદી એવી બાબતોનો ખયાલ સુદ્ધાં નથી કર્યો.

બચપણ પછી હઝરાત અંબિયાએ કિરામ علیہم السلامના મર્તબા અધિક વધી જાય છે કેમ કે તેમના પર ક્રમે ક્રમે અલ્લાહના ઈનામોની વર્ષા વરસવા લાગે છે અને અન્વાર તથા મઆરિફથી તેમનાં હૃદયો ઝગમગવા લાગે છે, ત્યાં સુધી કે રૂશ્દો હિદાયતની હદ સુધી પહોંચી જાય છે. કેમ કે અલ્લાહ તઆલાએ તેઓને નબુવ્વતના માટે પસંદ કરી લીધા હોય છે અને તેઓ કોઈપણ અનુભવ

વિના અને રિયાઝતની ઉત્તમ ખૂબીઓ વિના એ ઉચ્ચ સ્થળ પર નિયુક્ત થઈ જાય છે જેનાથી બીજી કોઈ અંતિમ સીમા નથી. એ માટે આ સિલસિલામાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ اٰتَيْنَاهُ حُكْماً وَّعِلْماً

"અને જયારે પોતાની સંપૂર્ણ તાકાતે પહોંચ્યા (ત્યારે) અમે તેને હકમ (હિકમતો) અને ઈલ્મ આપ્યો." *(સૂરએ યૂસુફ, આયત–૨૨)*

આપણે જોઈએ છીએ કે, બીજા લોકોમાં પણ આમાંથી કેટલીક આદતો જોવા મળે છે અને તે તેમની પ્રકૃતિમાં સામેલ હોય છે. તેના પછી અલ્લાહ તઆલાની મહેરબાનીના કારણે મહેનતની રીતે તેમના માટે કમાલ (કાબેલિયત) પ્રાપ્ત કરવું સરળ બનતું જાય છે. જેવું કે આપણે અમુક બાળકોમાં જોઈએ છીએ કે, બચપનમાંથી જ તેમની આદતો પસંદ પડે તેવી અને તેજ બુદ્ધિવાળી પ્રકૃતિવાળાં સ્વભાવ હોય છે અને તેઓ સત્યનિષ્ઠ, દાને□રી, બહાદુર, સબ્ર કરનાર અને સહનશીલ સ્વભાવનાં હોય છે. જયારે કેટલાંક તેનાથી ઉલ્ટાં નજરે આવે છે, પછી તે કોશિશ દ્વારા પોત પોતાની શિષ્ટાચારની ખૂબીને જાહેર કરતા જાય છે. કેટલાક સમયે રિયાઝત તથા મુજાહિદાના કારણે લોકોમાં આવા સંસ્કાર અને આદતો પણ પૈદા થઈ જાય છે જે પહેલાં તેઓમાં જોવા મળતાં ન હતાં અને આવું કરવાથી કેટલાક સમયે વક્રતા દૂર થઈ જાય છે અને આદતો સંતુલન પર આવી જાય છે. કથિત બંને હાલતના કારણે મનુષ્યના સંસ્કાર અને આદતોમાં ફર્ક પડી જાય છે અને દરેક શખ્સના માટે તે જ કામ સરળ થઈ જાય છે જેના માટે તેને પૈદા કર્યો છે. પૂર્વજ બુઝુર્ગોના નેક લોકોમાં મતભેદ પૈદા થયો હતો કે (ખુશખુલ્ક઼ી) સુશિલતા સ્વભાવિક છે કે ઝાતી ! કથિત તકરીરથી આ જટિલ સમસ્યા પણ ઉકેલાઈ ગઈ.

ઈમામ અબૂ જઅફર મુહમ્મદ બિન જરીર તબરી رحمة الله عليه એ કેટલાક પૂર્વજોથી રિવાયત કરી છે કે, મનુષ્યમાં સારા સંસ્કાર સ્વભાવિક અને કુદરતી હોય છે અને તેમણે આ કથન હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضى الله عنه અને ઈમામ હસન બસરી رضى الله عنهથી નકલ કર્યું છે અને પોતાનું દષ્ટિબિંદું પણ આ જ છે. જયારે કે દુરસ્ત તે જ છે જે અમે ઉપરની પંક્તિઓમાં દલીલોથી સાબિત કરી ચૂક્યા છીએ.

હઝરત સઅદ બિન અબી વક્કાસ رضى الله عنهથી રિવાયત છે કે, મો'મિન બદ્દાનત અને જૂઠના સિવાય દરેક આદત પર પૈદા થઈ શકે છે. હઝરત ઉમર બિન ખત્તાબ رضى الله عنهથી મરવી છે કે, હિંમત અને ડરપોકપણું કુદરતી છે, જયાં ઈચ્છે ત્યાં અલ્લાહ તઆલા તેમને રાખી દે. આમ તો ખૂબસૂરત વર્તણૂંક અને ઉત્તમ આદતો ગણત્રીની બહાર છે. એ માટે અમે કેવળ પાયાના અખ્લાકની ચર્ચા કરીશું ને બીજા કાર્યોની તરફ ઈશારો કરી આ સાબિત કરીશું કે, નબી કરીમ صلى الله عليه وسلمને સમગ્ર મહાન સંસ્કારોમાં કેટલે હદ સુધી મર્તબો પ્રાપ્ત છે.

## કોઈની જમીન પચાવી પાડવી કેવી ?!

હઝરત સઈદ ઈબ્ને ઝયદ رضى الله عنه એ કહ્યું કે, હુઝૂર عليه السلام એ ફર્માવ્યું કે, **જે શખ્સ કોઈની વેંત જેટલી જમીન જુલમથી હાંસલ કરશે તેને કિયામતના દિવસે સાત જમીનોનો તૌક પહેરાવવામાં આવશે.** *(મુસ્લિમ શરીફ તથા બુખારી શરીફ, બહવાલા (ગુજરાતી) અન્વારુલ હદીષ, પેજ : ૨૦૫)*

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંધારવી

## નમાઝ

ઈમાન અને અકીદાને સહીહ ઠીક કર્યા પછી બધાય ફર્ઝોમાં મોટો ફર્ઝ નમાઝ છે. કુર્આન અને હદીષમાં એની ઘણી જ તાકીદ આવી છે. જે માણસ નમાઝ ફર્ઝ છે એવું નહીં માને અથવા તો નમાઝને તુચ્છ ગણશે તો તે **કાફિર** છે અને જે માણસ નમાઝ ફર્ઝ છે એવું માનવા છતાં પઢશે નહીં તો તે ઘણો જ **ગુનેહગાર** થશે. આખેરતમાં દોઝખમાં નાખવામાં આવશે. ઈસ્લામી બાદશાહને માટે હુકમ છે કે તે તેને કત્લ કરી દે.

**મસ્અલો** : બાળક જ્યારે સાત વર્ષનું થઈ જાય ત્યારે એને નમાઝ પઢતાં શીખવાડવામાં આવે અને જ્યારે ૧૦ વર્ષનું થઈ જાય એટલે મારીને પણ પઢાવવામાં આવે.

આ કિતાબમાં અમે તમને નમાઝ પઢવાની રીત બતાવીએ તે પહેલાં તે છ વાતો બતાવીએ કે જેના વિના નમાઝ શરૂ જ નથી થઈ શક્તી. એ છ વાતોને નમાઝ નમાઝની શરતો કહે છે.

**નમાઝની શરતો** : (૧) પાકીઝગી (૨) સતરે ઔરત (૩) સમય (૪) કિબ્લા તરફ મોઢું કરવું (૫) નિય્યત (૬) તકબીરે તહરીમા.

**પહેલી શરત** : તહારત (પાકીઝગી) એનો મતલબ એ છે કે નમાઝીનું શરીર, કપડાં અને નમાઝની જગા પર કોઈપણ જાતની નાપાકી (ગંદકી) જેમ કે પેશાબ, પાયખાનું (ટોયલેટ), લોહી, દારૂ, ગોબર (લીંડ), મરઘાંની અઘાર વગેરે લાગેલી ન હોય. વળી નમાઝી ગુસ્લ (નહાયા) કે વુઝૂ વગરનો ન હોય.

**બીજી શરત** : સતરે ઔરતનો મતલબ એ છે કે પુરૂષના શરીરમાં ડુંટીથી લઈને ઘુંટણની નીચે સુધી અને સ્ત્રીના શરીરમાં મોં–હથેલીઓ અને પગોની પાટલીઓ સિવાયના તમામ ભાગો છુપાવવા.

**ત્રીજી શરત** : સમય, એટલે કે નમાઝ જે સમયે જે ટાઈમે પઢવાની નક્કી કરેલ છે તે જ સમયે પઢવી જોઈએ. જેમ કે ફજરની નમાઝ સુબ્હ સાદિકથી લઈને સૂરજ ઉગે ત્યાં સુધીમાં પઢવામાં આવે. ઝહોરની નમાઝ સૂરજ ઢળવા પછીથી (દિવસ અડધો થયા પછી) લઈને દરેક વસ્તુનો અસલી પડછાયો છોડીને ડબલ પડછાયો થાય ત્યાં સુધીમાં, અને અસરની નમાઝ દરેક વસ્તુનો અસલી પડછાયો છોડી ડબલ થાય ત્યારથી સૂર્યાસ્ત સુધી અને મગરેબની નમાઝ સૂર્યાસ્તથી લઈને આસ્માનની સફેદી જતી રહે ત્યાં સુધી અને ઈશાની નમાઝ આસ્માનની સફેદી જતી રહ્યા પછીથી સુબ્હ સાદિક શરૂ થતાં પહેલાં સુધીમાં પઢવામાં આવે.

(ઉપર બતાવેલ નમાઝના ટાઈમથી પહેલાં પઢવાથી નમાઝ બિલ્કુલ થશે જ નહીં અને ટાઈમથી મોડા પઢવાથી નમાઝ કઝા થએલી ગણાશે.)

**ચોથી શરત** : કિબ્લા તરફ મોઢું કરવું અર્થાત નમાઝની હાલતમાં કા'બા શરીફ તરફ હોવું જરૂરી છે.

**પાંચમી શરત** : નિય્યત એટલે કે જે વખતની જે નમાઝ પઢતા હોય ફર્ઝ, વાજિબ, સુન્નત, નફ્લ કે કઝા તેનો દિલમાં ચોક્કસ ઈરાદો કરવો જોઈએ કે હું ફલાણી નમાઝ પઢું છું.

**છઠ્ઠી શરત** : તકબીરે તહરીમા એટલે કે **અલ્લાહુ અકબર** કહી કૌલ બાંધવો. આ છેલ્લી શરત છે, **અલ્લાહુ અકબર** કહેતાં જ નમાઝ શરૂ થઈ ગઈ. હવે કોઈના સાથે વાતચીત કરી કે કંઈક ખાધું, પીધું અથવા કોઈક કામ નમાઝની વિરુધ્ધ કર્યું તો નમાઝ તૂટી ગઈ. પહેલી પાંચેય શરતો તકબીરે તહરીમાથી પહેલાં અને નમાઝ પૂરી થાય ત્યાં સુધી મૌજૂદ રહેવી જરૂરી છે, નહીં તો નમાઝ નહીં થાય.

# फतवा विभाग
कार्यालय

## વાજિંત્રો સાથે કવ્વાલી તથા સમાઅ હરામ હોવા વિશે...

ગતાંકથી ચાલુ

**★ જવાબ : ૪ ★**

વાજિંત્રો સાથે કવ્વાલી નાજાઈઝ તથા હરામ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَمِنَ النَّاسِ مَنۡ يَّشۡتَرِىۡ لَهۡوَ الۡحَدِيۡثِ لِيُضِلَّ عَنۡ سَبِيۡلِ اللّٰهِ

**(અર્થ)** : ''અને કેટલાક લોકો ખેલની વાતો કરે છે કે અલ્લાહની રાહથી બેહકાવી દે.'' અને ''ફતાવા અમજદિયા''માં છે : **સમઅ બામઝામીર હરામ અસ્ત** (વાજિંત્રો સાથે સમાઅ **હરામ** છે.) અને દુર્રે મુખ્તાર મઅ શામી, ભાગ–૫, પેજ–૨૪૫ પર છે :

الملاهی کلاها حرام قال ابن مسعود رضی الله تعالی عنه صوت اللهو والغناء ینبت النفاق القلب--

અન્ય પણ પુષ્કળ હદીષો હરામ હોવા વિશે આવેલી છે કે વાજિંત્રો હરામ છે. ઈમામ અહમદ ઈબ્ને હંબલે હઝરત અબૂ અમામા رضی اللہ عنہ થી રિવાયત કરી, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : **(અર્થ)** : ''મને અલ્લાહ તઆલાએ મો'મિનોની હિદાયત તથા રહમતના માટે મોકલ્યો છે અને **મને રાગ તથા વાજિંત્રોને નાબૂદ કરવા તથા નાશ કરવાનો** હુકમ આપ્યો છે.'' અને સહીહ બુખારીમાં છે, રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : **(અર્થ)** : ''મારી ઉમ્મતના અમુક લોકો ઝિના, રેશમ, શરાબ અને વાજિંત્રોને **હલાલ** જાણશે.'' જેથી વર્ણવેલ સવાલમાં કવ્વાલી વાજિંત્રો સાથે નાજાઈઝ તથા હરામ છે અને આ હુકમ આમ (સર્વ સામાન્ય) છે, દરેક મુસલમાન આકિલ, બાલિગના માટે છે ચાહે તે કોઈપણ સિલસિલાથી સંબંધ ધરાવતો હોય, કે શરીઅતના હુકમો પર અમલ કરવો સૌના માટે ફર્ઝ છે. **ઝૈદનું કથન** (કે ચિશ્તી અશરફી સિલસિલામાં વાજિંત્રો સાથે કવ્વાલી જાઈઝ છે એ) **ગલત** તથા **બાતિલ** છે, એના માટે અનિવાર્ય છે કે **તૌબા તથા ઈસ્તિગફાર કરે** અને પોતાના કથનને પાછુ લે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : (મુફ્તી) મુહમ્મદ કૌષર અલી રઝવી (મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદાગ્રાન, **બરેલી શરીફ**, યુ.પી., ૨૬–રબીઉલ આખર હિ.સ. ૧૪૨૭)

**સહહલ જવાબ** : વલ્લાહુ તઆલા અઅ્લમ. (મુફ્તી) કાઝી અબ્દુર્રહીમ બસ્તવી મુહમ્મદી, સુન્ની, હનફી, કાદરી, નૂરી

**★ જવાબ : ૫ ★**

વર્ણવેલ સવાલમાં ઝૈદનું (વાજિંત્રો સાથે કવ્વાલી ચિશ્તી તથા અશરફી સિલસિલામાં જાઈઝ છે એવું) કહેવું **સખત ગલત** તથા ખુદાના મહબૂબ બંદાઓ ચિશ્તી સિલસિલાના મહાન બુઝુર્ગોના કથનોને જૂઠલાવવું છે અને તેમના પર **તોહમત** લગાડવું છે, કેમ કે વાજિંત્રો સાથે કવ્વાલી સાંભળવું સહીહ હદીષની વિરૂદ્ધ છે. બુખારી શરીફ ભાગ–૨, પેજ–૮૭૩માં છે : **(અર્થ)** : ''ચોક્કસ મારી ઉમ્મતમાં તે લોકો થનારા છે જેઓ હલાલ ઠરાવશે સ્ત્રીઓની શર્મગાહ એટલે ઝિના તથા રેશમી કપડાં તથા શરાબ અને વાજિંત્રો (વાજાં)ને.'' આ હદીષને રિવાયત કરી ઈમામ અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, મુહદ્દિષે ઈસ્માઈલી તથા અબૂ નુએમે સહીહ અસ્નાદ સાથે જેમાં કોઈ ટીકા ટીપ્પણ નથી કાઢી. અને ઈમામોની એક અન્ય જમાઅતે એને સહીહ ઠરાવી જેવું કે કેટલાક હુફ્ફાઝે કહ્યું છે. જેમ કે ઈમામ ઈબ્ને હજરે ''કફુર્રિઆઅ''માં ફર્માવ્યું છે. *(ફતાવા રઝવિય્યહ્, મુતર્જિમ, ભાગ–૨૪, પેજ–૧૧૫)* હિદાયહ, ભાગ–૪, પેજ–૪૫૩માં છે:

**(અર્થ)** : "મસ્અલો એના પર દલીલ પૂરી પાડે છે કે ખેલકૂદ (મનોરંજન)નાં સર્વ સામાનો હરામ છે." અને ચિશ્તી સિલસિલાના મહાન બુઝુર્ગોમાંથી મહબૂબે ઈલાહી સૈયદી વ મૌલાઈ નિઝામુલ હક્ક વ દીન સુલ્તાનુલ ઔલિયા رضی اللہ عنہ "ફવાઈદુલ ફવાદ" શરીફમાં ફર્માવે છે : **મઝામીર હરામ અસ્ત.** એટલે કે "ગાવા વગાડવાંનાં સાધનોનો ઉપયોગ કરવો **હરામ** છે." અને મૌલાના ફખ્રુદ્દીન ઝરાવી—ખલીફા સૈયેદેના મહબૂબે ઈલાહી رضی اللہ تعالیٰ عنہما એ હુઝૂરના જમાના મુબારકમાં ખૂદ હુઝૂરના હુકમથી "કશ્ફુલ કનાઅ અન ઉસૂલિસ્સમાઅ" કિતાબ લખી એમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, **"અમારા મશાઈખે કિરામ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین**નો સમાઅ આ વાજિંત્રોના આક્ષેપથી પાક છે,** તે કેવળ કવ્વાલીનો અવાજ છે તે શેઅરો સાથે જે સિફતે ઈલાહીના કમાલથી ખબર આપે છે." **અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફીએ** જાઅલ હક્ક, ભાગ—૧, પેજ—૩૧૨માં જાઈઝ તથા નાજાઈઝ હોવા બાબતે (દેવબંદીઓનો વાંધો હતો એટલે તેમના જ મોલ્વીની કિતાબ) ફતાવા રશીદિયહ્ પેજ—૫૬૯ના લખાણને દલીલ રૂપે પેશ કર્યું છે કે, "વાજિંત્રો વિના રાગનું સાંભળવું જાઈઝ છે જો ગાનાર ફાસિક ન હોય અને રાગનું મઝમૂન (વિષય) શરીઅત વિરૂદ્ધ ન હોય." આ હવાલાઓથી જાહેર થઈ ગયું કે **ચિશ્તી તથા અશરફી સિલસિલાઓના બુઝુર્ગોની નજીક પણ વાજિંત્રો સાથે કવ્વાલી સાંભળવી જાઈઝ નથી. કેમ કે સર્વ સિલસિલાઓની શરીઅત એક જ છે અને શરીઅતનો હુકમ સૌના માટે સરખો છે. (એમાં કોઈ અપવાદ નથી !)** રહ્યો ઝૈદના **વિશે શરીઅતનો હુકમ !** તો એના બારામાં ફતાવા રઝવિય્યહ (તર્જુમા સાથે) ભાગ—૨૪, પેજ—૧૧૬માં છે : **"કાશ ! માણસ ગુનોહ કરે તેને ગુનોહ સમજે, સ્વીકારે અને હઠાગ્રહથી પાછો ફરે. પરંતુ એ તો અધિક સખત છે કે હવસ પણ પાળે અને ઈલ્ઝામ પણ ટાળે ! પોતાના માટે હરામને હલાલ બનાવી લે ! વળી એના પર જ બસ નહીં, બલ્કે અલ્લાહની પનાહ ! તેની તોહમત ખુદાના મહબૂબ બંદાઓ સિલસિલા આલિયા ચિશ્તિયાના બુઝુર્ગો** قدست اسرارہم**ના માથા પર થોપે છે ! ન ખુદાથી ડર ન બંદાઓની શરમ કરે છે !"** વહુવ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફ્તી) નઝરુલ હક્ક મિસ્બાહી ખાદિમ : ઈફતા દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ—**થામ,** તા. જિ. ભરૂચ (ગુજરાત) તા. ૩—૭—૨૦૦૬

**★ જવાબ : ૬ ★**

તમામ સિલસિલાઓનું મૂળ શરીઅતે પાક છે. તમામ સિલસિલાઓના બુઝુર્ગાને દીન શરીઅતે પાકના પર ચાલનારા અને પાબંદ છે... વર્તમાનકાળમાં રિવાજ પામેલ કવ્વાલી જેમાં વિવિધ પ્રકારના રાગ તથા વાજિંત્રો, ગંદા ઈશ્કીયા શેઅરો, ફાસિક ફાજિર કવ્વાલ, રૂપિયા કમાવા એ તેમનો મૂળ હેતુ હોય છે. આવી કવ્વાલી તમામ સિલસિલાના બુઝુર્ગો તથા ઉલમાએ દીનની નજીક નાજાઈઝ છે.

**કવ્વાલીની (વાજિંત્રો સિવાય પણ) ઘણી શરતો છે, એમાંથી એક એ છે કે કવ્વાલી સાંભળવાનો અહલ (લાયક) હોય.** અહલની વ્યાખ્યા (ઓળખ) એ છે કે સાત દિવસ સુધી ભૂખ્યો રહે, પછી એક તરફ ખાણુ તૈયાર હોય બીજી તરફ કવ્વાલીની મેહફિલ શરૂ થાય, તો ખાણુ ત્યજીને કવ્વાલીની મેહફિલમાં શરીક થઈ જાય. એટલા માટે ઉલમા ફર્માવે છે કે, (અર્થ) : જેઓ કવ્વાલી સાંભળવાના અહલ છે તેમના માટે હલાલ અને ગૈર અહલ (ગૈર લાયક)ના માટે હરામ છે. જે બુઝુર્ગો થકી કવ્વાલી સાંભળવા વિશે નકલ થયેલ છે તેઓ એના અહલ હતા. કવ્વાલીની શરતો સાથે સાંભળ્યા કરતા હતા. વલ્લાહુ તઆલા અઅ્લમ બિસ્સવાબ.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ મતીઉર્રહમાન નઈમી (ખાદિમે દારુલ ઈફતા, દારુલ ઉલૂમ શાહે આલમ, **અમદાવાદ,** ૧૦—જમાદીઉલ અવ્વલ, હિ. સ. ૧૪૨૭, તા. ૧૩—૬—૨૦૦૬)

# રહમતે દારૈનના શયદાઈ

★ રજૂકર્તા ★

ફરઝાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ

સ. હિ. ૧૮માં શામ અને ઈરાકમાં પ્લેગની ભયાનક વબા ફેલાઈ ગઈ. ઈસ્લામના ઈતિહાસમાં આ વબા "તાઉને અમવાસ"ના નામથી પ્રખ્યાત છે. મુસલમાનોને આ વબાથી સખત નુકસાન પહોંચ્યું અને એમના હજારો માણસો એમાં સપડાઈને મરણ પામ્યા. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને આ વબાની ખબર પહોંચી તો સખત બેચેની પેદા થઈ અને તેઓ એની તદબીર તથા વ્યવસ્થાના માટે જાતે શામ તશરીફ લઈ ગયા. હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ અને ફોજના બીજા અફસરોએ સર્ગની જગ્યા પર અમીરુલ મો'મિનીનથી મુલાકાત કરી. હઝરત ઉમર رضی اللہ عنہએ આ સહાબાઓથી મશ્વેરો કર્યો તો મોટા ભાગનાની સલાહ એ હતી કે આ જગ્યા (અમવાસ)થી હટી જવું જોઈએ પરંતુ હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને આ સલાહનો વિરોધ હતો. જેથી જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ મુનાદી કરાવી કે કાલે આખી ફોજ મારી સાથે અહીંયાથી કૂચ કરશે તો હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને ઘણો જ ગુસ્સો આવ્યો અને એમણે હઝરત ઉમર رضی اللہ عنہથી સંબોધન કર્યું, "અય ઉમર ! رضی اللہ عنہ શું આપ તકદીરે ઈલાહીથી ભાગી રહ્યા છો ?!"

હઝરત ઉમર رضی اللہ عنہએ જવાબ આપ્યો, "અબૂ ઓબૈદા ! رضی اللہ عنہ કદાચ આ વાત તમારા સિવાય કોઈ બીજાના મોંથી નીકળી હોત, હું તકદીરે ઈલાહીથી તકદીરે ઈલાહીની તરફ ભાગુ છું. તમે ખૂદ જ બતાવો કે જો થોડાક ઊંટોની સાથે તમારે એવી વાદીથી પસાર થવાનું હોય જેના બે કિનારાઓ હોય, એક વિરાન બીજો હરિયાળો લીલોછમ, તો શું હરિયાળા ભાગમાં ઊંટોને ચરાવવું તકદીરે ઈલાહીના પ્રમાણે નહીં હોય ?"

હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ પોતાની સલાહ પર કાયમ રહ્યા. હઝરત ઉમર رضی اللہ عنہએ મદીના મુનવ્વરા પાછા જઈને હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને પત્ર લખ્યો જેમાં એમને મદીના મુનવ્વરા આવવાના માટે કહેવામાં આવ્યું હતું. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ સમજી ગયા કે અમીરુલ મો'મિનીન એમને વબાવાળા ઈલાકાથી બહાર કાઢવાનું ઈચ્છે છે. એમણે જવાબમાં લખીને મોકલ્યું :–

"અમીરુલ મો'મિનીન ! આપ મને જે મતલબના માટે મદીના બોલાવવાનું ઈચ્છો છો હું એને સમજી ગયો. હું મુસલમાનોની ફોજમાં છું અને મારું દિલ એમનાથી જૂદુ થવાનું નથી ઈચ્છતું એટલા માટે મને અહીંયા રહેવા દો."

હઝરત ઉમર رضی اللہ عنہઆ પત્ર વાંચીને અનાયાસે રડી પડયા અને હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને એક બીજો પત્ર રવાના કર્યો જેમાં લખ્યું કે આ સમયે ફોજ જે જગ્યા પર છે તે ભીની અને નીચી છે એટલા માટે લશ્કરને લઈને કોઈ ઊંચી જગા બદલી નાખે.

હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ આ હુકમનું પાલન કર્યું અને ફોજને લઈને જાબિયહ્ જતા રહ્યું પરંતુ ત્યાં પહોંચતાં જ એમના પર બીમારીનો હુમ્લો થઈ ગયો. જ્યારે બીમારીએ જોર પકડયું તો એમણે હઝરત મઆઝ બિન જબલ અન્સાર رضی اللہ عنہને પોતાનો જાનશીન નક્કી ફર્માવ્યો અને લોકોને

અલ્લાહની ઈતાઅત અને એકતાની વસીયત કરતા પોતાની જાન જાને આફરીનને સોંપી દીધી. એ સમયે એમની ઉમર અઠ્ઠાવન વર્ષની હતી. હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہએ દફન વિધિનો સામાન કર્યો અને મુસલમાનોના સામે દર્દથી ભરેલ ખુત્બો આપ્યો જેમાં ફર્માવ્યું :–

"મુસલમાનો ! તમારા પર આજે એક એવા વ્યક્તિની જુદાઈની મુસીબત આવી પડી છે જેના જેવો ખુદાના બંદાઓમાંથી કોઈને નથી જોયો. તેઓ બધાથી વધીને દરગુજર કરવાવાળા હતા. બધાથી વધારે કીનાથી પાક હતા. મુસલમાનોના સૌથી વધારે ભલાઈ ઈચ્છનાર હતા અને એમના પર સૌથી વધીને મહેરબાન હતા, એટલા માટે તમે બધા એમના વાસ્તે રહમત અને મગફેરતની દુઆ કરો. ખુદાની કસમ ! હવે એમના જેવો કોઈ વ્યક્તિ તમારો સરદાર નહીં થશે."

એના પછી હઝરત મઆઝ رضی اللہ عنہએ નમાઝે જનાઝા પઢાવી. હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہઅને હઝરત ઝહાક બિન કૈસ رضی اللہ عنہ કબરમાં ઉતર્યા અને ઈસ્લામના આ જહાનને પ્રકાશિત કરતા સૂર્યને કબરમાં દફનાવી દીધો.

હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને દફનાવવાની જગાના વિશે મતભેદ છે. હાફિઝ ઈબ્ને હજર رحمۃ اللہ علیہએ "અલ્ અબાસા"માં એક જગ્યાએ એમની કબર ફહલમાં બતાવી છે. અને એક બીજી જગ્યાએ એમની દફનવિધિ બયસાનમાં બતાવી છે. ઈબ્ને અષીર رحمۃ اللہ علیہએ "અસદુલગાબા"માં એમની દફન થવાની જગા "અમવાસ" જણાવી છે જે રમલાથી બૈતુલ મુકદ્દસની તરફ ચાર ફર્લાંગની દૂરી પર છે. પરંતુ એમણે "બયસાન"વાળી રિવાયતને પણ રદ નથી કરી. હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہની ખાનગી જિંદગીના વિશે ઘણી ઓછી જાણકારી છે. એક રિવાયતના પ્રમાણે એમણે માત્ર એક નિકાહ કર્યો હતો. પત્નીનું નામ હિન્દ બિન્તે જાબિર رضی اللہ عنہا હતું. એમનાથી બે પુત્ર યઝીદ અને અમીર પૈદા થયા પરંતુ બંને મરણ પામ્યા.

એક બીજી રિવાયતમાં એમની બે પત્નીઓની વાત પણ થઈ છે. જો કે એમની નસલ આગળ ન ચાલવા પર સૌનો એકમત છે.

હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہથી મરવી થોડીક હદીષો પણ કિતાબોમાં મળે છે. એમના રાવીઓમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ, હઝરત અબૂ અમામા બાહલી رضی اللہ عنہ અને હઝરત સુરહ બિન જુન્દુબ رضی اللہ عنہ જેવા જલીલુલકદર સહાબા સામેલ છે.

## શબે મેઅરાજ આપ ﷺએ જે જોયું તેની ઝલક !

હુઝૂરે અકરમ ﷺ એ ફર્માવ્યું : હું એવી જમાઅતની પાસેથી પસાર થયો જેમના ચહેરા કાળા, આંખો લીલી કરેલી હતી, તેમના નીચલા હોઠો તેમના પગો નીચે ચગદાતા હતા અને ઉપલા હોઠ માથા પર નાખેલા હતા. પરુ, લોહી અને ગંદકી મોઢેથી વહેતી હતી. આગના પ્યાલાઓમાં તેમને ગરમ પાણી, દોઝખીઓનું લોહી તથા પીળુ પાણી પીવા મળતુ હતું. મેં હઝરત જિબ્રઈલ علیہ السلامને એના વિશે પૂછયું તો જવાબ મળ્યો કે, "આ આપની ઉમ્મતના **'શરાબી'** છે.

ફર્માવ્યું : હું એક એવી કૌમ પાસેથી પસાર થયો જેમનાં પેટ ફૂલેલાં હતાં, રંગ પીળા હતા, હાથ પગોમાં બેડીઓ અને ગળામાં તૌક પડેલા હતા. જ્યારે તેઓ ઉઠવા ચાહતા તો તેમનાં પેટો નીચે ખેંચતાં અને તેઓ ઊંધા મોઢે ગબડી પડતા. અઝાબે તેમને ઘેરી રાખ્યા હતા. જણાવવામાં આવ્યું કે આ તે લોકો છે જેઓ દુનિયામાં **'વ્યાજખોર'** હતા. *(મઆરિજુન્નબુવ્વત)*

# ઈસ્લામ અને આધુનિક શોધો

★ **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની ★ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

## દુઆનું કબૂલ ન થવું

દુઆઓ કબૂલ ન થવું પણ સરકાર ﷺ ની પેશનગોઈ છે. પહેલાં દુઆ કરતા હતા તો તેમની દુઆઓ કબૂલ થતી હતી પછી ઈજાબત (કબૂલ થવાને) ઉઠાવી લેવામાં આવ્યું અને કેવળ રમઝાન શરીફના મહીનામાં, મક્કા મોઅઝ્ઝમાની પાસે અને અરફાતમાં દુઆઓની અસર થતી રહી, પછી એ ક્રમ તદ્દન ઉઠાવી લેવામાં આવ્યો અને હવે દુઆની અસર નથી થતી. આપણે અલ્લાહથી ભલાઈનો સવાલ કરીએ છીએ. (આમીન) આખરી ચીજ જે હવે બાકી છે તે એ કે આપણે કુર્આને કરીમથી શફાઅતના તાલિબ થઈએ. અલ્લાહ આપણને એની બરકત અને એના પર અમલથી મેહરૂમ ન રાખે અને એના દામનથી આપણો તઅલ્લુક કાયમ રાખે. (આમીન) બેશક ! અલ્લાહ કરીમ છે, વહ્હાબ છે, હલીમ છે, રહીમ છે.

પાછલા પૃષ્ઠોમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ રજુ થઈ ચૂકી છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું : "આખર જમાનામાં એવા લોકો આવશે જેમના ચહેરા માણસો જેવા હશે અને તેમનાં દિલો શૈતાનોનાં દિલોની જેમ હશે. તેમનાં દિલોમાં રહમતનો કોઈ હિસ્સો હશે નહીં. એટલે સુધી આપે ફર્માવ્યું કે, "તેમનામાં જે સહનશીલ છે તે ગમુરાહ હશે તેમનામાં જેઓ સારી વાતોનો હુકમ આપવાવાળા હશે તેઓ બદ્અમલ હશે, મો'મિન તેમનામાં કમજોર હશે, ફાસિકનું સન્માન કરવામાં આવશે, સુન્નતને બિદઅત (નવી ચીજ) માનશે, તે વખતે એ લોકો પર બદ્માશ લોકોને સવાર કરી દેવામાં આવે છે. તેમનામાંથી નેક લોકો દુઆ કરશે તો દુઆ કબૂલ થશે નહીં."

અબૂ નુઐમે હઝરત અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "લોકો પર એવો જમાનો આવશે જેમાં મો'મિન (કામિલ) લોકો માટે દુઆ કરશે તો તેને અલ્લાહ ફર્માવશે, કેવળ તારા માટે દુઆ કર ! હું કબૂલ કરીશ. બાકી રહ્યા લોકો ! તો હું તેમના પર નારાજ છું." મો'મિનથી મુરાદ અહીં કામિલ મો'મિન છે. વલ્લાહુ અઅ્લમ.

## નવી સંસ્કૃતિ

સૌથી અજીબ ચીજ જે આ દોરમાં જાહેર થઈ તે એ છે કે મર્દો ઔરતોની જેમ થઈ ગયા છે અને સ્ત્રીઓ મર્દોની જેમ છે. **આજનો નવયુવાન દરેક સવારે ઉઠીને પહેલુ કામ એ જ કરે છે કે તે પોતાની દાઢીને મુંડે છે ! તેને જાત જાતનાં હેરઓઈલ તથા ખુશ્બોદાર ક્રીમો વડે ચમકાવે છે, જેમ કે સ્ત્રીઓ કરે છે**, કેટલાક પોતાનાં ભવાં નાનાં કરે છે, કમાન જેમ બનાવે છે, મોટા ભાગના પોતાના ગાલો પરના વાળોને ઉખેડી નાખે છે, માથાના વાળોમાં જાત જાતના અત્તરો તથા ખુશ્બુઓ લગાડે છે. સ્ત્રીઓની જેમ વાળોમાં કાંસકી કરીને તેને આધુનિક ફેશન પ્રમાણે ઢાળીને સ્ત્રીઓને

પણ પાછળ પાડી દે છે ! જ્યારે ઘરથી બહાર જાય છે તો પ્રથમ કલાકો પોતાના શણગાર પાછળ લગાડે છે, હાથમાં કંગનની જેમ સોનાની ઘડિયાળ હોય છે. (અને હવે તો હાથમાં સોના ચાંદીની બંગડી, લોકીટ તથા ગળામાં સોના ચાંદીની હેર તથા હાર, કાનમાં ઈયર રીંગ વગેરે તદ્દન બૈરીઓ જેમ જોવા મળે છે. *–ગુજરાતી અનુવાદક*)

અમુક એવા છે કે જેઓ માથાના વાળો પર ઔરતોની જેમ જાળ પણ લપેટી લે છે. એ જ સ્થિતિ લિબાસની પણ છે કે સાહબઝાદા જોવામાં સાહબઝાદી જ લાગે છે !

અને એ જ હાલ ઔરતોનો છે કે તેણીઓ લિબાસમાં, બુટોમાં, નોકરીઓમાં સમાચારપત્રો, મેગેઝિનો લખવામાં, રાજકરણમાં અને ઘણી બીજી ચીજોમાં મર્દોની સમાન થઈ ગઈ છે. (ખબર નથી પડતી કે આ કોઈ છોકરી જઈ રહી છે કે છોકરો !) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એની ખબર આપી અને ફર્માવ્યું કે એ પણ કિયામતની નિશાની છે. જેમ કે અબૂ નુએમે હિલ્યામાં હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''કિયામતની નિશાનીઓમાંથી છે કે પુરૂષો સ્ત્રીઓની મુશાબેહત (સામ્યતા) કરી લેશે અને સ્ત્રીઓ પુરૂષોની મુશાબેહ (ના જેવી) થઈ જશે.''

## સમયના આલિમોનો ફસાદ (વિખવાદ)

હાકિમે તારીખે નીશાપૂરમાં કહ્યું, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે :–

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : ''નજીકમાં જ લોકો પર એવો જમાનો આવશે જેમાં કુર્આનનું કેવળ લખવું અને ઈસ્લામનું કેવળ નામ બાકી રહી જશે. લોકો ઈસ્લામનું નામ લેશે પરંતુ એનાથી ખૂબ દૂર હશે. તેમની આબાદ મસ્જિદો હિદાયતથી વિરાન હશે. તે સમયના ફકીહો આસ્માનની નીચે બુરા ફકીહો હશે, તેમના જ તરફથી ફિતનો નીકળી અને તેમના જ તરફ પલટશે.''

તિબ્રાનીએ કહ્યું, હઝરત અબૂ ઓમામાથી મરવી છે :–

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : મારી ઉમ્મતના કેટલાક લોકો એવા હશે જેઓ જાત જાતનાં ભોજનો આરોગશે, વિવિધ પ્રકારનાં શરબતો પીશે, વિવિધ રંગી કપડાં પહેરશે અને વાતો વધી ચઢીને કર્યા કરશે. એઓ મારી ઉમ્મતના બુરા લોકો છે.'' (આ વિષયમાં પુષ્કળ પ્રમાણમાં હદીષો મૌજૂદ છે પણ લખાણને ટૂંકાવતાં આટલાથી સંતોષ માનીએ છીએ.)

## કુર્આન તથા સુન્નતની વિરૂધ્ધ ફૈસલા

એક વસ્તુ જે વર્તમાનકાળમાં સામાન્ય થઈ ચૂકી છે તે એ છે કે લોકોએ કુર્આન તથા હદીષથી મુખ ફેરવી લીધું છે. શરીઅત પર અમલ ત્યજવામાં આવી ચૂક્યો છે, લોકોની રાયને મહત્વ આપવામાં આવે છે અને સ્થિતિ એવી છે કે જે અમલ પણ કરવામાં આવે છે તે ગુમાન પર કરવામાં આવે છે. એના બારામાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી છે જેમ કે તિબ્રાનીમાં હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

''કિયામત રચાશે નહીં ત્યાં સુધી કે કિતાબુલ્લાહને શરમજનક સમજવામાં આવશે, જમાનો આપસમાં નિકટ થઈ જશે, મહોબ્બત તથા ખુલૂસ ઘટી જશે, અપ્રમાણિકોને અમીન બનાવવામાં આવશે, અમીનો પર આક્ષેપ લગાડવામાં આવશે, જૂઠાને સાચો કહેવામાં આવશે અને સાચાને જૂઠો કહેવામાં આવશે, લૂટમાર કત્લની અધિક્તા હશે, બગાવત, હસદ અને કીનો વધી જશે, લોકો વિવિધ બાબતોમાં મતભેદ રાખશે,

ઈચ્છાઓનું અનુસરણ (પયરવી) કરવામાં આવશે, ગુમાન પર ફેંસલો થશે ઈલ્મ ઉઠાડી લેવામાં આવશે, જેહાલત વધશે."

"ગુમાન પર ફેંસલો થવો" એ જ ચીજ છે જેને આજે લોકો ફિકહનું નામ આપે છે. આજે જો કોઈ શખ્સ આખી પૃથ્વી પર શોધે તો બહુ જ જુઝ મુફતી એવા મળે જે તદ્દન સુન્નતથી ફત્વો આપે. નહીં તો મોટા ભાગના પોતાના ગુમરાહ કરનાર ઈમામોના કથનો તથા ઈજતેહાદથી ફત્વો આપે છે. એ જ પ્રકારની વાત ઈબ્ને વદઅબે નકલ કરી છે. લખે છે કે, "ખલ્લાદ ઈબ્ને સુલૈમાને કહ્યું, મેં અબૂ સમઅ દરાજથી સાંભળ્યું. ફર્માવે છે, "લોકો પર નજીકમાં જ એવો જમાનો આવશે કે જો કોઈ શખ્સ ખૂબ જ જાડો તાજો ચરબીનો ગઠ્ઠો બનીને શહરે શહેર ફરશે તો જ્યારે તે પાછો આવશે તો કમજોર થઈ ચૂક્યો હશે, પરંતુ એવો કોઈ મુફતી શોધી શકશે નહીં જે સુન્નતનો આમિલ હોય, બલ્કે તેને જે પણ મુફતીઓ મળશે તેઓ ગુમાન પર અમલ કરનાર હશે. એટલે કે પોતાની એ અંગત રાયને તેઓ ફિકહ કહેશે. આજે લગભગ એવું છે.

અમુક લોકોનો તરીકો એ બની ગયો છે કે કુર્આન તથા સુન્નતથી જે ચીજ અને દલીલ તેમના મતલબની હોય છે તેને લે અને કુર્આન તથા એક હજાર હદીષો તેમની રાયની વિરૂધ્ધ જોવા મળતી હોય તો સૌમાં ગલત તા'વીલો કરે છે અને જો કોઈ તા'વીલ પણ ન ચાલી શકે તો તેને કશીય તા'વીલ તથા બહાના વિના ઉઘાડે છોગે દૂર કરી દે છે, અને કહે છે કે એ અમારો મઝહબ એનાથી વિપરીત છે, આપણા ઈમામે એને નથી લીધું ! આ સંજોગોમાં કુર્આન કુર્આન ન રહ્યું અને હદીષ હદીષ ન રહી બલ્કે (મઆઝલ્લાહ) ગુમરાહીનો એક ખજાનો બની ગયો કે જે એના પર અમલ કરે છે તો તુરત જ તેના બિદઅતી હોવાનો ફત્વો જડી દે છે અને કહે છે કે આ લોકો ગુમરાહ છે !

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના બારામાં ઈર્શાદ ફર્માવ્યો છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

مابال اقام يشرفون المترفين ويستخفون بالعابدين ويعلو بالقرآن ماوافق اهواء هم وما خالف اهواء هم تركوه، فعند ذالك يؤمنون ببعض ويكفرون ببعض

"તે લોકોનો શો હાલ થશે જેઓ હલાક કરનારાઓની તો ઈજ્જત કરશે અને ઈબાદત કરનારાઓને ઝલીલ સમજશે. કુર્આનથી જે તેમની રાય (મંતવ્ય) પ્રમાણે હશે તેના પર અમલ કરશે અને જે તેમની ઈચ્છાથી વિપરીત હશે તેને છોડી દેશે. તો તે વખતે તેઓ અમુક પર ઈમાન રાખશે અને અમુક પર કુફ્ર કરશે."

કેટલાક એવા બદ્બખ્ત પણ થઈ ગયા છે કે જેમણે એવું કહ્યું કે રસૂલુલ્લાહના કૌલને હું મારા પગ નીચે રાખુ છું ! અને જે મારા મિત્રએ કહ્યું તેને માથા પર રાખું છું. અલ્લાહ આવા લોકોને બેઈજ્જત કરે.

## નેઅમતોનો ઉલ્લેખ

અલ્લાહનો હજાર હજાર શુક્ર તથા એહસાન છે કે આપણે તે જમાઅતમાં છીએ જેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "મારી ઉમ્મત ગુમરાહી પર એકત્ર થઈ જશે પણ એક જમાઅત હક્ક પર કાયમ રહેશે અને હક્ક પર અમલ કરતી રહેશે ત્યાં સુધી કે કિયામત આવી જશે." *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૪૯)*

એક અન્ય જગાએ ઈર્શાદ ફર્માવ્યો કે, "તે ફિત્નાઓના જમાનામાં કિતાબુલ્લાહ પર છુપાઈને તથા એલાનિયા અમલ કરનારાઓ માઝીના પ્રથમ લોકોમાંથી છે." અલ્હમ્દુલિલ્લાહ ! આપણે એ જ જમાઅતમાંથી છીએ.

# નબી صلى الله عليه وسلم ની સુન્નત અને



કાર્યાલય

# આધુનિક વિજ્ઞાન

## આરામદાયક બિસ્તર વાપરવાથી મના

હઝરત આઈશા رضى الله عنها ફર્માવે છે કે હુઝૂરે અકદસ صلى الله عليه وسلم ના સૂવા તથા આરામ માટેનું બિસ્તર (પથારી) ચામડાનું હોતુ જેમાં ખજૂરની ભરેલી હોતી. *(શમાઈલે તિર્મિઝી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضى الله عنه ફર્માવે છે કે હું એકવાર આપ صلى الله عليه وسلم ની ખિદમતમાં હાજર થયો. આપ કોથળા પર આરામ ફર્માવી રહ્યા હતા જેનાં નિશાનો હુઝૂરે અકરમ صلى الله عليه وسلم ના પવિત્ર શરીર પર જાહેર થઈ રહ્યાં હતાં. હું એને જોઈને રડવા લાગ્યો. આપે ફર્માવ્યું, શું થયું ?! કેમ રડી રહ્યા છો ? મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم આ કૈસરો કિસ્રા તો રેશમ અને મખમલના ગાદલાઓ પર સૂએ અને આપ صلى الله عليه وسلم આ કોથળા પર ?! આપ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, રડવાની વાત નથી, એમના માટે દુનિયા છે અને આપણા માટે આખેરત છે.

હઝરત ઉમર رضى الله عنه ની સાથે પણ એકવાર આ જ પ્રકારનો પ્રસંગ બન્યો હતો જેનું વિગતે વર્ણન બુખારી શરીફમાં છે.

હઝરત હફસા رضى الله عنها ને કોઈએ પૂછયું કે આપના ઘરમાં આપ صلى الله عليه وسلم નો બિસ્તર કેવો હતો ? તેમણે ફર્માવ્યું કે એક ટાટ હતું જેને ડબલ ગડી કરીને આપ હુઝૂર صلى الله عليه وسلم ના નીચે બિછાવી દેતાં હતાં. એક દિવસે મને ખયાલ આવ્યો કે તેને ચાર ગડી કરીને બિછાવી દેવામાં આવે તો અધિક નરમ થઈ જાય, જેથી મેં એવું જ કર્યું. આપ صلى الله عليه وسلم એ સવારે પૂછયું કે મારી નીચે રાત્રે કઈ ચીજ બિછાવી હતી ? મેં અર્ઝ કરી કે તે જ રોજનું બિસ્તર હતું પણ રાત્રે તેને ચાર ઘડી કરી આપ્યું હતું કે અધિક નરમ થઈ જાય. આપ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે એને અગાઉ જેમ જ રહેવા દો ! એની ચાર ગડી રાતે મારી તહજ્જુદ માટે આડ બની.

### ★ ડો. નિક્સન વિઝિટરનો અભિપ્રાય ★

ડો. નિક્સને આરામદાયક બિસ્તર (પથારી)માં નીચે મુજબનાં નુક્સાનોનું સંશોધન કર્યું છે :–

એક સ્ફૂતિવાળો અને ચાલતો ફરતો માણસ જ્યારે આરામદાયક બિસ્તર વાપરે છે તો તેના મસલ્સ ઢીલા પડી જાય છે અને તે સામાન્ય જીવનના કામોમાં સુસ્ત થઈ જાય છે.

ખૂબ જ પ્રમાણમાં નરમ તથા આરામદાયક બિસ્તર ગુર્દાઓ પર બુરી અસર છોડે છે ત્યાં સુધી કે ગુર્દાની નળીઓ (Uritors)માં એક ગુંચવણભર્યો વરમ (સોજો) પેદા થઈ જાય છે.

આરામદાયક બિસ્તર કરોડરજ્જુના હાડકાને ખૂબ નુકસાન પહોંચાડે છે અને મારા અનુભવમાં એવા બીમારો મળ્યા છે જેઓ આરામદાયક બિસ્તરના કારણે કરોડરજ્જુના હાડકાની બીમારીમાં સપડાય જાય છે.

બાળકોનાં હાડકાં નરમ હોય છે. જો તેમને આરામદાયક પથારી પર રાખવામાં આવે તો તેમનાં હાડકાં વાંકા થઈ જાય છે અને આખુ જીવન લાચારી તેમનું મુકદર બની જાય છે.

આરામદાયક બિસ્તર કમરના દર્દનો સબબ બની જાય છે, કેમ કે કમર તથા પીઠના મસલ્સ ઢીલા પડી જાય છે અને જો સતત આરામદાયક બિસ્તર વાપરવામાં આવે તો એ દર્દ વધતુ ચાલે છે. *(હવાલો : ક્યોર મેડિકલ)*

## મોટા ભાગે પગરખાં પહેરેલ રહેવાની સૂચના

નબી પાક ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "મોટા ભાગે જોડા (પગરખાં) પહેરેલ રહ્યા કરો. પગરખાં પહેરનાર પણ એક પ્રકારનો સવાર છે." *(મઅમૂલાતે નબવી, આદાબે ઝિંદગી)*

જોડા પહેરલા રહેવાથી માણસ કાંટાઓથી સુરક્ષિત રહે છે. જમીનના ખરબડાપણા અને કચરા (એટલે કાચ તથા અન્ય એવી ચીજો)થી સુરક્ષિત રહે છે, પગો ધૂળ કચરાથી મેહફૂઝ રહે છે. જોડા (પગરખાં) પહેરવાથી માણસ પ્રભાવશાળી જણાય છે.

## જોડા અને બીમારીઓ

મારી પાસે સુગર (ડાયાબિટશ)ના જેટલા પણ બીમારો આવે છે અથવા એવા બીમારો જેમને હેમોફીલીયા થાય છે અથવા એવા બીમારો જેઓ જલ્દી એલર્જી (ચામડીની એલર્જી)માં સપડાય છે તે સૌને માટે મારી સૌથી પ્રથમ એ કોશિશ રહે છે કે ઘરમાં તેમજ બહાર જોડા (પગરખાં)ની સાથે રહે કેમ કે ધૂળ કચરામાં અસંખ્ય વિવિધ પ્રકારનાં જંતુઓ હોય છે, જો તેમાંથી કોઈ જંતું ઝખ્મોમાં ચાલ્યું ગયું તો ઝખ્મ પાકી જશે. જો ઉઘાડા પગે ચાલે તો કોઈ અણીયાણી ચીજ અથવા ખીલી કે કાંટો વાગી શકે છે, તેને વાગવું સુગર અથવા હેમોફીલીયાના બીમારના માટે ખૂબ જ નુકસાનકર્તા છે.

સારાંશ કે જોડા પગોની સલામતી તથા સુરક્ષા માટે ખૂબ જ જરૂરી છે. *(હ્યુમન એન્ડ હેલ્થ)*

વર્તમાનકાળમાં જ્યારે ચોતરફ કેમિકલનો ઉપયોગ સામાન્ય છે અને પ્રદૂષિત વાતાવરણના કારણે એક સામાન્ય જમીન પણ કેમિકલથી ખરડાયેલ હોય છે એ કેમિકલનાં નુકસાનોથી બચવા માટે ખૂબ જ જરૂરી છે કે આપણા પગોને કેમિકલથી બચાવીએ અને હમેશાં જોડા (ચપ્પલ) ઉપયોગમાં લઈએ જેથી શરીરમાં પગોના ચામંડીનાં છિદ્રો થકી કેમિકલ શોષાય ન જાય. *(અર્થ કેમિકલ, માહનામા ઝિંદગી)*

## સફર માટે બીજો સાથી બનાવવો

આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જો લોકોને એકલા સફર કરવાની તે ખરાબીઓ માલૂમ થઈ જાય જે હું જાણું છું તો કદી કોઈ સવાર રાતમાં એકલો સફર ન કરે. (બુખારી)

એક દિવસે એક શખ્સ દૂર દરાઝથી સફર કરીને નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો. આપ ﷺએ મુસાફરને પૂછયું, તમારી સાથે કોણ છે ? મુસાફર બોલ્યો, યા રસૂલુલ્લાહ ! મારી સાથે તો કોઈ પણ નથી ! હું એકલો આવ્યો છું. આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, એકલો સવાર શૈતાન છે અને બે સવાર શૈતાન છે, અલ્બત્ત ત્રણ સવાર (સફર કરનાર) સવાર છે. *(તિર્મિઝી)*

## ★ હમ્ફેની યાદદાશ્તો ★

મારી જિંદગીનો અનુભવ છે કે માણસ સફરમાં એકલો ન હોય. એ અનુભવને મજબૂતી એ રીતે મળી કે એકવાર હું લાર્નિયાના જંગલોમાં સફર કરી રહ્યો હતો. સફર દરમ્યાન મારી મુલાકાત એક જણ સાથે થઈ. દેખાવ પરથી ગામડિયો બલ્કે જંગલી જણાતો હતો તેણે મને પોતાની વાતમાં એવો ગુંચવ્યો કે પોતાના ઝુપડા જેવા ઘરમાં લઈ ગયો અને પોતાના તણખલાંઓથી ભરેલા બિસ્તર પર સૂવાડી દીધો. થાકથી ચૂર હતો જેથી પડતાં જ ઊંઘ આવી ગઈ. જ્યારે ઉઠયો તો એહસાસ થયો કે બે દિવસ પછી ઉઠયો છું અને એ વાતનો ભેદ એ રીતે ખુલ્યો કે તણખલાંની સાથે કાંઈક એવી જંગલી જડીબુટ્ટીઓ રાખેલી હતી જેનામાં નશો લાવવાની ખુશ્બુ તથા ગુણ હતો. પરંતુ હું જ્યારે ઉઠયો તો મારો માલ સામાન કાંઈ જ ન હતું. એ દિવસથી મેં અનુભવી લીધું કે મુસાફરી માર્ગદર્શક તથા સાથીની સાથે હોવી જોઈએ એ સુરક્ષિત પણ છે અને બેહતર પણ છે. *(હમ્ફે કી યાદદાશ્તેં)*

# ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ

અઝ : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી,
સદર : જામિઆ અશરફિયા-મુબારકપુર

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

મૂળ વિષય પર ચર્ચા કરતાં પહેલાં અખ્લાક, નિઝામે અખ્લાક અને ઈસ્લામી નિઝામે અખ્લાકની અમુક અંશે સ્પષ્ટતા કરી દેવામાં આવે એ યોગ્ય ગણાશે.

અખ્લાક "ખુલ્ક"નું બહુવચન છે અને તેનું મૂળ "ખલ્ક"થી છે જેનો અર્થ ઠીક અંદાજા પર બનાવવું છે. પછી પ્રાકૃતિક શક્લો સૂરતને (કુદરતી સ્વરૂપ દેખાવને) "ખલ્ક" અને ફિતરી (સ્વભાવિક) આદત તથા ટેવને "ખુલ્ક" કહેવામાં આવે છે. (મુફર્રદાતે ઈમામ રાગિબ અસ્ફહાની, વફાત : હિ. ૫૦૨) આ આદતો સારી પણ હોય અને બુરી પણ હોય છે, એના લેહાઝથી અખ્લાકે હસના તથા અખ્લાકે કબીહા કહેવામાં આવે છે. જો કે ઉર્દૂના અમુક મુહાવરામાં "અખ્લાક" બોલીને "અખ્લાકે હસ્ના" મુરાદ લેવામાં આવે છે.

દરેક કૌમ અથવા મઝહબ અથવા કાનૂનમાં અમુક ખાસ ગુણો હોય છે જેની પાબંદી માણસના માટે પ્રશંસાને પાત્ર હોય છે. અને એ જ પ્રમાણે કેટલાક અન્ય દુર્ગુણો હોય છે જેનાથી બચવું જરૂરી હોય છે. કોઈ વ્યક્તિ, કુટુંબ, સમાજ તથા જાતિના માટે એમના નિશ્ચિત સદ્ગુણોને અપનાવવા અથવા દુર્ગુણોથી બચવાની પાબંદીને "નિઝામે અખ્લાક" (સંસ્કાર બંધારણ) કહે છે.

અને "ઈસ્લામી નિઝામે અખ્લાક" તે છે જે ખાલિકે કાઈનાત તથા તેના રસૂલે અકરમ ﷺએ બયાન કરીને દુનિયાને તેને અનુસરવાની હિદાયત કરી છે. અને એને અપનાવવા પર આખેરતમાં ઈનામની બશારત આપી છે અને તેની વિરુદ્ધ વર્તન પર સજાની ચેતવણી સંભળાવી છે.

એટલા માટે ઈસ્લામી નિઝામે અખ્લાક (સંસ્કાર બંધારણ)નો સંબંધ ખુદા તથા રસૂલ અને આખેરત પર ઈમાનથી મજબૂત થાય છે. અને મો'મિન સદ્ગુણો (સારા અખ્લાક)ને અપનાવે છે. તો કેવળ એટલા માટે નહીં કે એના દુનિયાવી લાભ કે લોકોમાં વાહ વાહ થઈ જાય બલ્કે એટલા માટે કે તે ખુદા વ રસૂલની નજીક પસંદીદા અને તેમની ખુશ્નૂદીનો ઝરીયો છે, એટલા માટે તે જાહેર તથા એકાંત દરેક સ્થિતિમાં નેક અખ્લાકની પાબંદીને જરૂરી જાણે છે, ભલે અમુક સંજોગોમાં તેણે દુનિયાવી નુકસાન વેઠવું પડે.

ઘણા અખ્લાક (આદતો, સંસ્કાર) એવા છે જે પાછલી કૌમમાં સારા ગણાતા રહ્યા અને ઈસ્લામે પણ એને યથાવત રાખ્યા, દા.ત. અમાનત, સખાવત, ચારિત્ર્ય, ન્યાય વગેરે. અને અમુક તે છે જે કોઈ કૌમમાં ઉમદા ગણાતા પણ ઈસ્લામે તેને બુરા ઠરાવી દીધા. દા.ત. અરબ જાહિલિયતના જમાનામાં (એટલે કે ઈસ્લામ પહેલાં) કહ્યા કરતા "انصر أخاك ظالما كان او مظلوما" આપણા ભાઈની તરફદારી કરો, ચાહે તે જાલિમ હોય કે મઝલૂમ (ઝુલ્મ પામેલ). "એનો અર્થ એ છે કે ઈન્સાનમાં ખાનદાન કે કબીલાની તરફદારીનો જઝબો ભરપૂર હોવો જોઈએ, ચાહે અદલો ઈન્સાફનું ખૂન પણ કેમ ન થાય. પરંતુ ઈસ્લામે આ ખયાલને એકદમ બદલી નાખ્યો અને જુલ્મ તથા નાઈન્સાફીની તરફદારીને કોઈ સંજોગોમાં જાઈઝ ન રાખી, એટલે સુધી કે એક પ્રસંગે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :-

انصر أخاك ظالما كان او مظلوما "તમારા ભાઈની મદદ કરો, ચાહે તે જાલિમ હોય કે મઝલૂમ (જુલ્મ પામેલ)." તો સહાબાએ કિરામ પોકારી ઉઠયા, યા રસૂલલ્લાહ ! અમારો ભાઈ જો જાલિમ છે તો અમે તેની મદદ કઈ રીતે કરી શકીએ છીએ ? સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "એની મદદ એ છે કે જુલ્મથી એનો હાથ રોકી દો." *(બુખારી, મુસ્લિમ)*

આજે પણ ખાનદાન, કૌમ અથવા દેશના માટે તરફદારીની ભાવનાને ઉશ્કેરીને તેનાથી ઘણા નાજાઈઝ ફાયદાઓ ઉઠાવવામાં આવે છે, અને તેને સારો સમજવામાં આવે છે, એટલા માટે કે તે કૌમોનો મૂળ ધર્મ "લાભ પામવું" છે ચાહે તે કોઈ પણ રીતે મળે. અને ચાહે તે કાર્ય સદ્‌બુદ્ધિ તથા ધર્મની રૂએ ગમે તેટલું બુરુ હોય પણ તેમની નજીક સારું છે.

આ પ્રસ્તાવના પછી તે અખ્લાક તથા આદાબની વિગત તથા સ્પષ્ટતા હોવી જોઈએ જે ખુદા વ રસૂલનો હેતુ છે અથવા જેનાથી બચવું જરૂરી છે. પરંતુ આ વિગત માટે ખૂદ એક પૂરી કિતાબ જરૂરી છે એટલા માટે અહીં કેવળ અમુક "અખ્લાકે હસના" (સુસંસ્કાર) તથા બુરા અખ્લાક (કુસંસ્કાર)ની યાદી આપ્યા બાદ એ મૂળ વિષયની ચર્ચા પ્રતિ આગળ વધીએ.

## અખ્લાકે હસના (સુસંસ્કાર)

(૧) ઈમાન (૨) ઈખ્લાસ (૩) તદબ્બુર (૪) તફક્કુર (૫) તામ્મુલ (૬) ઈતાઅત (૭) ઈસ્તિકામત (૮) ખૌફે ખુદા (૯) રિજા (૧૦) નમાઝ (૧૧) રોઝા (૧૨) હજ્જ (૧૩) ઝકાત (૧૪) પાકીઝગી (૧૫) ઈફ્ફત (૧૬) હુસ્ને સુલૂક (૧૭) ઈન્ફાક ફિલ્ ખૈર (૧૮) ઝિક્ર (૧૯) દુઆ (૨૦) ઈસ્તેઆનત (૨૧) દા'વતે ખૈર (૨૨) ઈર્શાદે હક્ક (૨૩) મવઝેઅત (૨૪) બશારત (૨૫) ઈન્ઝાર (૨૬) શુક્ર (૨૭) તવાઝોઅ (૨૮) સબ્ર (૨૯) ઈહતિસાબ (૩૦) યકીન (૩૧) તવક્કુલ (૩૨) કુવ્વતે ઈરાદા (૩૩) હિંમત (૩૪) અઝમ (૩૫) ષબાત (૩૬) તૌબા (૩૭) ઈસ્તિઆઝા (૩૮) ઈસ્તિગફાર (૩૯) ઈસ્તેખારા (૪૦) ફરાસત (૪૧) ઝીર્કી (૪૨) એતાબ (૪૩) ઈન્સાફ (૪૪) એહતિયાત (૪૫) અમાનત (૪૬) રાસ્તબાઝી (૪૭) ઈબ્રતપઝીરી (૪૮) કબૂલે નસીહત (૪૯) હયા (૫૦) બેદાર મગ્ઝી વગેરે વગેરે.

## બુરા અખ્લાક (કુસંસ્કાર)

(૧) ઈલ્હાદ (અધર્મતા) (૨) બદ્દીની (૩) નાફર્માની (૪) ગુમરાહગરી (૫) સહર (જાદૂ) (૬) સરકશી (૭) સખ્તદિલી (૮) ફરેબે નફ્સ (૯) તકબ્બુર (૧૦) બુખ્લ (કંજૂસી) (૧૧) બુઝદિલી (૧૨) ઈસ્રાફ (૧૩) ઝિના (૧૪) ફુહશગોઈ (બિભત્સવાણી (૧૫) તકાષુર (૧૬) ગફલત (૧૭) તમઅ (૧૮) ગઝબ (ગુસ્સો) (૧૯) કત્લે નાહક્ક (૨૦) ઝુલ્મો ઝિયાદતી (૨૧) બદ્‌કારી (૨૨) રિશ્વત (૨૩) ખયાનત (૨૪) નિફાક (૨૫) એહસાન નાશનાસી (૨૬) ચોરી (૨૭) માબાપની નાફર્માની (૨૮) જૂઠ (૨૯) ગીબત (૩૦) બોહતાન (આક્ષેપ) (૩૧) ચુગલખોરી (૩૨) હરામખોરી (૩૩) વ્યાજ (૩૪) દુર્વ્યવહાર (૩૫) રિયાકારી (૩૬) બદ્‌સુલૂકી (૩૭) કીનાપરવરી (૩૮) ઈર્ષા (૩૯) વચનભંગ (૪૦) ગુનાખોરીમાં સહાય વગેરે વગેરે.

આ યાદીમાં સર્વનો સમાવેશનો હેતુ નથી, અમુકની ગણત્રી પૂરતી છે. વિસ્તારપૂર્વક વિગત "અહયાઉલ ઉલૂમ" અઝ : ઈમામ (ગિઝાલી) رحمۃ اللہ علیہ (હિ. સ. ૫૦૫–૧૦૫૦) અને હદીકતુન્નદિય્યહ્ શરહિત્તરીકતિલ મુહમ્મદિયહ્, અઝ : અલ્લામા અબ્દુલગની નાબેલ્સી (હિ.સ. ૧૦૫૦–૧૧૪૩)માં જોઈ શકાય છે.

સહાબાએ કિરામની જમાઅત તે મહાન મર્તબાવાળી જમાઅત હતી જેની કેળવણી (તર્બિયત) રસૂલે અકરમ ﷺએ કરી હતી એટલા માટે આ પવિત્ર નફ્સો (નુફૂસે કુદસિયહ) ઉચ્ચ અખ્લાકનો નમૂનો હતા એમાં એ હઝરાતનો હિસ્સો અધિક હતો જેમને સોહબત તથા તર્બિયતનો ફયૂઝ સરકાર ﷺથી પુષ્કળ મળ્યો હતો. અને એઓમાં પણ ખુલફાએ રાશિદીનનો દરજ્જો સૌથી વિશેષ તથા ઉચ્ચ તથા અરફા વ આ'લા હતો. એટલા માટે જ્યારે એ હઝરાતે ખિલાફતની લગામ સંભાળી છે તો પૂરી ઉમ્મતમાં તે જ રૂહ જારી તથા વહેતી રાખવાની કોશિશ કરી જે રિસાલતકાળથી તેમને પ્રાપ્ત થઈ હતી. એ હઝરાતે ખૌફે ખુદા, અમાનત તથા પ્રમાણિક્તા, વચનપાલન, ઝિમ્મેદારીનો એહસાસ, ઈન્સાની હમદર્દી, ઝહુદો કનાઅત (થોડામાં રાજી), ત્યાગભાવના તથા નમ્રતા અને અદલો ઈન્સાફ વગેરે ઉચ્ચ અખ્લાકનો એ રેકોર્ડ સ્થાપયો છે જેનું દૃષ્ટાંત દુનિયાની કોઈ કૌમમાં નથી મળી શક્તું. એના અમુક નમૂનાઓ નીચે પ્રમાણે જોઈ લો :–

## ઝોહદો કનાઅત (થોડામાં રાજી રહેવું)

સરદારી તથા સત્તા મળ્યા પછી એવું બને છે કે માણસ ઘણા જ એશો આરામવાળી જિંદગી અપનાવી લે છે, ખાવા પીવા, લિબાસ તથા વસ્ત્રો, વાસણો તથા સામાન, મકાન તથા જાયદાદ, નોકર ચાકર સૌમાં રાજા જેવો ઠાઠમાઠ આવી જાય છે, અને સઘળો ખર્ચ રાષ્ટ્રિય મિલ્કતમાંથી ચૂકવવામાં આવે છે. કેવળ પ્રધાનો તથા ઓફિસરોની જાત પર થનારા ખર્ચનો ટોટલ લગાડવામાં આવે તો દેશભરની પ્રજા અથવા મોટા ભાગની પ્રજાના સંયુક્ત ખર્ચના બરાબર પહોંચી જાય. પણ એના અનુસંધાનમાં ખુલ્ફાએ રાશિદીનની કાર્ય પદ્ધતિ આખા જગતના માલદારો અને સર્વ હુકૂમતોના સુલ્તાનો તથા હાકિમોની કાર્યપદ્ધતિથી તદ્દન ભિન્ન છે. એ હઝરાતમાંથી જેની પાસે શક્તિ થઈ તેણે બયતુલ માલમાંથી એક પૈસો પણ પોતાની જાત પર ખર્ચ ન કર્યો અને જે હઝરાત લેવા માટે મજબૂર બન્યા તેમણે એટલું જ લીધું જેના થકી એક સામાન્ય નાગરીકનું ભરણપોષણ થઈ શકે. નીચેના લખાણમાં એના અનુસંધાનમાં બોધદાયક પ્રસંગો વાંચવા લાયક છે :–

**(૧)** હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ કપડાંનો વેપાર કર્યા કરતા હતા જેના થકી પોતાનાં બીવી બચ્ચાનું ભરણ પોષણ કરતા હતા. ઈબ્ને અષીરનું બયાન છે કે ખિલાફતનો બોજ માથા પર આવ્યા બાદ પણ છ મહિના સુધી પોતાના વેપારની આવક થકી જ ઘર ખર્ચની વ્યવસ્થા કરતા રહ્યા. અતા ઈબ્ને સાઈબથી એ રિવાયત કરી છે કે ખિલાફતની સવારે હાથોમાં કપડાં લઈને હઝરત અબૂબક્ર બજારની તરફ ચાલ્યા તો માર્ગમાં હઝરત ઉમર મળ્યા અને અર્ઝ કરી, હવે તમારા પર ખિલાફતની જિમ્મેદારી આવી ચૂકી છે જેથી વેપારની વ્યસ્તતાની સાથે ખિલાફતનું કાર્ય કેવી રીતે અંજામ આપશો ? હઝરત અબૂબક્રે ફર્માવ્યું, તો પછી મારાં બીવી બચ્ચાંના ભરણપોષણનો શો ઝરીયો થશે ? હઝરત ઉમરે કહ્યું, એની વ્યવસ્થા હુકૂમતની તરફથી થશે. ચાલો ! અબૂ ઓબૈદા ઈબ્ને જર્રાહ આપના માટે વઝીફો નિશ્ચિત કરશે. હઝરત અબૂ ઓબૈદાએ મુહાજિરોમાંથી એક મધ્યમ વર્ગના માણસના જેટલો ખોરાક અને લિબાસ નિશ્ચિત કર્યો. *(તબકાતે ઈબ્ને સઅદ, તારીખુલ ખુલફા, ઈમામ જલાલુદ્દીન સિયૂતી, પેજ–૭૮)*

**(૨)** આ જ ઈસ્લામી હુકૂમતના સૌથી મહાન સત્તાધીશના જીવન નિવાર્હનો સામાન હતો જેના પર તે જીવનપર્યંત કાયમ રહ્યા. અંતિમ સમયે તેમની પાસે એક ઊંટણી રહી ગઈ હતી જેનું દૂધ પીતા હતા. એક થાળી જેમાં ખાવા ખાતા અને એક જૂની ચાદર જેને ઓઢવાના કામમાં લેતા.

એમના વિશે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہાને ફર્માવ્યું, જુઓ ! એ ચીજોથી ફાયદો ઉઠાવવાનો આપણને તે સમય સુધી હક્ક હતો જ્યાં સુધી આપણે મુસલમાનોનું કામ અંજામ આપ્યા કરતા હતા. મારા મૃત્યુ બાદ આ સર્વ ઉમરની પાસે મોકલી દેજો. વિસાલ બાદ હઝરત સિદ્દીકા رضی اللہ عنہاએ મોકલી દીધું તો હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, ''અબૂબક્ર ! તમારા પર અલ્લાહની રહમત થાય ! તમે તમારા પછી આવનારાને તકલીફમાં નાંખી દીધો !'' *(મુસ્નદે તિબ્રાની, તારીખુલ ખુલફા, પેજ-૭૮)*

**(૩)** એકવાર હઝરત સિદ્દીકે અકબરની બીવી સાહેબાએ કોઈ મીઠી ચીજની ફર્માઈશ કરી. સિદ્દીકે અકબરે ફર્માવ્યું, આપણી પાસે એને ખરીદવાના માટે પૈસા નથી. આપનાં પત્ની સાહેબાએ કહ્યું. હું થોડાક દિવસોમાં ખર્ચમાંથી બચાવીને એટલું ભેગું કરી લઈશ જેનાથી એની વ્યવસ્થા થઈ જાય. ફર્માવ્યું, એવું કરી શક્તી હોઉ તો કરો ! ઘણા દિવસો બાદ તેણી થોડાક પૈસા જમા કરી શક્યાં અને હઝરત સિદ્દીકે અકબરને જણાવ્યું કે હવે વ્યવસ્થા થઈ જશે ! હઝરત સિદ્દીકે અકબરે તે રકમ તેમનાથી લઈને બયતુલ માલમાં જમા કરી દીધી. અને ભાવિ માટેનો ખર્ચ એટલો ઓછો કરાવ્યો તેમ જ પાછલા લીધેલા ખર્ચમાંથી એના પ્રમાણેનો તાવાન (પેનલ્ટી) બયતુલ માલમાં જમા કર્યો. અને ફર્માવ્યું, આટલું અમે અમારા ખર્ચ કરતાં અધિક લેતા હતા. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૬)*

આ સાવધાની તથા વરઅ (તકવાથી ઉપરનો દરજ્જો) તથા તકવાનું દૃષ્ટાંત કોઈ અન્ય કૌમના સત્તાધારીમાં ક્યાંથી મળશે જ્યારે કે ખુલફાએ રાશિદીન પછી કોઈ મુસલમાન હાકિમના ઈતિહાસમાં પણ નથી મળી શક્તું.

**(૪)** એટલું જ નહીં, મૃત્યુ શૈયા પર આપે એ પણ વસિયત કરી કે મારી ફલાણી જમીન વેચી દેવામાં આવે અને અત્યાર સુધી કૌમી મિલ્કતમાંથી જેટલું હું લઈ ચૂક્યો છું તેને તે જમીનની કિંમત વડે ચૂકવી દેવામાં આવે. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૬)*

**(૫)** હઝરત ઉમર رضی اللہ عنہનો ખિલાફતકાળ આવ્યો તો તેમણે મુસલમાનોને ફર્માવ્યું, હું એક વેપારી માણસ હતો. મારા વેપારથી મારાં બીવી બચ્ચાંને આર્થિક રીતે રાહત હતી. હવે તમે લોકોએ મને ખિલાફતના કામમાં લગાડી આપ્યો તો એ બતાવો કે મુસલમાનોના માલમાંથી કેટલા પ્રમાણમાં લેવાની મને ઈજાઝત છે ? હઝરત અલી પણ મૌજૂદ હતા તેમણે કોઈ જવાબ ન આપ્યો. મોટા ભાગના લોકોએ કહ્યું, અલી તમે શું કહો છો ? તેમણે ફર્માવ્યું, ઉમર ! તમને એટલું જ લેવાનો હક્ક છે જેનાથી દસ્તૂર પ્રમાણે આપનું તથા આપનાં બીવી બાળકોનું ભરણ પોષણ થઈ શકે, એનાથી વધારેની ઈજાઝત નથી. અન્ય લોકોએ એને સમર્થન આપ્યું.

હઝરત ઉમર કેવળ ખર્ચ પૂરતુ લેતા હતા. બાદમાં જરૂરત વધી ગઈ અને ખૂબ જ તકલીફમાં મૂકાઈ ગયા, એ જોઈને હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર વગેરે આગળ પડતા સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَની રાય થઈ કે હવે ઉમરના વઝીફામાં વધારો કરી આપવો જોઈએ. હઝરત ઉષ્માને ફર્માવ્યું, આ બારામાં કોઈ રીતે ખૂદ હઝરત ઉમરનું મંતવ્ય જાણી લેવું જોઈએ. તે હઝરાતે ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા બિન્તે ફારૂક رضی اللہ عنہاને વાસ્તો બનાવ્યો એ રીતે કે હઝરત ઉમરને એ ખબર ન પડે કે કેટલાક સહાબા તેમનું મંતવ્ય જાણવા ચાહે છે. ઉમ્મુલ મો'મિનીને આવીને ફર્માવ્યું કે આ કઠીન સંજોગોમાં તમારા વઝીફામાં કાંઈક વધારો કરી લેવો જોઈએ ! એના પર હઝરત ઉમર ગુસ્સામાં આવી ગયા અને ફર્માવ્યું, બતાવો ! તમારાં ઘરમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો સૌથી ઉમદા લિબાસ શું હતો ? તેમણે કહ્યું, ગેરૂ રંગનાં બે કપડાં

જેને જુમ્આ તથા બંને ઈદોમાં અને પ્રતિનિધિમંડળો સામે પહેરીને તશરીફ લાવતા. ફર્માવ્યું, સૌથી ઉમદા ક્યો ખોરાક હતો જે તમારે ત્યાં સરકાર ﷺએ ખાધો હોય ? કહ્યું, જવનો ગરમ રોટલો ! જેના પર હું મધ નાખીને તેને ચીકણો તથા મીઠો બનાવી દેતી હતી. ફર્માવ્યું, તમારા ત્યાં સૌથી ઉમદા તથા નરમા નરમ પાથરણુ ક્યું હતું ? ઉનની જાડી ચાદર જેને ગરમીમાં ચાર ગડી કરી દેવામાં આવતી અને ઠંડીમાં આખી ફેલાવીને અડધી પાથરવામાં આવતી અને અડધી ઓઢી લેવામાં આવતી. ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ કુદરત હોવા છતાં વધારાને ત્યજી દીધું અને થોડામાં દિવસો ગુજાર્યા તો હું પણ એ જ પ્રમાણેના અમલની પયરવી કરીશ. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૩૩)*

હઝરત અકરમા ઈબ્ને ખાલિદનું બયાન છે કે હઝરત હફ્સા અને અબ્દુલ્લાહ વગેરેએ હઝરત ઉમરને કહ્યું, જો તમે ઉમદા ખોરાક ખાતા તો એ હક્કની અદાયગીના માર્ગમાં આપના માટે અધિક શક્તિનો સબબ થાત. ફર્માવ્યું, શું તમારા સૌની આ જ રાય છે ?! તેમણે કહ્યું કે, હા ! ફર્માવ્યું, તમારી ખૈર ખ્વાહીનો મને સ્વીકાર છે, પરંતુ મારાથી અગાઉ બંને હઝરાત જે માર્ગે ચાલતા રહ્યા છે જો મેં તે માર્ગ છોડી આપ્યો તો તેમની મંઝિલ સુધી મારી પહોંચ થઈ શક્શે નહીં. *(તારીખે ઈસ્લામ વ વફયાતુલ મુશાહીર વલ અઅલામ, અઝ : શમ્સુદ્દીન મુહમ્મદ ઈબ્ને અહમદ ઝહબી, ૨/૨૬૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૦૩, તારીખે ખુલફા લિસ્સુયૂતી–૧૨૮)*

**(૬)** હઝરત ઉમરે એક છોકરીને જોઈ કે અપંગતાને કારણે તેના કદમ સીધા નથી પડતા. ફર્માવ્યું, કોણ છે ? હઝરત અબ્દુલ્લાહે અર્ઝ કરી, આપની પુત્રી છે. ફર્માવ્યું, આ મારી કઈ પુત્રી છે ? અર્ઝ કરી, મારી પુત્રી છે ! ફર્માવ્યું, એને આટલી લાચારી કેમ આવી ? અર્ઝ કરી, આપના ખિલાફતકાળે તેની આ દશા કરી દીધી છે ! ખર્ચ આપ આપતા નથી ! ફર્માવ્યું, અબ્દુલ્લાહ ! ખુદાની કસમ ! હું તમારી ઔલાદની કિફાયત નથી કરી શક્તો ! તમે જાતે જ તેની વ્યવસ્થા કરો ! *(તારીખે ઝહબી, ૨/૨૭૧, મનાકિબે ઉમર, ઈબ્ને જવઝી–૧૦૫, તબકાતે ઈબ્ને સઅદ, ૩/૨૭૭)*

**(૭)** હઝરત ઉમરની સાસરી પક્ષના એક ભાઈ આવ્યા અને ઈચ્છા કરી કે બયતુલ માલથી કાંઈક આપી દેવામાં આવે. હઝરત ઉમરે તેમને ખખડાવ્યા અને ફર્માવ્યું, તમે એવું ચાહો છો કે હું ખયાનત (અપ્રમાણિક્તા) કરનાર બાદશાહના રૂપમાં ખુદાને ત્યાં પહોંચી જાઉં ! પછી પોતાના અંગત માલમાંથી તેમને દસ હજાર દિરહમ અતા કર્યા. *(તારીખે ઝહબી, ૨/૨૭૧, તબકાતે ઈબ્ને સઅદ, ૩/૩૦૩,૩૦૪, તારીખે ખુલ્ફા લિસ્સુયૂતિ–૧૩૦)*

**(૮)** હઝરત ઉમર رضی اللہ عنہ પોતાના ખિલાફતકાળમાં ઉનનો જબ્બો પહેરતા જેમાં થિંગડાં લાગેલાં રહેતાં, અમુક થિંગડાં ચામડાનાં પણ હોતાં. એ જ હાલતમાં કોરડો લઈને બજારોમાં ગશ્ત કરતા. લોકોને ગલતીઓ પર સજા આપતા. રસ્તામાં તૂટેલા દોરા અને ઠળીયા જોતા તો વીણી લેતા અને લોકોના ઘરોમાં રાખી દેતા જેથી લોકો તેનાથી ફાયદો ઉઠાવી શકે.

**(૯)** અબ્દુલ્લાહ ઈબ્ને આમિર વર્ણન કરે છે કે હું એક હજ્જમાં હઝરત ઉમરની સાથે હતો. ક્યાંય પણ તેમણે ઉતારો કર્યો તો કોઈ શામિયાના કે તંબૂ ન લગાડયો, ઉનની ચાદર અથવા ચામડાનું દસ્તરખાન કોઈ ઝાડ પર લગાડી દેતા અને તેના સાયામાં આરામ કરી લેતા.

**(૧૦)** કોઈ શખ્સને ગવર્નર બનાવીને મોકલતા તો તેની સાથે એ શરત કરતા કે તુર્કી ઘોડા પર સવારી ન કરશો, ઉમદા ખોરાક ન ખાશો, નરમ લિબાસ ન પહેરશો, હાજતમંદોના માટે દરવાજો બંધ ન રાખશો, જો એવું કર્યું તો સજાના હક્કદાર ઠરશો. *(તારીખે ખુલફા–૧૨૮)*

ખુલફાએ રાશિદીનની જિંદગીમાં આ પ્રકારનાં દૃષ્ટાંતો અસંખ્ય છે, સૌને એકત્ર કરવામાં આવે તો એક મોટી કિતાબ તૈયાર થઈ જાય. જ્યારે આજે મામૂલી તથા મધ્યમ કક્ષાનો માણસ પણ દરેક પ્રકારના એશઆરામની શોધમાં કોશિશમાં લાગેલો છે. આ પ્રસંગો પરથી લાભ ઉઠાવનાર કોણ છે ?

## તવાઝોઅ : આજિઝી-નમ્રતા

કોઈ મામૂલી હોદ્દો કે સ્થાન મળ્યા બાદ પોતાને પૂર્વવત રવિશ પર યથાવત રાખવું અને સામાન્ય લોકો જેમ જીવન જીવવું ઘણુ જ મુશ્કેલ હોય છે. ગવર્નર કે સુલ્તાન અથવા ખલીફાનો હોદ્દો તો ખૂબ જ ઊંચો છે, આટલે સુધી પહોંચ્યા બાદ સામાન્ય મળતા જુલતા તો દૂર રહ્યાં ખાસ સગાંઓ કુટુંબીજનો અને ખાસમાં ખાસ દોસ્તોનો લેહાજ પણ જવલ્લેજ જોવા મળે છે. કોઈની સામે જિમ્મેદારીઓ તથા વ્યસ્તતા (કામો)નો ઢગલો આડો થાય છે તો કોઈના દિમાગમાં એની સાથે લીડરશીપના ઘમંડનો નશો પણ સમાયેલો હોય છે. પરંતુ કુર્બાન જાવ ખુલફાએ રાશિદીનની સીરત (જીવન શૈલી) પર કે આટલી મહાન તથા વિશાળ સલ્તનતના સત્તાધારી હોવા છતાં એવી જીવન પદ્ધતિ અપનાવી કે અજાણ્યો માણસ ફર્ક કરી શક્તો ન હતો કે કોણ ખલીફા છે અને કોણ સામાન્ય માનવ ! કૈસર તથા કિસ્રાના એલચી આવતા અને તેમની મામૂલી ખાકસારી ભર્યી જિંદગી જોઈને દંગ રહી જતા.

**(૧)** ખિલાફત પહેલાં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનો નિયમ હતો કે કમજોરો તથા નાદારોનું કામ કરી આપ્યા કરતા, મહોલ્લાની છોકરીઓ પોતાની બકરીઓ લઈને આવતી તો તેનું દૂધ દોહી આપતા. જ્યારે ખલીફા બન્યા તો એક છોકરીએ કહ્યું, હવે આપણી બકરીઓનું દૂધ દોહશે નહીં ! હઝરત અબૂબક્રએ સાંભળ્યું તો ફર્માવ્યું, કેમ નહીં ! કસમથી મારો હજી પણ એ જ નિયમ રહેશે, મને ઉમ્મીદ છે કે ખિલાફત મારી પાછલી સેવાઓના ક્રમમાં ફરક નહીં લાવી શકે. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૬)*

**(૨)** હઝરત ઉમર رضی اللہ عنہ મદીનાની નજીક રહેનારી એક અંધ વૃદ્ધાની દેખભાળ માટે જતા રહેતા હતા. તેણી માટે પાણી ભરી લાવતા, અને અન્ય કામો કરી આપતા. અમુક દિવસો પછી જોયું કે કોઈ બીજો માણસ તેમનાથી પહેલાં આવીને સર્વ કામો કરી જાય છે. ખૂબ જ કોશિશ કરી કે ખૂદ પહેલાં પહોંચે પણ ન થઈ શક્યું. એકવાર રાહ જોઈને તાકમાં બેસી રહ્યા કે જોઈએ કોણ આવે છે ? જોયું કે હઝરત અબૂબક્ર છે જે એમનાથી પહેલા આવી જાય છે એ વખતે હઝરત અબૂબક્ર ખલીફા થઈ ચૂક્યા હતા. *(ઈબ્ને અસાકિર, તારીખે ખુલફા, પેજ-૮૦)*

**(૩)** એકવાર બયતુલ માલનું એક ઊંટ ભાગી નીકળ્યું. હઝરત ઉમર તેની તલાશમાં નીકળ્યા. બરાબર એ જ વખતે એક રઈસ અહનફ ઈબ્ને કૈસ આપને મળવા માટે આવ્યા. જોયું કે હઝરત ઉમર દામન ચઢાવીને આમ તેમ દોડી રહ્યા છે. અહનફને જોઈને ફર્માવ્યું, આવો ! તમે પણ મારો સાથ આપો ! બયતુલ માલનું એક ઊંટ નાસી છૂટયું છે. એક ઊંટમાં જાણો છો કેટલા ગરીબોનો હક્ક હશે ? કોઈએ કહ્યું, અમીરુલ મો'મિનીન ! ખૂદ શા માટે જેહમત ઉઠાવો છો ? કોઈ ગુલામને ફર્માવો, તે ખૂદ શોધી લાવશે ! ફર્માવ્યું, મારાથી વધીને કોણ ગુલામ હશે ?!

**(૪)** હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ખજૂરોનો બોજ પોતાની ચાદરમાં લઈને બજારોથી આવી રહ્યા હતા. લોકોએ જોયું તો અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! આ બોજ અમે પહોંચાડી આપીએ છીએ. ફર્માવ્યું, બાળ બચ્ચાંવાળાને પોતાનો બોજ ઉઠાવવાનો અધિક હક્ક છે. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૭૫૦) (ક્રમશઃ)*

# કાસિમી દેવબંદી મોલ્વીઓના દુનિયાને ઊંધા ચશ્મા !!

કાર્યાલય

કહેવાતા મુસ્લિમ દૈનિક પત્ર ગુજરાત ટુ ડેની તા. ૭–૭–૨૦૦૬ની આવૃત્તિના પેજ નં. ૧૨ ઉપર અડધુ પેજ ભરીને કેટલાક મોલ્વીઓના તથા પ્રેક્ષકોના ફોટાઓ જોવા મળ્યા તેમજ સમાચાર જાણવા મળ્યા કે જામિઆ ઈબ્ને અબ્બાસ–સરખેજ (અમદાવાદ) દ્વારા પ્રકાશિત ઉર્દૂ માસિક "સૌતુલ કુર્આન"નો એક વિશેષાંક બનામે "તહફ્ફુઝે નામૂસે રિસાલત" બહાર પડયો છે જેનું વિમોચન મૌલાના અબ્દુલ અહદ કાસિમી તારાપુરી, મૌલાના અસ્રારુલ હક્ક કાસિમી, મૌલાના યાકૂબ બુલંદશહરી તથા જામિઆ ઈબ્ને અબ્બાસના નાઝિમે આ'લા મુફ્તી રિઝવાન કાસિમી વગેરેએ કર્યું.

**મુકર જાનેકા કાતિલને નિરાલા ઢંગ નિકાલા હૈ !**
**હર એકસે પૂછતા હૈ ઈસકો કિસને માર ડાલા હૈ !**

આ એવા સમાચાર છે કે જેમ ચોર ચોરી કરીને પબ્લિકમાં ભરી જાય અને પછી કહે કે, "હેં ! કોણે ચોરી કરી ?! શું ચોર્યું છે ! કેવા નાલાયક લોકો છે ! ચોરી કરતાં શરમ ન આવી !.....વગેરે."

એક નજરે જોતાં તો વાંચકોને લાગે કે આ મૌલાનાઓને "તહફ્ફુઝે નામૂસે રિસાલત" ("રસૂલે પાકના માનસન્માનની રક્ષા")ની કેટલી ચિંતા છે ! "નામૂસે રિસાલત" (રસૂલે પાક ﷺના માન સન્માન) માટે આ લોકોએ કેટલી કોશિશ કરી છે ! ખરેખર ! રસૂલે પાક ﷺના સાચા ચાહકો આ જ લોકો છે ! પશ્ચિમી રાષ્ટ્રોએ રસૂલુલ્લાહ ﷺની તૌહીન કરતાં કાર્ટૂનો બહાર પાડયાં તેમજ અન્ય રીતે તૌહીન કરતા આવે છે એનાથી તેમનાં દિલો કેટલાં રંજમય છે અને બેચૈન છે કે "તહફ્ફુઝે નામૂસે રિસાલત" વિશેષાંક બહાર પાડયો અને દેશભરમાંથી આ મોલ્વીઓએ અમદાવાદ આવીને તેનું વિમોચન કર્યું !

પણ અમે કહીએ છીએ કે **આ મુસલમાનો સાથે એક પ્રકારનો મહાન ધોકો છે !** તથા એક મઝાક છે ! ગૈરો થકી રસૂલે પાક ﷺની તૌહીનના આ રીતના બનાવો તો છેક હમણા જોવા મળ્યા છે, પણ **આ કાસિમી મોલ્વીઓના પેશ્વા** મૌલાના કાસિમ નાનોત્વી તેમજ મોલ્વી અશરફ અલી થાનવી, રશીદ અહમદ ગંગોહી, ખલીલ અહમદ અંબેઠવી..... વગેરેએ તહઝીરુન્નાસ, હિફઝુલ ઈમાન, બહિશ્તી ઝેવર, ફતાવા રશીદિયા, બરાહીને કાતિઆ, તઝકેરતુર્રશીદ..... વગેરે કિતાબોમાં **રસૂલે પાક ﷺની એવી ગુસ્તાખીઓ કરી છે કે જેના કારણે હરમૈન શરીફૈન તથા હિંદ પાક-ના જે તે સમયના ઉલમાએ તેમને કુફ્રનો ફત્વો આપ્યો છે,** તો આ કાસિમીઓ તેમને પોતે ગુસ્તાખે રસૂલ સમજ્યા છે ખરા ?! કે તેમને પોતાના બુઝુર્ગ તથા રહબર સમજે છે ?! તેમના પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "તકવિયતુલ ઈમાન" જે આ કાસિમી મોલ્વીઓના ધર્મનું બંધારણ છે તેમાં નબી વલીની ખૂબ તૌહીન કરતાં લખાણો ભરેલાં છે, તો શું તેનો બહિષ્કાર કરી તેને રદિયો આપ્યો ! નજ્દી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબની ગુસ્તાખીઓનો રદિયો આપ્યો !

પ્રથમ તેઓ જરા શરમ કરે ! અને ઘરના ગુસ્તાખોની ખબર લે ! કે જેમણે એ નબીની તૌહીનનો માર્ગ ખોલ્યો અને તેના પર પ્રથમ કૂચ કદમ કરી. નહીં તો રસૂલે પાકના ગુસ્તાખોના આ અનુયાયીઓના મોઢે "તહફ્ફુઝે નામૂસે રિસાલત"ની વાત શોભતી નથી !

**કુફ્ર કે લબપે કલ્મા હો જારી - દજલો, મકરો ફરેબો રિયા હૈ**
**કુફ્ર કો હમ કુફ્ર કહ ન પાએં - ઈસ લિયે વો સંવર કે ફિર રહા હૈ**

# મનઘડત તથા બનાવટી રિવાયતો

રજૂકર્તા : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા
*(નાયબ સદર મુદર્રિસીન દા.ઉ. ગુલશને અજમેર, ભરૂચ)*

### ★ મનઘડત રિવાયત ★

**(૪૬)** કહેવાય છે કે ઘણા વલીઅલ્લાહના મઝાર પર પગે ચાલીને જવાથી ચોથાઈ હજ્જનો સવાબ મળે છે અને એવા વલીઅલ્લાહનો મઝાર આપણા વતન કચ્છમાં પણ છે કે કેમ ?

### ★ સત્યનો નિર્દેશ ★

વલીઅલ્લાહના મઝારની ઝિયારત માટે અદબ, માન માટે **તંદુરસ્ત મર્દ જો પગે ચાલીને જાય અને તેથી તેની નમાઝો કઝા ન થાય [સાથે મહરમ વિનાની નામહરમ ઔરતો ન હોય તથા તેણીઓ બેપર્દા ન હોય. કેમ કે એવાંય ટોળાં ચાલતાં જતાં જોવા મળે છે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*] અને ખિલાફે શરઅ (શરીઅત વિરુદ્ધની) કોઈ હરકત અને કામ ન થાય તો અદબને કારણે સવાબ છે**. પણ ચોથાઈ હજ્જનો સવાબ એ બિલ્કુલ જહાલત (અજ્ઞાનતા) અને ખોટી વાત છે. શરીઅતમાં એની સાબિતી ક્યાંય પણ નથી.

જો કોઈ મુસલમાન મોઅતકિદ કોઈ વલીઅલ્લાહના મઝારની ઝિયારત માટે જાય અને **તેને કોઈ મુશ્કેલી ન પડે અને કોઈ ફર્ઝ અદા કરવામાં ચૂક ન થાય** તો અલ્લાહના વલીઓની ઝિયારત માટે પગે ચાલીને જવાની મનાઈ નથી. **છતાં સવારીની સગવડ હોવા છતાં આવી માનતા માનવી યોગ્ય નથી.** કા'બાતુલ્લાહના હજ્જ માટે અથવા ઉમરા માટે પગે ચાલીને જવાની અનેક વિગતો બેશક ! કિતાબોમાં છે, પણ કોઈ માણસ પગે ચાલી ન શક્તો હોય અને કાર (મોટર)માં જઈ શક્તો હોય તો કા'બાતુલ્લાહની ઝિયારત માટે પણ પગે ચાલીને જવાની મનાઈ છે, નહીંતર જાઈઝ છે.

હજ્જતુલ વિદાઅના પ્રસંગે હુઝૂર ﷺએ જોયું કે એક માણસ બે માણસોના ટેકાથી પગ ઘસડતો ઘસડતો કા'બાતુલ્લાહના હજ્જ માટે જઈ રહ્યો હતો. હુઝૂરે પૂછ્યું કે, તે આ રીતે કેમ જઈ રહ્યો છે ? તો જવાબ મળ્યો કે, તેણે આ રીતે માનતા માની છે. આપે ફર્માવ્યું કે, એને કહો કે સવાર થઈને જાય. અલ્લાહને આવી માનતાની જરૂર નથી. *(સહીહ બુખારી શરીફ, કિતાબુલ હજ્જ)*

### ★ મનઘડત રિવાયત ★

**(૪૭)** જ્યાં કોઈ કબર નથી અને ફકત વલી અલ્લાહનો આસ્તાનો છે તો મઝકૂર આસ્તાના ઉપર તે વલી અલ્લાહને ફાતેહા પઢવી, ત્યાં નઝરો ન્યાઝ કરવો, ત્યાં મજલિસ કરવી આ બધું જાઈઝ છે કે કેમ ? દા. ત. ગામે ગામ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہના ઓટલા જોવામાં આવે છે આ ઓટલા ઉપર નઝરો ન્યાઝ ચઢાવવી કેમ છે ?

### ★ સત્યનો નિર્દેશ ★

જ્યાં કોઈ વલી કે મો'મિનની કબર નથી અને તેની મૈયત પણ ત્યાં દફન થયેલ નથી તો ત્યાં તેની મૈયત સમજીને ફાતેહા પઢવું જાઈઝ નથી. ગામે ગામ ઈમામ હુસૈનના ઓટલા બનાવી ત્યાં નઝર ન્યાઝ ચઢાવવી આ એક દીનમાં ફિત્નો છે. હા, કોઈ સાફ જગ્યા નક્કી કરેલ હોય ત્યાં તિલાવત કરવી, નફ્લ પઢવા, ઈસાલે સવાબની મજલિસ કરવી તે જાઈઝ છે, તે મનાઈ નથી.

### ★ મનઘડત રિવાયત ★

**(૪૮)** ઘણે ઠેકાણે એવું જોવું મળે છે કે, મોહર્રમ

મહિનાની ૧૦મી તારીખ પછી ઈમામે આલી મકામ હઝરત હુસૈન رضی اللہ عنہ નું માતમ એક અનોખી રીતથી મનાવવામાં આવે છે. માતમ એવી રીતે થાય છે કે આગ સળગાવવામાં આવે છે જે લાકડાં સળગીને અંગારા બની જાય છે ત્યારે તેના પર ખુલ્લા પગે યા હુસૈનનો નારો લગાડીને લોકો ચાલે છે. આ રીતે માતમ કરવો અહલે સુન્નત વ જમાઅત માટે શો હુકમ છે ? જાઈઝ છે કે નહીં ?!

**★ સત્યનો નિર્દેશ ★**

આપે સવાલમાં માતમની વિગતો આપી છે તે જાહિલોએ ખુરાફાત (અજ્ઞાનીઓએ બનાવી રાખેલી વાતો) અને ખિલાફે શરઅ (શરીઅત વિરૂદ્ધ) એક બેકાર હરકત છે અને એ શહીદે કરબલા ઈમામે આલી મકામ હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہما ના પ્રત્યે મહોબ્બતના નામ પર જે માતમ દેખાડે છે તે મહોબ્બતની સાબિતી નથી. **અહલે સુન્નતના મત પ્રમાણે દરેક પ્રકારનો માતમ નાજાઈઝ, હરામ અને ગેર શરઈ (શરીઅતે મનાઈ ફર્માવેલ) છે તેથી તેનાથી બચવું જોઈએ.**

હઝરત ઈમામ હુસૈન અને બીજા કરબલાના શહીદો અને અહલે બયતે અતહારની મહોબ્બતમાં ઈસાલે સવાબ માટે નવાફિલ, રોઝા, સદકા, ભોજન ખવડાવવું જોઈએ, ખતમે કુર્આન, ગરીબો મિસ્કીનોની મદદ કરવી એ બધાં સારાં કામો છે એમ કરીને સવાબ પહોંચાડે. આ છે આપણા અહલે સુન્નત વ જમાઅતના આલિમોનો ફેંસલો અને શરઈ જવાબ. *(બહારે શરીઅત)*

**★ મનઘડત રિવાયત ★**

**(૪૯)** મોહર્રમ મહિનાની દસમી તારીખે મુસલમાનો તલવારબાઝી ખેલે છે જેને કચ્છી ભાષા (ઝબાન)માં ચક્કર કહે છે. મઝકૂર ચક્કર કરતાં કોઈ મુસલમાન તલવારથી ઝખ્મી થઈ જાય અને મરી જાય તો તે શહીદ ગણાશે કે નહીં ?

**★ સત્યનો નિર્દેશ ★**

તલવારબાઝી કે ચક્કર જે એક કસરત અને પ્રેક્ટીસ છે જે નેક નિય્યતથી મુસલમાન કરે તો મુબાહ છે. મોહર્રમની દસમી તારીખે તલવારબાઝી કે ચક્કર કરવી એ એક દીનમાં વ્યાપેલી ખુરાફાત અને બિદઅત છે જેનાથી બચવું જોઈએ. અને જો કોઈ તે તલવારબાઝીથી ઝખ્મી થઈ મરી જાય તો હરગિઝ શહીદ નહીં કહેવાય. તેને શહીદ માનવું તે અણસમજ અને જહાલત (અજ્ઞાનતા) છે.

**★ મનઘડત રિવાયત ★**

**(૫૦)** એ વાત મશ્હૂર રીતે સાંભળવામાં આવે છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની વફાત થઈ અને આપના જનાઝાને ઊંટ ઉપર રાખી રવાના કરી દેવામાં આવ્યું અને એથી આપની કબર શરીફ બનાવવામાં આવેલ નથી. શું આ વાત સાચી છે કે કેમ ?

**★ સત્યનો નિર્દેશ ★**

મઝકૂર વાત બિલકુલ ખોટી, બનાવટી તેમજ ઉપજાવી કાઢેલ છે. અહલે સુન્નત વ જમાઅત આ વાતને હરગિઝ માન્ય રાખતા નથી. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની કબર મુબારક કૂફાની પાસે નજફ શરીફમાં છે જે મશ્હૂર ઝિયારતગાહે ખલાઈક છે. *(સીરતે સહાબા)*

**★ મનઘડત રિવાયત ★**

**(૫૧)** કહે છે કે હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا ની કબર શરીફ ક્યાં છે તેની ખબર આજ દિન સુધી કોઈને નથી, કારણ કે તેમણે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને ભલામણ કરેલ છે કે મારી કબરનું નિશાન કોઈને આપશો નહીં. શું આ વાત ખરી છે કે કેમ ?

**★ સત્યનો નિર્દેશ ★**

ખાતૂને જન્નત હઝરત ફાતેમા رضی اللہ عنہا ની કબર શરીફ મશ્હૂર કબ્રસ્તાન જન્નતુલ બકીઅ મદીના મુનવ્વરામાં મૌજૂદ અને મશ્હૂર છે. નજ્દી હુકૂમત પહેલાં તો આ કબ્ર મુબારક ઉપર એક રોઝો અને

એક ગુંબદ હતો. માટે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને ભલામણ કરેલ કે મારી કબરની કોઈને જાણ ન થાય **એ વાત તદ્દન ખોટી છે.** કબર મુબારક આજે પણ મૌજૂદ અને રોશન છે.

### ★ મનઘડત રિવાયત ★

**(૫૨)** કહે છે કે હઝરત મુઆવિયા رضی اللہ عنہ ને ગુપ્ત અંગ (ભાગ)માં વીંછીએ ડંખ માર્યો અને ઝહેર ઉતરતું ન હતું એટલે કોઈ હકીમોએ સલાહ આપી કે તમો નિકાહ કરી લ્યો. એટલે આપે સાઈઠ વરસની એક કનીઝ સ્ત્રી સાથે નિકાહ કર્યો અને તેણી સાથે સંભોગ કર્યો અને ઝહેર ઉતરી ગયું. અને સંભોગથી હમલ રહ્યો તે પુત્ર યઝીદ પૈદા થયો. આ હકીકત કેટલી સાચી છે ?

આ વાત બિલકુલ બેહૂદા અને પાયા વિનાની વાત અને ખુરાફત છે જે લોકોએ બનાવી મૂકી છે અને લખી માર્યું છે. માટે ઉપર મઝકૂર પૂછેલ હકીકત તદ્દન ગલત, મનઘડન અને બનાવટી છે.

### ★ મનઘડત રિવાયત ★

**(૫૩)** એક ભાઈ કહે છે કે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ હમેશાં કવ્વાલીઓ સાંભળતા હતા અને તેમને કવ્વાલી સાંભળવાનો બહુ જ શોખ હતો. આજે પણ તેમની મઝાર શરીફ ઉપર કવ્વાલીઓના મોટા જલ્સા કરવામાં આવે છે અને આ વાત તેમને ખૂબ પસંદ છે. શું આ વાત ખરી છે ?!

### ★ સત્યનો નિર્દેશ ★

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ એ પોતાની જેટલી કિતાબો લખેલ છે તેમાં કોઈમાં પણ આપે લખ્યું નથી કે વાજિંત્રો વગાડી તેના ઉપર ગાવું જાઈઝ છે. હઝરત ખ્વાજા સાહબ બઝમે સિમાઅમાં સામેલ થતા હતા અને તે એ કે ઈશ્કે ઈલાહી, દીને પાકની કુવ્વત વ તકવિયતની ગઝલો કોઈ અલ્લાહનો વલી, એહલે દિલ, શરઅનો પાબંદ દિલના દર્દથી પઢતો હતો તેવી બઝમે સિમાઅમાં સામેલ થતા અને તે મેહફિલમાં બેસનારા બધા જ એહલે ઈશ્ક, એહલે દિલથી ઈશ્કે ઈલાહીની ધૂનમાં ગરક અને લીન હોય તેવી બઝમે સિમાઅની મેહફિલમાં સામેલ થતા. જેને સૂફીયાએ કિરામનો એક તબકો જાઈઝ લખે છે. આવી મેહફિલમાં એક પણ દાઢી મૂંડો, ફાસિક, કોઈ ગુનાહ કરનારો જો દાખલ થાય તો બઝમે સિમાઅની મેહફિલ બધા ઉપર નાજાઈઝ થઈ જાય છે તેવું કિતાબોમાં જોવા મળે છે.

બાકી હાલમાં જે કવ્વાલો મઝાર શરીફ ઉપર (ઢોલક તથા વાજિંત્રો સાથે) કવ્વાલીઓ ગાય છે, તો તેના માટે કવ્વાલો અને મુજાવરો જવાબદાર છે, ખ્વાજા સાહબની તે ભલામણ નથી, અને ખ્વાજા સાહબને પસંદ છે તેની દલીલ પણ મળતી નથી. કારણ કે ખ્વાજા સાહબની દરગાહ ઉપર જે નાયિકાઓ, નટીઓ, તવાયફો પણ ગાય છે, ફકીરોનું એક જૂથ ગાંજો પણ પીએ છે તેથી ખ્વાજા સાહબને આ વાત પસંદ છે તેવી દલીલ થઈ શકતી નથી. *(ફતાવા રઝવિય્યા, જિલ્દ–૧૦, મલ્ફૂઝ કામિલ)*

[હવાલો : રિવાયત **૩૯** થી **૫૩** સુધી કિતાબ **"ફતાવાએ કાદરિયા"** અઝ : **મુફતી સૈયદ અહમદશા બુખારી**, માંડવી–કચ્છ, પ્રકાશક : હુસૈની કમિટી (સુન્ની) મોરબી, માંથી લીધેલ છે.]

### તકલીફ પણ રબની નેઅમત !

હઝરત ઈમામ માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ મોટાભાગે ફર્માવ્યા કરતા કે, "હું જેહાદમાં શરીક થવાની તમન્ના ધરાવું છું, કહે છે જ્યારે એક મોકો જેહાદનો આવ્યો તો મને એવો તાવ ચઢયો કે જવાનું નામ જ ન લેતો હતો. જેથી એના ગમમાં એક રાત્રે એવું કહેતો સૂઈ ગયો કે જો ખુદાની નજીક મારો કોઈ મર્તબો હોત તો અત્યારે તાવ કદી ન આવત. પછી ખ્વાબમાં જોયું કે ગયબી નિદાથી કોઈ કહી રહ્યું હતું કે હે માલિક ! જો આજે તું જેહાદના માટે ચાલ્યો જાત તો કેદી બનાવી લેવામાં આવત અને કાફિર તને સુવ્વરનો ગોશ્ત ખવડાવીને તારો દીન બર્બાદ કરી નાખત. જેથી આ તાવ તારા માટે નેઅમત છે. પછી મેં જાગીને ખુદાનો શુક્ર અદા કર્યો. *(તઝકેરતુલ ઔલિયા)*

बज़्मे औलिया

# હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ નો માનવ પ્રેમ

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા*

ઈસ્લામ ધર્મએ આખી મખ્લૂકને અયાલુલ્લાહ એટલે કે અલ્લાહનો કુંબો (કબીલો) ઠરાવ્યો છે અને એની નજરમાં આખી માનવ જાતિ હઝરત આદમ علیہ السلامની ઔલાદ છે. એક જ જાન થકી અલ્લાહ તબારક વ તઆલાએ સૌને પેદા ફર્માવ્યા અને પોતાના અનહદ કરમ વડે તેણે સર્વ ઈન્સાનોને દયા તથા મુરવ્વત અને હમદર્દી તથા અન્યના દુઃખમાં ભાગીદારીની ભાવના પણ અર્પણ કરેલ છે જેથી તે એકબીજાનાં દુઃખદર્દને મેહસૂસ કરીને મુસીબતો તથા મુશ્કેલીઓના સમયે એકબીજાને કામ પણ આવી શકે.

ઈસ્લામના પયગંબર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તથા સહાબા તથા તાબઈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના નક્શે કદમ પર ચાલીને નફ્સની સફાઈ કરનારી તથા પાકી તથા એહસાન તથા તસવ્વુફ તથા તરીકતની ઝંડાધારી પવિત્ર હસ્તીઓ જેમને ઈતિહાસમાં સૂફીઓ તથા મશાઈખના નામથી યાદ કરવામાં આવે છે. તેમના જીવન તથા રહણી કરણીનો અભ્યાસ કરતાં ડગલેને પગલે એ હકીકત સામે આવે છે કે પોતાની ઈસ્લાહ (સુધારણા) અને ઈસ્લામની તબ્લીગની સાથે સાથે તેમણે પોતાના અખ્લાક (સંસ્કાર) તથા કિરદાર અને ખુદાની મખ્લૂક સાથે મહોબ્બત તથા પ્રેમભાવનાના ઉચ્ચ નમૂના અને એવી કદરને પાત્ર પ્રવૃત્તિઓ છોડી છે કે તેના પર સાચા અર્થમાં અમલ કરવામાં આવે તો આજે પણ બીમાર ઈન્સાનિયતને શિફા હાંસલ થઈ શકે છે અને ખુદાની પરેશાન હાલ મખ્લૂકને સુકૂન તથા રાહતનો □ાસ નસીબ થઈ શકે છે.

## ★ અલ્લાહના વલીની ઓળખ માટે નિશાનીઓ ★

હિંદુસ્તાનમાં સૂફિયાએ કિરામમાં સુલ્તાનુલ હિંદ, અતાએ રસૂલ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہની મહાન હસ્તી એક વિશિષ્ટ તથા અનોખી હૈસિયત ધરાવે છે, બલ્કે આપ હિંદની ભૂમી પર ઔલિયાના ગિરોહના સરદાર તથા સૂફીઓના સરતાજ છે અને આપની શાને ગરીબ નવાઝીથી હિંદુસ્તાનનો એક એક બાળક વાકેફ છે. આપના મહબૂબ ખલીફા કુત્બે ઈસ્લામ હઝરત ખ્વાજા કુતબુદ્દીન બખ્તિયાર કાકી ચિશ્તી દહેલ્વી رحمۃ اللہ علیہ વર્ણન કરે છે કે એકવાર મેં મોઈનુલ મિલ્લત વદ્દીન હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી رحمۃ اللہ علیہનો આ ઈર્શાદ સાંભળ્યો કે તે પોતાના પીરો મુર્શિદ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની ચિશ્તી رحمۃ اللہ علیہનાં અણમોલ કથનો વર્ણન કરી રહ્યા હતા :–

"જો કોઈ વ્યક્તિમાં ત્રણ ખૂબીઓ જોવામાં આવે તો સમજી લો કે તે અલ્લાહ તઆલાનો મહબૂબ બંદો છે : સખાવત તથા હેત અને નમ્રતા. દરિયા જેવી સખાવત, સૂર્ય જેવો હેત અને જમીન જેવી નમ્રતા." *(દલાઈલુલ આરિફીન)*

## ★ સાત પુત્રીઓનો પરેશાન બાપ અને ખ્વાજા સાહબના દાદાપીર ★

અને હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તીના દાદા પીર શૈખ હાજી શરીફ ઝિંદાની ચિશ્તી નીશાપૂરી رحمۃ اللہ علیہ નો આ પ્રસંગ વચન પાલન, ફકીરો ગરીબોની મદદ તથા સહાય અને દા'વત તથા તબ્લીગની પદ્ધતિનો કેટલો સરસ દાખલો છે.

સાત જવાન પુત્રીઓનો એક ગરીબ પરેશાન બાપ એક દિવસે શૈખ હાજી શરીફ ઝિંદાનીની બારગાહમાં આવીને અર્ઝ કરે છે કે મારી મુશ્કેલી આસાન કરવામાં આવે. આપે તેને સબ્ર તથા શુક્રની સૂચના આપી કે આજે જેટલી તકલીફ ઉઠાવશો કાલે એટલો આરામ (આખેરતમાં) પામશો. તેણે ફરી પોતાની પુત્રીઓની શાદીનો ઉલ્લેખ કર્યો. આપે ફર્માવ્યું : આજે જાવ, કાલે આવજો. જ્યારે તે શખ્સ પાછો જવા લાગ્યો તો માર્ગમાં એક અગ્નિપૂજક (પારસી) મળ્યો અને તેણે હાલ પૂછયો. ગરીબ બાપે પોતાની પરેશાની સંભળાવી. અગ્નિપૂજકે કહ્યું, શૈખ તો જાતે જ નાદાર છે તે તમારી શું મદદ કરશે ?! જાવ ! શૈખને કહો કે તેઓ જો સાત વરસ સુધી મારી સેવા કરે તો હું તેમને સાત હજાર દીનાર આપી શકું છું. તે ગરીબ ફરી પાછો આવ્યો અને તેણે આખી બિના કહી સંભળાવી.

હઝરત શૈખ હાજી શરીફ ઝિંદાનીએ એ સાંભળતાં જ ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! એથી બેહતર શું હશે કે મારા થકી સાત વરસ તેની સેવા ચાકરી કરવાના બદલામાં કોઈ ગરીબ હાજતમંદની જરૂરત પૂરી થઈ જાય !

તે ગરીબને સાથે લઈને શયખ તુરત જ તે પારસી પાસે પહોંચ્યા. પારસીએ શહેર કાઝી પાસે લઈ જઈને શયખ પાસે ગુલામીનો પત્ર લખાવી લીધો અને આપ કરાર મુજબ પારસીને ત્યાં રાતની રખેવાળી કરવા લાગ્યા.

સમયનો હાકિમ હઝરતનો ચાહક હતો તેને જેવી આ બનાવની ખબર મળી તેવો સાત હજાર દીનાર અને સાત હજાર દિરહમ આપની ખિદમતમાં મોકલીને વિનંતિ કરી કે સાત હજાર દીનાર પારસીને આપી દો અને તેનાથી મુક્તિ મેળવી લો અને સાત હજાર દિરહમ પોતાની જરૂરિયાત માટે ખર્ચ કરો.

શૈખ હાજી શરીફ ઝિંદાનીએ તે તમામ દીનાર તથા દિરહમ ગરીબો મોહતાજોમાં વહેંચી નાખ્યા અને ફર્માવ્યું કે મેં સાત વરસો સુધી તે પારસીની સેવા કરવાનો કરાર કર્યો છે તે તો મારે પરો કરવો જ પડશે !

પારસીને જ્યારે આ વાતની જાણ થઈ તો તેણે શૈખને કહ્યું કે તમે આ પ્રસ્તાવથી લાભ કેમ ન ઉઠાવ્યો જેનાથી તમે તકલીફથી બચી જાત ? શૈખે જવાબ આપ્યો, તમે આ મહેનત અને તકલીફનું મહત્વ તથા લિજ્જતને શું જાણો ?! મારો રબ ગરીબી અને મહેનતને પસંદ કરે છે અને હું મારા રબને પસંદ કરું છું, અને જેનાથી તે રાજી હોય તેમાં મારા માટે રાહત છે, અલ્લાહ દિલ ખુશ કરવાને પસંદ કરે છે અને દિલ ખુશ કરનારાઓને પોતાની નેઅમતોથી નવાઝે છે.

તે અગ્નિપૂજકના દિલ પર હઝરતની વાતોની એટલી ભારે અસર થઈ કે તેણે પોતાની ખુશીથી આપને તુરત જ આઝાદ કરી દીધા અને કહ્યું કે જાવ ! અને દિલ લગાડીને તમારા રબના કામોમાં વ્યસ્ત રહો, અને તેની રઝામંદી હાંસલ કરો.

શૈખ હાજી શરીફ ઝિંદાનીએ આ સાંભળીને તે અગ્નિપૂજકને ફર્માવ્યું, જ્યારે તમે મને આઝાદ કરી આપ્યો છે તો અલ્લાહ તબારક વ તઆલા તમને પણ દોઝખની આગથી આઝાદ ફર્માવી દેશે. અગ્નિપૂજકે જ્યારે દોઝખની આગથી આઝાદીની ખુશખબરી સાંભળી તો તેનું દિલ ઈસ્લામ પ્રતિ એટલું આકર્ષાયું કે તે કલમા તૈયેબહ પઢીને સાચા દિલથી મુસલમાન થઈ ગયો અને હઝરત શૈખની

તા'લીમ તથા તર્બિયત તથા સોહબતના ફયૂઝથી થોડાક જ દિવસો બાદ કામિલ શખય બની ગયો. *(સિયરુલ અકતાબ)*

અલ્લાહની મખ્લૂકની મદદ કરવાના બારામાં હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ ફર્માવે છે જેનાથી દુરવેશનાં રહસ્યો ખુલે છે :–

"દુરવેશી એ વાતનું નામ છે કે એની પાસે જે આવે તેને મેહરૂમ ન કરવામાં આવે. જો ભૂખ્યો છે તો ખાવા ખવડાવવામાં આવે, નગ્ન છે તો ઉમદા કપડાં પહેરાવવામાં આવે. કોઈ સંજોગોમાં તેને ખાલી પરત ન કરવો જોઈએ. તેનો હાલ પૂછીને તેના દિલને રાજી કરવું જોઈએ. *(દલીલુલ આરિફીન)*

## ★ બચપનથી ખ્વાજા સાહબની દરિયા દિલીની ઝલક ★

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તીના દિલની અંદર બચનપનથી જ મહોબ્બત તથા હમદર્દી તથા ગરીબ નવાઝીનો જઝબો મોજાં મારી રહ્યો હતો. દૂધ પીવાના આલમમાં પણ આપની કમાલની શાન હતી.

ઈતિહાસકારો લખે છે કે દૂધ પીવાના જમાનામાં પણ આપનો હાલ એ હતો કે જ્યારે કોઈ ઔરત પોતાના દૂધ પીતા બાળક સાથે આપને ત્યાં આવતી અને દૂધના માટે તેનું બાળક જ્યારે રડવા માંડતું તો આપ તુરત જ પોતાની મહેરબાન માંને ઈશારો કરતા, જેનો મતલબ એ હોતો કે આપ આપનું દૂધ આ બાળકને પીવડાવો. આપનાં વાલિદા મોહતરમા આ ઈશારો સમજીને તે બાળકને દૂધ પીવડાવતાં. તે બાળક જ્યારે દૂધ પીવા લાગતો તો આપ ઘણા જ ખુશ થતા અને સ્મિત કરવા લાગતા.

આપના બચપનનો જ એક પ્રસંગ છે. સારાં કપડામાં સજ્જ થઈને આપ નમાઝ પઢવા ઈદગાહ જઈ રહ્યા હતા. રસ્તામાં જોયું કે એક આંધળો બાળક ફાટેલાં પૂરાણા કપડાં પહેરેલ છે. તો આપને એ જોઈને ઘણુ દુઃખ થયું, દિલ બેચેન થઈ ગયું અને તરત જ પોતાનાં કપડાં ઉતારીને આપે તેને આપી દીધાં. ત્યારે તેને સાથે લઈને ઈદગાહ પહોંચ્યા અને તેની દરેક રીતે કાળજી રાખી તેના દિલને ખુશ કરતા રહ્યા.

પંદર વરસની વયે જ્યારે એક બુઝુર્ગ શૈખ ઈબ્રાહીમ કંદૂઝીના ફયૂઝાન અને કીમીયાઈ અસરવાળી નિગાહથી હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તીની અંદર રૂહાની ઈન્કિલાબ આવ્યો તો આપે પોતાનો બાગ અને પવનચક્કી જે આપના માટે રોજીનો ઝરીયો હતી તેને પણ વેચી કાઢી અને બાગ તથા પવનચક્કીથી મળેલી સર્વ રકમ ગરીબો તથા ફકીરો તથા મિસ્કીનો તેમજ મોહતાજો વચ્ચ વહેંચી કાઢી.

## ★ ચાદર અચાનક દીનાર તથા દિરહમથી ભરાઈ ગઈ ! ★

એકવાર એક શખ્સ ગુસ્સાની હાલતમાં આવ્યો અને આપના એક મુરીદને પકડીને સખ્તીની સાથે પોતાનું કરજ અદા કરવા માટે માંગણી કરવા લાગ્યો. આપે તેને નમ્રતાપૂર્વક સમજાવ્યો કે જ્યારે આટલી સબ્ર કરી છે તો થોડાક દિવસનો તેને અધિક મોકો આપો ! એ તમારું કરજ અદા કરી આપશે. પણ તે શખ્સ અધિક અકળાવા લાગ્યો. છેવટે આપને પણ જલાલ આવી ગયો અને આપે પોતાની ચાદર જમીન પર બિછાવી દીધી જે અચાનક દીનાર તથા દિરહમથી ભરાઈ ગઈ. તેને આપે ફર્માવ્યું, તમારી રકમ લઈ લો ! તેણે અસલ રકમ કરતાં કાંઈક વિશેષ લેવા ચાહ્યું તો તેનો હાથ સુકાઈ ગયો ! તે રડવા અને કરગવા લાગ્યો. આપે તેની ભૂલ માફ કરી બે રકાત નમાઝ પઢીને તેના માટે દુઆ કરી તો તેનો હાથ ઠીક થઈ ગયો અને તે આપનો અકીદતમંદ તથા ખિદમતગુઝાર બની ગયો. *(રિવાયત કરી કુત્બુદ્દીન બખ્તિયાર કાકીએ, સિયરુલ અકતાબ)*

## ★ આપનું ખૂન કરવા આવેલ સાથે આપનો સદ્ વર્તાવ ★

એક શખ્સ આપના પર હુમ્લાની નિય્યતથી આપની પાસે પહોંચ્યો અને કહેવા લાગ્યો કે લાંબા અરસાથી કદમબોસીની તમન્ના હતી, અલ્લાહનો શુક્ર છે કે આજે તે મહાન ખુશનસીબી હાંસલ થઈ. આપે ઈર્શાદ ફર્માવ્યો, જે નિય્યતથી આવ્યા છો તે તમારું કામ કરો ! આ સાંભળીને તે શખ્સ એટલો ગભરાઈ ગયો કે કાંપવા લાગ્યો અને જમીન પર પડીને આજીજીપૂર્વક અર્ઝ કરવા લાગ્યો, હુઝૂર ! ફલાણા માણસે તમને કત્લ કરવા માટે મને મોકલ્યો છે, જ્યારે કે મારી એવી કોઈ નિય્યત ન હતી. આમ કહીને તેણે પોતાની બગલમાંથી ખંજર કાઢયું અને આપની સમક્ષ મૂકી દીધું. આપે તેને ફર્માવ્યું, કોઈનું નામ ન લો અને ન તેનું રહસ્ય બહાર પાડો ! તેણે કદમો પર માથુ મૂકી દીધું અને કહેવા લાગ્યો, હું સજાનો હક્કદાર છું, આપ હુકમ આપો કે લોકો મને મારી નાખે !

આપે ઈર્શાદ ફર્માવ્યો, હે અઝીઝ ! અમારું કામ એ છે કે અમારી સાથે જે બુરાઈથી વર્તે છે એની સાથે અમે ભલાઈથી વર્તીએ છીએ. અને તમે તો તમારા તરફથી કોઈ બુરાઈ પણ નથી કરી. આમ કહીને આપે તેનું માથુ ઉઠાવીને તેના માટે દુઆ કરી. તેનું દિલ બદલાઈ ગયું અને તે આપનો ચાહક તથા ખાદિમ બની ગયો. તેણે ૪૫ હજ્જો કરી અને મક્કા મુકર્રમામાં તેનો વિસાલ થયો. *(સિયરુલ અકતાબ)*

## ★ ફાંસીથી મૃત્યુ પામેલાને જીવતો કર્યો ! ★

એક મઝલૂમ માં રડતી હિબકાં ભરતી હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થઈ. તે સમયે આપ વુઝૂ કરી રહ્યા હતા. સ્ત્રીએ કહેવાનું શરૂ કર્યું કે, ખુદાના વાસ્તે મારી ફરિયાદ સાંભળો ! શહેરના હાકિમે વિના વાંકે મારા પુત્રને ફાંસી આપી દીધી છે. આપે તેની ફરિયાદ ધ્યાનપૂર્વક સાંભળી. જ્યારે યકીન થઈ ગયું કે સ્ત્રીનું બયાન સાચુ છે તો આપે પોતાનો અસા હાથમાં લીધો અને ખાદિમ તથા મુરીદોની સાથે સીધા ફાંસી પામેલ છોકરાની પાસે પહોંચ્યા અને અસા (લાકડી) વડે તેની ગરદનને સ્પર્શ કરતાં ફર્માવ્યું, હે મઝલૂમ ! જો તને વિના વાંકે મારવામાં આવ્યો છે તો અલ્લાહના હુકમથી જીવતો થઈ જા અને ફાંસીના માંચડેથી ઉતરીને નીચે આવી જા !

આ શબ્દો જીભેથી નીકળતાં જ તે ફાંસીથી મૃત્યુ પામેલ છોકરો જીવતો થયો તથા સલામત રીતે ફાંસીના માંચડેથી નીચે ઉતરી આવ્યો અને તરત જ આપના કદમોમાં ગબડી પડયો અને થોડીવાર પછી માં દીકરો બંનેવ ખુશી ખુશી પોતાના ઘરે ચાલ્યાં ગયાં. *(સિયરુલ અકતાબ)*

## ★ ખેડૂતની મદદ માટે જાતે દિલ્હી ગયા ! ★

એક ખેડૂતના ખેતરની ઉપજ શહેરના હાકિમે કબ્જે કરી લીધી અને કહ્યું કે શાહી ફર્માન વિના તમને એમાંથી કાંઈ હિસ્સો મળશે નહીં. તે ખેડૂત ફરિયાદ કરવા તથા મદદ માંગવા ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી કે જો હુઝૂર આપના ખલીફા કુત્બુદ્દીન બખ્તિયાર કાકીને ભલામણ પત્ર લખી આપે તો આ પરેશાની હમેશાંના માટે ખત્મ થઈ જશે. આપે કાંઈક વિચારીને ઈર્શાદ ફર્માવ્યો, જો કે ભલામણ પત્રથી તમારું કામ સરળતાપૂર્વક પાર પડી જશે પણ અલ્લાહ તઆલાએ તમારા કામને માટે મને નિયુક્ત કર્યો છે એટલા માટે તમે મારી સાથે દિલ્હી ચાલો.

રસ્તામાં એક મુસાફરને આપની અચાનક રવાનગીની જાણ થઈ તો તેણે તુરત જ દિલ્હી પહોંચીને કુત્બુદ્દીન બખ્તિયાર કાકીને માહિતગાર કરી આપ્યા. હઝરત કુત્બુદ્દીન સાહબે શમ્સુદ્દીન

અલ્તમશને આપના આગમનની ખબર આપી. તેણે દિલ્હીમાં આપનું શાહાના તથા શાનદાર સ્વાગત કર્યું.

હઝરત કુત્બુદ્દીન સાહબે આપના આગમનનું કારણ પૂછયું તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે આ ખેડૂતના કામ માટે દિલ્હી આવવાનું થયું. તેમણે કહ્યું કે આ કામ તો અહીંના ખાદિમો પણ કરી આપત, એના માટે હુઝૂરે તકલીફ ઉઠાવવાની શું જરૂરત હતી ? હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તીએ ઈર્શાદ ફર્માવ્યો :–

આ ખેડૂત મારી પાસે આવ્યો તો ખૂબ જ રંજમય હતો. મેં મુરાકેબો કરીને દરબારે ખુદાવંદીમાં તેના માટે અર્ઝ કરી તો ગયબી હુકમ મળ્યો કે રંજોગમમાં શરીક થવું અયની બંદગી છે જેથી હું ખુદાની બંદગીના સબબે અહીં આવ્યો છું.

હઝરત કુત્બુદ્દીન સાહબે રજૂઆત કરીને ખૂદ સુલ્તાન શમ્સુદ્દીન અલ્તમશ પાસે જઈને ખેડૂતનો મામલો તેના હક્કમાં હલ કરી આપ્યો.

## ★ હુઝૂર ખ્વાજા ગરીબનવાઝનાં હમદર્દીભર્યા કથનો ★

માનવપ્રેમ તથા શાને ગરીબ નવાઝીના જલ્વા મુઈનુલ હક્ક વ દીન ગરીબ નવાઝ ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہની આ તા'લીમાત તથા હિદાયતમાં પણ મળે છે :–

"મુસીબતમાં સપડાયેલા લોકોની ફરિયાદ, તેમને સાથ આપવો, હાજતમંદોની જરૂરત પૂરી કરવી, ભૂખ્યાઓને ખાવા ખવડાવવું, કેદીઓને કેદથી છોડાવવું આ વાતો અલ્લાહની નજીક મહાન મર્તબો ધરાવે છે."

## હલાલ રોજી રોજીનું મહત્વ

**૧.** હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ કહ્યું કે સરકારે અકદસ ﷺ એ ફર્માવ્યું કે, "જે શરીરને **હરામ ખોરાક** આપવામાં આવ્યો તે **જન્નતમાં પ્રવેશ પામશે નહીં."** *(બયહકી, મિશ્કાત)*

**૨.** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે, રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું કે, "લોકો પર એક સમય એવો પણ આવશે જ્યારે કોઈ એ વાતની પરવા કરશે નહીં કે તેણે જે માલ પ્રાપ્ત કર્યો છે તે હલાલ છે કે હરામ ?" *(બુખારી શરીફ)*

પોતાના માટે દુનિયાવી માલ સંપત્તિના બારામાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ તથા અન્ય સૂફીઓ તથા મશાઈખનો જે મસ્લક હતો તે શૈખુલ ઈસ્લામ હઝરત બાબા ફરીદુદ્દીન મસ્ઊદ ગંજે શકર ચિશ્તી ખલીફાએ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી દહેલ્વીના આ ખયાલ પરથી જાહેર થઈ જાય છે :–

"ઝકાત ત્રણ પ્રકારની હોય છે : શરીઅતની ઝકાત, તરીકતની ઝકાત અને હકીકતની ઝકાત. તરીકતની ઝકાત એ છે કે બસો દિરહમ પોતાની પાસે રાખવામાં આવે અને બાકીના સૌ ખુદાની રાહમાં ખર્ચ કરી દેવામાં આવે. હકીકતની ઝકાત એ છે કે સર્વે સઘળુ જ ખુદાની રાહમાં આપી દેવામાં આવે અને પોતાની પાસે અલ્લાહ વ રસૂલ સિવાય કાંઈ પણ ન રાખવામાં આવે." *(સિયરુલ અકતાબ)*

અને અન્યોના સંબંધે આ પાક હસ્તીઓની એ આદત હતી કે હઝરત કુત્બુલ અકતાબ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ચિશ્તી દહેલ્વી પોતાના મુર્શિદે તરીકત વ હકીકત અતાએ રસૂલ સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરીના બારામાં પોતાનો આ અનુભવ વર્ણન કરે છે કે :–

"મેં મુદ્દત સુધી આપની ખિદમત કરી પણ કોઈ સાઈલને કે ફકીરને કદી આપના દરવાજેથી મેહરૂમ જતો નથી જોયો." *(મસાલિકુસ્સાલિકીન)*

સદીઓ પછી આજે પણ આપના આમ ફયૂઝાન તથા શાને ગરીબ નવાઝીનો હાલ એ છે કે :

ખ્વાજાએ હિંદ વો દરબાર હૈ આ'લા તેરા
કભી મેહરૂમ નહીં માંગનેવાલા તેરા

*–(બહવાલા કંઝુલ ઈમાન ઉર્દૂ, માસિક–દિલ્હી, નવે. ૧૯૯૮)*

# માનવ પિતા

## પ્રથમ માનવ હઝરત આદમ علیہ السلام ની પૈદાઈશ

રજૂ. જનાબ હાફેઝ કારી ઈરફાન નમાઝી-દયાદરા

**દરેક માનવ હઝરત આદમ علیہ السلام ના વંશથી છે. વર્તમાનકાળમાં કેટલાક ગુમરાહ થયેલ વાનર પ્રકૃતિના માનવો પોતાને વાનરની ઔલાદ બતાવે છે ! અને ખરેખર પોતે વાનર જેવું કલ્ચર અપનાવી બેઠા છે ! પણ એ બોગસ તથા બુદ્ધિથી પર વાત છે કે માનવ વાનરમાંથી બન્યો છે, બલ્કે હકીકત તો એ છે કે એવા લોકો માણસમાંથી વાનર જેવા બની ગયા છે ! માણસનું મૂળ હઝરત આદમ علیہ السلام પ્રથમ માનવી (અબુલ બશર એટલે માનવ પિતા) છે. કુર્આને પાકમાં અલ્લાહ તઆલાએ તેનું ઠેક ઠેકાણે વર્ણન કરેલ છે. બૌદ્ધિક દષ્ટિએ તથા શરઈ દષ્ટિએ એ જ સત્ય છે, જેની સમજ માટે આ લેખ વાંચશો અને તમારી ઔલાદને પણ સમજાવો જેથી ગુમરાહ થતી બચે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

હઝરત આદમ علیہ السلام ના ન બાપ હતા ન માં, બલ્કે અલ્લાહ તઆલાએ માટીથી પેદા ફર્માવ્યા હતા. રિવાયત છે કે અલ્લાહ તઆલાએ જ્યારે હઝરત આદમ علیہ السلام ને પેદા કરવાનો ઈરાદો કર્યો ત્યારે હઝરત ઈઝરાઈલ علیہ السلام ને હુકમ ફર્માવ્યો કે જમીન પરથી એક મુઠ્ઠી ભરી માટી લઈ આવો ! અલ્લાહ તબારક વ તઆલાના હુકમ અનુસાર હઝરત ઈઝરાઈલ علیہ السلام આસ્માન પરથી જમીન પર ઉતર્યા અને એક મુઠ્ઠી માટી ઉઠાવી તો સઘળી જમીનનો ઉપલો પૂરો ભાગ છીલકાના જેમ હઝરત ઈઝરાઈલ علیہ السلام ની મુઠ્ઠીમાં આવી ગયો. જેમાં સાઈઠ (૬૦) રંગોની વિવિધ પ્રકારની માટી હતી, એટલે કે સફેદ, કાળી, લાલ, પીળી.... વગેરે દરેક રંગોવાળી નાઝુક, નક્કર, ખૂબસૂરત, તીખી, ખારી, ફીકી દરેક પ્રકારની માટી સામેલ હતી. *(ખાઝિન, ભાગ-૧, પેજ-૧૪૬, જમલ, ભાગ-૧, પેજ-૩૧)*

પછી અલ્લાહ તઆલાએ માટીને અમુક પાણીઓ વડે ગુંદવાનો હુકમ આપ્યો. એ માટીને અમુક સમય સુધી ગુંદવામાં આવી, જ્યારે એમાં ચીકણાશ પેદા થઈ ત્યાર પછી ફરીવાર એક મુદત સુધી ગુંદવામાં આવી તો કાદવની જેમ બિલકુલ લચપચ થઈ ગઈ. પછી તે માટી સુકાઈ ગઈ અને ખન ખન અવાજ પૈદા થઈ શકે એવી બની ગઈ. પછી એ માટીથી હઝરત આદમ علیہ السلام નું પૂતળુ બનાવીને જન્નતના દરવાજા પર મૂકવામાં આવ્યું. એ પૂતળાને જોઈને ફરિશ્તાઓ આશ્ચર્યમાં પડી ગયા, કારણ કે ફરિશ્તાઓએ આવી શકલો સૂરતની મખ્લૂક કદી પણ જોઈ ન હતી. પછી અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام ના પૂતળાની અંદર રૂહને દાખલ થવાનો હુકમ ફર્માવ્યો. જ્યારે રૂહ દાખલ થઈને એમના નાકના નસ્કોરા સુધી પહોંચી તો એમને છીંક આવી અને જ્યારે રૂહ ઝબાન સુધી પહોંચી ગઈ ત્યારે હઝરત આદમ علیہ السلام એ **અલ્હમ્દુલિલ્લાહ !** નું ઝિક્ર કર્યું તો અલ્લાહ તઆલાએ જવાબમાં ફર્માવ્યું, **યરહમકુલ્લાહ !** એનો મતલબ અલ્લાહ તઆલા તમારા ઉપર રહમ ફર્માવે, હે આદમની ઔલાદ ! મેં તમને મારી તઅરીફ માટે જ પૈદા કર્યા છે. પછી ધીરે ધીરે આખા બદનમાં રૂહ પહોંચી ગઈ અને હઝરત આદમ علیہ السلام ઊભા થઈ ગયા.

તિર્મિઝી અને અબૂ દાઊદમાં આ હદીષ છે કે હઝરત આદમ علیہ السلام નું પૂતળુ જે માટીથી બનાવવામાં આવ્યું હતું તે માટીના રંગો વિવિધ કૈફિયતના હતા એટલા માટે આપની ઔલાદ એટલે

કે ઈન્સાનમાં વિવિધ રંગો, અને વિવિધ પ્રકારના મિજાઝવાળા ઈન્સાનો હોય છે. *(ખાઝિન, ભાગ–૧, પેજ–૪૬)*

હઝરત આદમ علیہ السلامની કુન્નિયત 'અબૂ મુહમ્મદ' અથવા 'અબુલ બશર' હતી. અને આપનો લકબ 'ખલીફતુલ્લાહ' અને આપ સૌથી પહેલા અલ્લાહના નબી છે. આપની ઉંમર નવસો સાઠ વર્ષની હતી અને વફાતના વખતે આપની ઔલાદની વસ્તી ૧ લાખ થઈ ચૂકી હતી જેમણે વિવિધ પ્રકારની સજાવટ અને ઈમારતોથી જમીનને આબાદ કરી હતી. *(ખાઝિન, ભાગ–૧, પેજ–૪૭, વસાવી, ભાગ–૧, પેજ–૨૦)*

કુર્આન શરીફમાં વારંવાર વર્ણન કરવામાં આવ્યું છે કે હઝરત આદમ علیہ السلامને માટીથી પૈદા કરવામાં આવ્યા છે. જેમ કે અલ્લાહ તબારક વ તઆલા સૂરએ આલે ઈમ્રાનમાં ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ط خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ لَهٗ كُنْ فَيَكُوْنُ۔

"બેશક ! હઝરત ઈસા علیہ السلامનો હાલ હઝરત આદમ علیہ السلامજેવો છે કે અલ્લાહતઆલાએ એમને માટીથી બનાવ્યા. પછી ફર્માવ્યું કે થઈ જાવ ! તો તરત જ થઈ ગયા." *(સૂરએ આલે ઈમ્રાન, રૂકુઅ–૧૪, આયત–૫૯, પારા–૩)*

બીજી આયતમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : اِنَّا خَلَقْنٰهُمْ مِّنْ طِيْنٍ لَّازِبٍ "બેશક ! અમે ઈન્સાનોને ચિકાશવાળી માટીથી બનાવ્યા." *(સૂરએ સાફ્ફાત, આ.૧૧)* અને ત્રીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો છે :–

وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ مِنْ صَلْصَالٍ مِّنْ حَمَاٍ مَّسْنُوْنٍ

"બેશક ! અમે ઈન્સાનને ખખડતી માટીથી બનાવ્યો જે અસલમાં એક કાળી અને ખુશ્બુવાળી માટી હતી." *(સૂરએ હજર, આ. ૨૬)*

## હઝરત હવ્વાની પૈદાઈશ

જ્યારે હઝરત આદમ علیہ السلامને અલ્લાહ તઆલાએ જન્નતમાં રહેવાનો હુકમ આપ્યો ત્યારે આપનું એકાંતનાં કારણે દિલ લાગતું ન હતું. તો અલ્લાહ તઆલાએ ઊંઘનો ગલ્બો ફર્માવ્યો અને આપ ગાઢ ઊંઘમાં સૂઈ ગયા. તો ઊંઘની હાલતમાં આપની ડાબી બાજુની નાની પાંસળીને અલ્લાહ તઆલાએ એમના જિસ્મથી જુદા કરી દીધી અને એ હાડકીની જગ્યાએ ગોશ્ત પૈદા કર્યો, પછી એ હાડકીથી હઝરત હવ્વાને પૈદા ફર્માવ્યાં. એટલા માટે દરેક મર્દની જમણી બાજુએ ૧૮ (અઢાર) પાંસળીઓ હોય છે અને ડાબી બાજુએ ૧૭ (સત્તર) પાસંળીઓ હોય છે.

પાંસળી જુદી કરતી વખતે હઝરત આદમ علیہ السلامને કોઈ પણ જાતની તકલીફનો એહસાસ ન થયો. જ્યારે આપની ઊંઘથી આંખ ખુલી તો આપ હઝરત હવ્વાને જોઈને ઘણા જ તઅજ્જુબમાં પડી ગયા, પછી હઝરત હવ્વા આપની પાસે બેઠાં તો હઝરત આદમ علیہ السلامએ હઝરત હવ્વાને સવાલ કર્યો, તમે કોણ છે ? અને શા માટે અહીંયા આવ્યાં છો ?! તો હઝરત હવ્વાએ જવાબ આપ્યો, હું તમારી બીવી છું અને અલ્લાહ તબારક વ ત આલાએ મને એટલા માટે પૈદા ફર્માવી છે કે હું તમારી સાથે રહું અને તમે મારાથી રાહત હાંસલ કરો અને મારી સાથે મહોબ્બત કરો, અને આપણે બંને એકબીજા સાથે મળીને ખુશ રહીએ અને ખુદાવંદે કુદ્દુસની નેઅમતોનો શુક્ર અદા કરીએ. *(સાવી, ભાગ–૧, પેજ–૨૨)*

કુર્આન મજીદમાં અમુક જગ્યાએ હઝરત હવ્વાના બારામાં ઈર્શાદ ફર્માવ્યો છે :–

وَخَلَقَ مِنْهَا زَوْجَهَا وَبَثَّ مِنْهُمَا رِجَالًا كَثِيْرًا وَّنِسَآءً ط

"અને હઝરત આદમ علیہ السلامથી એમની બીવીને પૈદા ફર્માવ્યાં અને એ બંનેથી ઘણા મર્દો અને ઘણી ઔરતોને પૈદા ફર્માવી." *(સૂરએ નિસાઅ, આયત–૧)*

# ઔરતોની હિકાયતો

★ લેખક ★

મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

★ અનુવાદક ★

આલિમા કારિયહ્ અનીસા મોહયુદ્દીન (હલદરવા)

## હિકાયત : ૧૭

### હઝરત હલીમા સઅદિયહ્ رضی اللہ عنہا

અરબવાળાઓનો નિયમ હતો કે જ્યારે તેમનાં કોઈને ત્યાં બાળક જન્મ પામતું તો પોતાના કુટુંબની બહાર અન્ય કોઈ કુટુંબમાંથી કોઈ દૂધ પીવડાવવાવાળી સ્ત્રીને જે તંદુરસ્ત તથા ખૂબસૂરત, સારી બોલચાલવાળી હોય અને જેમાં સૌ શ્રેષ્ઠ ગુણો હોય તેને શોધીને તેના હવાલે કરી દેતા. પછી જ્યારે દૂધ પીવડાવવાની મુદ્દત પૂરી થઈ જતી તો વળતર આપીને પરત લઈ લેતા. હુઝૂર જ્યારે પૈદા થયા ત્યારે નિયમ મુજબ ખૂદ દૂધ પીવડાવનારીઓ જે બાળકોને દૂધ પીવડાવવા પર લેવા માટે મક્કા મોઅઝ્ઝમા આવ્યા કરતી હતી આવી તેણીઓમાંથી એક સ્ત્રી કબીલા બની સઅદિયાથી હલીમા નામની પણ હતી. તે સૌએ જે સ્ત્રીઓ આવી હતી તેમણે ઈત્તેફાકથી જે જે ઘરેથી કોઈને કોઈ બાળક મળ્યું લઈ લીધું, પરંતુ હલીમાને કોઈ બાળક ન મળ્યું. તેણી કહે છે કે અમો જેટલી આવી હતી સર્વેએ હુઝૂરને જોયા પણ એવું સમજીને કે આ બાળક યતીમ છે તેનો હદીયો કાંઈ સારો નહીં મળે. એમને કોઈએ ન લીધા અને અલ્લાહની કુદરત મને પણ કોઈ બાળક ન મળ્યું. નિરાશ થઈને મારું ખાલી હાથ જવું એવું ખરાબ લાગ્યું કે ઘરે જવાનું મન ન કરતુ હતું. મારી સાથે આવેલી સ્ત્રીઓ બાળકો લઈને પરત થવા માટે એક સ્થળે એકત્ર થઈને આવી રહેલી સહેલીઓની વાત જોઈ રહી હતી, પરંતુ હું ઉદાસ કોઈ બાળકની શોધમાં રહી ગઈ, પરંતુ જ્યારે કોઈ માર્ગ ન સુઝયો તો મેં મારા પતિને કહ્યું કે આટલી ઔરતોમાં મારું ખાલી હાથ જવું શરમજનક છે. ખુદાની કસમ ! હું તો તે જ બાળકને લઈ આવું છું જે અબ્દુલ મુત્તલિબના ઘરમાં છે, અને તેને સૌ છોડી આવી છે. તેણે કહ્યું, લઈ આવ ! કદાચ ! અલ્લાહ તઆલા આપણને તેની જ બરકતથી માલામાલ કરી દે. આ સાંભળીને હું અબ્દુલ મુત્તલિબના ઘરે ગઈ. અબ્દુલ મુત્તલિબ પોતાના ઘરના દરવાજે ઊભા હતા. મને જોઈ પૂછયું, તું કોણ અને તારું નામ શું છે ? મેં કહ્યું, હું બની સઅદથી છું, અને હલીમા મારું નામ છે. અબ્દુલ મુત્તલિબે પ્રસન્ન થઈને કહ્યું, સારું ! સારું ! સઅદ (નેક બખ્તી) અને હિલમ (દરગુજર) બંને જમા થઈ ગયાં. આ બે શબ્દોમાં હમેશાંની ભલાઈ તથા બરકત છે. હલીમા ! મારી પાસે એક બાળક છે જેનો બાપ તેના જન્મ પહેલાં જ થોડા દિવસ અગાઉ મૃત્યુ પામી ગયા હતા અને હું જ તેનો કફીલ (જિમ્મેદાર) છું. તમારી કૌમની ઔરતો તેને જોઈ છોડી ગઈ હતી. કદાચ ! તેણીઓના દિલમાં એ ખતરો હશે કે આ યતીમનો દૂધનો હદીયો કોણ આપશે ?! તું તેને લઈ જા ! તારા માટે સારું થશે. મેં કહ્યું, હું મારા પતિથી મશ્વેરો કરી લઉં. મશ્વેરો કરવા પર પતિએ કહ્યું કે જરૂર લઈ આવ ! આશા છે હક્ક તઆલા આપણને તેની બરકતથી ખુશખુશાલ કરી દેશે. હું પરત આવી અને અબ્દુલ મુત્તલિબને કહી દીધું કે બાળક મને દઈ દો ! તે ખૂબ ખુશીથી ઉઠીને મને આમેનાના ઘરે લઈ ગયા. તેણીએ મને ઈજ્જતની નજરથી આવકાર આપી તે ઓરડીમાં લઈ ગયાં જ્યાં સરવરે આલમ ﷺ પારણામાં સૂતેલા હતા. મેં જોયું કે અતિ સફેદ ઊનના કપડાં આપની ઉપર, રેશમ બિસ્તર આપની નીચે અને આસ્માન તરફ મોઢું રાખી તશરીફ ફર્મા છે અને કસ્તૂરીની ખુશ્બો આપથી આવી રહી છે. હું આપના હુસ્ન તથા જમાલને જોઈ આશ્ચર્ય ચકિત થઈ ગઈ અને આપને જગાડવાથી હેબતાઈ ગઈ.

પરંતુ પોતાનો હાથ ખૂબ નરમીથી આપના સીના પર મૂક્યો તો આપ મુસ્કુરાવા લાગ્યા, અને આંખો ખોલી જેનાથી નૂરાની કિરણો નીકળીને આસમાન સુધી પ્રકાશિત કરતી ચાલી ગઈ. મેં આ જોઈને આપની બંને આંખો પર બોસો દીધો અને આપને ઉઠાવી લીધા. અગર મને કોઈ અન્ય બાળક મળી જાત તો હું આ નેઅમતથી વંચિત રહી જાત. પછી મેં આપને ગોદમાં લઈને પોતાનો જમણો સ્તન દેખાડયો, આપે જેટલું ઈચ્છયું (દૂધ) પીધું, પછી મેં આપને પોતાના ડાબા સ્તન તરફ ફેરવ્યા. પરંતુ આપે તેને ન પીધું, કારણ કે મારું એક બીજુ બાળક પણ દૂધ પીતુ હતું. આપની જાતે અકદસમાં પ્રાકૃતિક જ ન્યાય, દીનદારી, પરહેઝગારી અને અમાનત મૌજૂદ હતી એટલા માટે આપે પોતાના દૂધ ભાઈનો હિસ્સો છોડી દીધો. પછી જ્યારે અમે પોતાના સ્થળે આવ્યા કે ત્યાંથી તૈયાર થઈને સાથીઓ સાથે ઘરે જઈએ તો મારા પતિએ જોયું કે અમારી બકરી જેને અમે અમારા બાળક માટે અમારી સાથે મક્કામાં લાવ્યા હતા જે દૂધ સૂકાવેલ તથા ખૂબ જ અશક્ત હતી પરંતુ અમે થોડુ ઘણુ દૂધ અમારા બાળક માટે કાઢી જ લેતાં હતાં તે દૂધ ભરેલા આંચળે ઉભી ઉભી વાગોળતી હતી. તેણે તેનાં આંચળોને હાથ લગાડયો તો દૂધ નીકળવા લાગ્યું. તરત વાસણ લઈને દોહવા બેસી ગયાં. બકરીએ એટલું દૂધ આપ્યું કે અમે તેનાથી ખૂબ ધરાઈ ગયાં અને રાત્રે આરામથી સૂઈ રહ્યાં. સવારે ઉઠયાં તો મારા પતિએ મને સંબોધી કહ્યું, હલીમા ! જે બાળકને આપણે લીધું છે, ખુદાની કસમ ! આ ખૂબ જ બરકતવંત છે. મેં કહ્યું, હા ! ખરું છે. અને મને પણ આ બરકતનું યકીન છે અને આશા છે કે આ જ્યાં સુધી આપણી પાસે રહેશે આપણા માટે ખૈરો બરકત હશે. *(હુજ્જતુલ્લાહ અલલ્ આલમીન, પેજ નં. ૨૫૪)*

**બોધ** : હુઝૂર ﷺને દૂધ પીવડાવવાની સઆદત કબીલા બની સઅદની હલીમાના જ ભાગ્યમાં હતી (તો) આ ખુશનસીબી અન્ય કોઈને કેમ પ્રાપ્ત થઈ શક્તી હતી ? બીજી સ્ત્રીઓ હુઝૂરને પોતાની દષ્ટિએ યતીમ સમજીને છોડીને ચાલી આવી, પરંતુ તે કોણ હતી જે હુઝૂરને છોડતી. આ તો ખૂદ હુઝૂર ﷺએ તે સર્વેને છોડી દીધી હતી કારણ કે આપને ઈલ્મ હતું કે મને દૂધ પીવડાવવાવાળી છે તે જેનું નામ હલીમા છે. આ સઆદત હલીમા સઅદિયાને જ મળશે. એટલા માટે હુઝૂર ﷺએ જ્યારે તે સઆદતની અસલ લાયકને આવતા જોઈ તો હુઝૂર મુસ્કુરાવવા લાગ્યા. કેટલી ભાગ્યશાળી છે હલીમા સઅદિયા رضی اللہ عنہا જેના મુબારક કદમોનો બોસો લેવાનો અર્શ પણ ઈચ્છુક છે હલીમા તેની આંખોનો બોસો લઈ રહી હતી ! તે બરકતવંત જાત કાલે કયામતમાં જેના મુબારક દામનમાં એક દુનિયા પનાહ લેશે આજે તે સખીનું અસ્તિત્વ હલીમાની ગોદમાં નજરે પડે છે. વાહ રે ! હલીમાનું નસીબ !

**બળી તૂને તૌકીર પાઈ હલીમા**
**મુહમ્મદ કો તૂ લેકે આઈ હલીમા (ﷺ)**

આજકાલનાં બાળકોને નવડાવી, ધોવડાવી અને સુગંધિત પાઉડર લગાડીને રાખવામાં આવે છે, નહીંતર તેનાથી દુર્ગંધ આવવા લાગે છે, પરંતુ હુઝૂર પૂરનૂર ﷺની જાતે અકદસ જ ખુશબોનો ઝખીરો હતી કે હલીમા નજીક ગઈ તો કસ્તૂરીની ખુશ્બુ આવવા લાગી. આ રીતે હુઝૂર ﷺનું વજૂદે બા જૂદ હમેશાં ખુશ્બો તથા રહમતનો ઝખીરો જ રહ્યું. જે રસ્તેથી આપ પસાર થઈ જતા ખુશ્બુઓનાં ઝોંકાં આવવા લાગતાં.

**ઉનકી મહકને દિલકે ગુંચે ખિલા દિયે હૈં**
**જિસ રાહ ચલ દિયે હૈં કૂચે બસા દિયે હૈં**

એ પણ જાણવા મળ્યું કે દીનદારી, પરહેઝગારી અને અમાનતના પણ હુઝૂર પ્રથમથી જ મખ્ઝન (ગેહવારા) હતા એટલા જ માટે પોતાના રજાઈ

ભાઈના હિસ્સાનું દૂધ આપે ન પીધું. જાણે બાલ્યાવસ્થાએ જ તબ્લીગ ફર્માવી દીધી કે કોઈનો હક્ક મારવો જાઈઝ નથી. મુસલમાનોએ પોતાના આકાના મુકદ્દસ બચપણને નજર સમક્ષ રાખવું જોઈએ, અને કોઈ ભાઈનો હક્ક ન મારવો જોઈએ. પરંતુ આહ ! આ પૂર ફિતન દૌરમાં ભાઈ ભાઈનો શત્રુ અને ઈચ્છે છે કે ભાઈનું જે મળે લઈ લો ! અન્યોના માલ પર નજરો લલચાવા લાગે છે. અને આજકાલના મુસલમાન બીજાઓના માલને હજમ કરી જાય છે અને દાવો એ કે અમે તે નબીની ઉમ્મત છીએ જેણે બચપણમાં પણ પોતાના દૂધ ભાઈનો હિસ્સો નથી અપનાવ્યો અને પોતાના ભાઈ માટે જ રહેવા દીધો. એ પણ જણાયું કે આપણા હુઝૂર ﷺનું વજૂદે બાજૂદ સરાપા બરકત છે કે આપ આવતાં જ કમજોર બકરીના સૂકા આંચળ દૂધથી ભરાઈ ગયા. અલ્હમ્દુલિલ્લાહ ! આપણને એવા બાબરકત આકા મળ્યા જેમના સદકે આપણા સૂકા અને બુરા અમલો પણ ઈન્શાઅલ્લાહ ! તાજા અને સારા થઈ જશે.

أُولَٰئِكَ يُبَدِّلُ اللَّهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ ની આયત આ વાસ્તવિક્તા પર સાક્ષી છે કે જે લોકો તૌબા કરીને હુઝૂર ﷺના ગુલામ બની જશે, અલ્લાહ તઆલા તેઓની બુરાઈઓને પણ નેકીમાં ફેરવી દેશે. તો હે મુસલમાનો ! હઝરત હલીમાએ જે મહોબ્બતથી હુઝૂરને ગોદમાં લઈને બરકત પામ્યાં હતાં, તમે પણ મહોબ્બતથી હુઝૂરનું દામન પકડી બંને જહાનની બરકતો હાંસલ કરી લો.

**કી મુહમ્મદ ﷺસે વફા તૂને તો હમ તેરે હૈં**
**યે જહાં ચીઝ હૈ ક્યા લોહો કલમ તેરે હૈં**

## શું ફત્વો છે દેવબંદી મુફતીઓનો ? આ શિર્ક થયું કે નહીં ?!

ફર્યાદ

જામે નૂર ઉર્દૂ મંથલી દિલ્હીના તંત્રી જનાબ ખુશ્તર નૂરાની લખે છે કે, "અત્યારે મારી નજરો સમક્ષ ૧૩–માર્ચ ૨૦૦૬નું હિન્દી દૈનિક પત્ર "દૈનિક જાગરણ" છે. એમાં એકદમ નજરે ચઢી જાય એ રીતે ગયાનવાલી મસ્જિદ (બનારસ)ના ઈમામ તથા મુફતીએ બનારસ મૌલાના અબ્દુલ બાતિન નોઅમાનીનો ફોટો છપાયેલો છે જે સંકટ મોચન મંદિરમાં જઈને મૂર્તિઓના કદમોમાં અકીદત (શ્રદ્ધા)પૂર્વક ઉભા છે અને ત્યાંના પૂજારીથી મૂર્તિઓ પર ચઢાવેલો પ્રસાદ તથા ગંગાજળ લઈ રહ્યા છે. હિંદુઓ સાથે તેમની મહોબ્બત તથા અકીદતને "સૌહાર્દનું દષ્ટાંત" એટલે દોસ્તી તથા અમ્નનું દષ્ટાંત કહીને આ દૈનિકે દાદ આપી છે.

બિનસાંપ્રદાયિક્તા અને ઉદારપણાના નશામાં રહેનાર મુસલમાન શરીઅતની રૂએ આ હરકતની શી સ્પષ્ટતા કરશે ? જો મુફતીએ બનારસની કલમ આ રીતની મહોબ્બત તથા દોસ્તી જાઈઝ હોવાનું દર્શાવે છે તો પછી તેમને ત્યાં ઈમાન તથા કુફ્રનું માપદંડ શું છે ? જે મસ્લકથી એ (મુફતી) સંબંધ ધરાવે છે ત્યાં (દેવબંદીને ત્યાં) ઔલિયાએ કિરામની ચોખટ પર હાજર થતાં જ તૌહીદના અકીદાનો આઈનો દાગદાર થઈ જાય છે, અને વરસો પહેલાંથી એ જ તૌહીદના અકીદાની રક્ષાના નામ પર જેમણે પોતાનો સંબંધ સવાદે આ'ઝમ (અહલે સુન્નત) સાથેથી તોડીને નજદ સાથે જોડી લીધો, તો આશ્ચર્યની વાત છે કે મંદિરમાં જઈને ધોળે દહાડે મૂર્તિઓ સમક્ષ અકીદત તથા મહોબ્બતની શ્રદ્ધાંજલી લૂટાવ્યા પછી પણ તેમના તૌહીદના અકીદાને કોઈ આંચ ન આવી ?! *(જામે નૂર, દિલ્હી, જૂલાઈ–૨૦૦૬)* અને મહોર્રમની સબીલના પાણી તથા બુઝુર્ગોની ન્યાઝને ખાવી હરામ તથા નાજાઈઝ કહેનાર આ પ્રસાદ વગેરે કઈ કુર્આનની આયત તથા હદીષને દલીલ બનાવીને આરોગી રહ્યા છે ! છે કોઈ દેવબંદનો મુફતી આનો જવાબ આપનાર ?!

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ માપલ્લીમાં ઉર્સ શરીફ મનાવાશે ! ★

હુઝૂર શહનશાહે ગુજરાત સૈયદઅલી મીરાંદાતાર સરકાર رضی اللہ عنہના વાલેદા મોહતરમા હઝરત સૈયદા રાસ્તીઅમ્મા સાહેબા رضی اللہ عنہاનો ઉર્સ શરીફ માહે રજબ ચાંદ–૧૬ અને અંગ્રેજી તા. ૧૧–૮–૨૦૦૬ના રોજ શાનો શૌકતથી મનાવવામાં આવશે. બપોરે મોટી આમ ન્યાઝ થશે, સાંજે ૬ વાગ્યે દરગાહ શરીફમાં જુલૂસની સાથે સંદલ મુબારક લાવવામાં આવશે, ઈશાની નમાઝ બાદ કુર્આનખ્વાની, કુલ શરીફ, મીલાદ શરીફ તથા વાએઝના પ્રોગ્રામ થશે, સવારે ૪ વાગે મઝાર શરીફનું ગુલાબ જલ તથા અત્તરથી ગુસલ આપી સંદલ, ફૂલ, ગિલાફ, ચાદર પેશ કરવામાં આવશે.

*–સૈયદ હસનઅલી મુહમ્મદમિયાં હુસૈની (માપલ્લી, તા. ઉંઝા)*

**ઊંઝા :** સૈયદ મુહમ્મદ મિયાં હાજી મોટામિયાં હુસૈનીના લડકા હસનઅલીના ઘરે દીકરા હાશિમ અલીના જન્મની ખુશીમાં "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૧૦૧/– લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ! ★

**અલીઆબાડા :** (જિ. જામનગર) ખાતે જનાબ દાઊદભાઈ નૂર મામદ રઝવી થકી બરકાતે ખ્વાજા (માસિક)ના ૧૨ ગ્રાહકો રિન્યુ થયાં તથા ૨ નવાં ગ્રાહકો નોંધાયાં છે. જઝાકલ્લાહ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ જશ્ને શાહે આલમ رحمۃ اللہ علیہ ★

**હાડગુડ :** ખાતે જામા મસ્જિદ હઝરત શાહે આલમ رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર ઈજતેમા રાખવામાં આવ્યો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સૈયદ દસ્તગીર સાહબે નઅત શરીફ પેશ કરી હતી, અને શાને શાહે આલમમાં જનાબ હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી સાહબે શાનદાર બયાન કર્યુ હતું. અંતમાં સૈયદ અમરુલ્લાહ બાપુએ દુઆ કરી હતી.

**કિલ્લાપારડી :** જામા મસ્જિદના ટ્રસ્ટી જણાવે છે કે તા. ૨૩/૬/૨૦૦૬ જુમ્આના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ મૌલાના મોઈનુદ્દીન સાહબ રઝવી (અમદાવાદ)નો તકરીરનો શાનદાર પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો.

## ★ શાદી મુબારક થજો ! ★

**કાવી :** થી માસ્તર સુલેમાન ઈસા દોલા જણાવે છે કે અમારા નેક લડકા મુહમ્મદહુસૈનની શાદી ઈસ્લામી તા. ૧૧ જમાદીઉલ આખર અંગ્રેજી તા. ૮/૭/૨૦૦૬ના રવિવારના કોઠી (વાંતરસાના) જનાબ મુહમ્મદ હાજી વલીની નેક દુખ્તર શબનમ (બાનુ) સાથે ઝહોર બાદ નગીના મસ્જિદમાં નિકાહખ્વાની રાખવામાં આવી હતી. તે ખુશીમાં હું "બરકાતે ખ્વાજા" (માસિક)માં રૂા. ૧૦૧/– રવાના કરું છું જે સ્વીકારી દુઆએ ખૈર કરશો. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**ખોજબલ :** હાફેઝ મહબૂબ ખોજબલવાલા તા. ૩/૬/૨૦૦૬ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તેમના ફરઝંદો તરફથી ઈસાલે સવાબ અર્થે રૂા. ૧૦૧/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા તઆલા તેના પ્યારા હબીબના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*